લખી તો કેવી લખી ? ઉશનસ્ કે જયંત પાઠકની ગઝલો તેનાં ઉદાહરણ છે. ઉમાશંકરને ય વડોદરામાં કહેવું પડયું હતું કે ''ગઝલમાં એવું તે શું છે કે આપણા કવિ સંમેલન મફતમાં યોજાય છે છતાં ભાવકો આવતા નથી અને મુશાયરામાં ટીકીટ લઈને ય સાંભળવા જાય છે ?'' આ વાત એટલે યાદ આવી કે તા. ૨૧મી ફેબ્રુઆરીના રોજ 'મુંબઈ સમાચાર'માં પ્રકટ થયેલી મુલાકાતમાં મધુરાયે પ્રિય કવિ કોણ ? એવા પ્રશ્નના ઉત્તરમાં એમ જણાવ્યું હતું કે ''કવિતાઓ વાચતો નથી. કવિઓની પર્સનાલિટીથી આનંદ આવે પણ કવિતા ફિક્કી લાગે. ઘણાં કવિઓ મારા મિત્રો છે પણ કવિતા વાચવાથી કદાચ ન રહે એવું બને. ગઝલ એ ગુજરાતી ભાષાનો મોટો ફ્રોડ છે.'' જો મધુરાય કવિતા વાચતા જ ન હોય તો મૂલ્યાંકન કઈ રીતે કરી શકે ? ગઝલો વાંચ્યા વિના જ - કેસ તપાસ્યા વિના જ ન્યાયાધિશ બની ન્યાય કરવો એ જ મોટો ફ્રોડ છે. મધુરાય પોતાના કોઈક લેખમાં આદિલની ગઝલ વાંચ્યા વિના જ ટાંકી શકે એનાથી મોટો ફ્રોડ બીજો શું હોય ?

ગુજરાતી ભાષામાં અછાંદસ કવિતા લખનારાઓએ એવી પંક્તિઓ પણ લખી છે કે ''કોઈ વાર થાય/ આ વૃદ્ધોએ એક બીજાની પતંગ કાપી હશે/ કયારેક બસમાં બારી પાસે કોઈને જગ્યા આપી હશે / બપોરે મુઠિયાં માર્યા બાદ એમને ઝળઝળિયાં આવ્યાં હશે ! (નીતિન મહેતા) 'એક નગ્ન સુંદરીના સ્તનના પડછાયામાં માથું ખોસી આરામથી ઊંઘવા માંડયો હતો' કે પછી ''ગાંડી ભિખારણ સામે બેધ્યાનપણે જોતો સસ્તી સિનેમાની અભિનેત્રી પાસે હસ્તમૈથુન કરાવવાના ઈરાદાપૂર્વક હોલમાં ઘુસ્યો'', ''મુતરડીમાં લખ્યા શિશ્નની સત્તાના શિલાલેખ'' (ગુલામ મહંમદ શેખ) આવી પંકિતઓને ગુજરાતી ભાષાનું ગૌરવ કહી શકાય ખરી ? ગુજરાતી ભાષાની ગુજરાતી ગઝલથી અફેડ બનેલા ફ્રોગ અવારનવાર પોતાનું ડ્રાંઉ... ડ્રાંઉ... કર્યા કરે, ગઝલને સંખેડાનું ફર્નિચર કહે... છતાં... ગઝલના ઉત્તમ શેઅર ગુજરાતી ભાષાનું અને ગુજરાતનું ગૌરવ બનીને વિશ્વમાં છવાઈ રહ્યા છે. મરીઝ અદબ (સાહિત્ય અને શિસ્ત બંને) જાળવી કહે છે :

**એ હૂંફ લેવા જો આવે તો શું કરીશું 'મરીઝ'**
**હવે શરીરમાં ઠંડક ફરી વળેલી છે**

તો ઝફર ગોરખપુરી કહે :

**વો તુમ્હારા લમ્સ એક પત્તા હૈ ઊંચી ડાલ કા**
**હાથ પહોંચે તક તો મૌસમ દુસરા આ જાયેગા**

(તમને સ્પર્શ કરવો એ તો ઊંચી ડાળખીના પાંદડાંને સ્પર્શ કરવાના પ્રયાસ જેવું છે મારો હાથ ત્યાં સુધી પહોંચશે ત્યાં લગીમાં તો ઋતુ બદલાઈ ગઈ હશે.)

મેં ઉપર ટાંકેલી અછાંદસની પંક્તિઓ અને ગઝલના આ શેઅર બંનેમાંથી ભાષાનું ગૌરવ શેમાં જળવાય છે ? એ ભાવકો નક્કી કરશે. ગઝલવિરોધીઓનું ડ્રાંઉ... ડ્રાંઉ સાંભળીએ એના કરતાં ચંદ્રકાંત શેઠ જેવા ઉત્તમ સર્જકે દેડકીને ઉદ્દેશી લખેલી પંક્તિઓ સાંભળો.

બેસ, બેસ, દેડકી ! / ગાવું હોય તો ગા, / ને ખાવું હોય તો ખા; / નહી તો જા... ■



સંપાદક :
શકીલ કાદરી

ગઝલની સાચી વિભાવનાને વરેલું ત્રૈમાસિક

# શહીદે ગ઼ઝલ

વર્ષ : ૨ અંક : ૪ માર્ચ - મે ૨૦૦૯ સળંગ અંક : ૮

સંરક્ષકો :
નટવરલાલ પરમાર
ડૉ. પ્રતાપ પંડયા
ભુપેન્દ્ર શેઠ 'નીલમ'
અમીત ત્રિવેદી
સતીશ ડણાક

વાર્ષિક લવાજમ : દેશ માં રૂા. ૨૦૦/-; પરદેશમાં રૂા. ૧૨૦૦
લવાજમ મોકલવાનું અને પત્રવ્યવહારનું સરનામું : મોહંમદ શકીલ એ. કાદરી
**MOHAMMED SHAKEEL A. KADRI**
ડી-૧૧૪, મધુરમ્ સોસાયટી, તાંદલજા રોડ, વડોદરા. ગુજરાત. ૩૯૦૦૧૨.
મો. ૯૮૯૮૮ ૩૪૮૮૯

માલિક, તંત્રી, મુદ્રક, પ્રકાશક : કાદરી મોહંમદ શકીલે
યાસ્મીન પ્રીન્ટરી, ૨૩, નાનજી ચેમ્બર, બહુચરાજી રોડ, વડોદરા ખાતે છપાવી
ડી-૧૧૪, મધુરમ્ સોસાયટી, તાંદલજા રોડ, વડોદરા ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

# અનુક્રમણિકા


સંપાદકીય ............................................................................ ૩
'લીલા'ના કવિની વિદાય - શકીલ કાદરી ........................................ ૫
બેગમ અખ્તર આજ ભી ... - મીનાક્ષી ચંદારાણા - અશ્વિન ચંદારાણા ............ ૯
મીલ કા પત્થર - દુષ્યંત કુમાર - મુધ શર્મા ........................................ ૧૭
અસ્તિત્વની વ્યથા અને અંતરાત્માની કથા એટલે - 'અડધો સૂર્ય' - દાન વાઘેલા .. ૨૧
ગઝલગત સૌંદર્યને વરેલી ગઝલો - સૉલિડ મહેતા .................................. ૨૩
સર્જન અને સંવેદન પ્રત્યેની 'અવિરત' નિષ્ઠા - શકીલ કાદરી ...................... ૨૬
પાંચ પાંખિયો હર્ષોલ્લાસ - ગુલામ અબ્બાસ 'નાશાદ' ............................ ૩૧
ઝિન્દગી અપની જબ ઈસ શકલ સે ગુઝરી ગાલિબ - મુર્તુઝાખાન પઠાણ ......... ૩૫
ગઝલો ................................................................................ ૩૮
સાહિત્ય વૃત્ત ........................................................................ ૬૫
શહીદે ગઝલના સંરક્ષક (એક પરિચય) ............................................ ૬૯


*ખાસ સુચના : (૧) 'શહીદે ગઝલ' માટે મૌલિક કૃતિ જ મોકલવી. (૨) કૃતિ અંગેની તમામ પ્રકારની જવાબદારી તે મોકલનાર/સર્જકની છે. (૩) કૃતિમાં વ્યકત થયેલા વિચાર, ભાવના, લાગણી કે અર્થઘટન સાથે સંપાદક સંમત જ છે એવું, માનવું નહીં. (૪) લખાણ ફૂલસ્કેપ કાગળ પર જ લખવું. (૫) કૃતિના સ્વીકાર/અસ્વીકારની જાણકારી મળે એ માટે પોસ્ટ કાર્ડ મોકલવું. (૬) પુરસ્કારની કોઇ વ્યવસ્થા નથી. (૭) સમીક્ષા માટે પુસ્તકની બે પ્રત જ મોકલવી. (૮) પત્ર વ્યવહારમાં સરનામા સાથે ફોન-મોબાઈલ નંબર લખવો. (૯) કાર્યાલયે રવાના કરી દીધા પછી અંક ન મળે તો તેની જવાબદારી કાર્યાલયની રહેશે નહીં. (૧૦) તમામ કાયદાકીય વિવાદોના નિરાકરણનું અદાલતી ક્ષેત્ર વડોદરા રહેશે.*



# સંપાદકીય

ગુજરાતી ગઝલ !

Afraid frog અને Fraud

ગુજરાતી ભાષામાં ગઝલરચનાનો આરંભ થયો તેને આજે લગભગ સવાસો-દોઢસો વર્ષ થયાં. આ દરમિયાન બાલાશંકરથી માંડીને મધુરાયની ગલીના ચમનચક્રી સુધીના સર્જકોએ તેની પર હાથ અજમાવ્યો. એમાંના ઘણા એવા પણ છે જેમણે આરંભમાં ગઝલો લખવાના પ્રયાસ તો કર્યા પણ ફાવ્યા નહીં. પરિણામે ગઝલ અને ગઝલકારોને ગાળો આપવામાં કોઈ કસર બાકી ન રાખી. આ સમયગાળા દરમિયાન જ નિરાશામાં ડૂબેલા માનવીના જીવનમાં ચેતનાનો સંચાર કરે એવી 'કંઈ લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે' ગઝલ ગાનારા મણિભાઇ દ્વિવેદી મળ્યા. તાજેતરમાં જ તેમના જીવન પર આધારીત નાટક 'જલ જલ મેરે પતંગ' સુભાષ શાહે મુંબઈમાં ભજવ્યું. 'જયાં જયાં નજર મારી ઠરે' ગાઈને ગુજરાતી ભાષા અને પ્રજાને સૂફીઓના રંગે રંગનાર કલાપી પ્રાપ્ત થયા. આ પરંપરા આધુનિક કવિ સિતાંશુ સુધી 'સૂફી દોહરા' રૂપે પહોંચી. એવા જ નખશિખ સૂફીચેતનાના કવિ 'સાગર મહારાજ' દ્વારા 'દિવાને સાગર'ના બબ્બે દફતર મળ્યાં. અમૃત કેશવનાયકની નાટકોમાં બેતબાજી મળી. ખંડકાવ્યોના કવિ કાન્તે પણ ગઝલો લખી અને તે પણ યાદગાર ! 'જાશું જઈને મોતથી પંજો લડાવશું - મળશે સમય તો આપની મહેફિલમાં આવશું' જેવી ખુમારી પ્રકટ કરનારા ગઝલસમ્રાટ શયદાના યુગમાં એકથી એક ચઢિયાતા ગઝલકારોએ ગુજરાતી ભાષાને ગૌરવ અપાવે એવી ગઝલો આપી. દલપતરામ પછી કાવ્યક્ષેત્રે સુકતાનનો ભોગ બની સુકાવા માંડીને મરવા પડેલા હાસ્યરસને હઝલ સમ્રાટ બેકારે ગુજરાતી 'ધરતીનો ધબકાર' બનાવ્યો. બેકારના હાથના મુસા જેવા સ્પર્શથી હાસ્યકવિતા નવપલ્લવિત બની. અમીન આઝાદની ગઝલોએ ગુજરાતીઓમાં દેશદાઝની ભાવના જન્માવી. પાશ્ચાત્ય સાહિત્યના દલાલો જે કરી ન શકે એવું કાર્ય અમીન આઝાદે મુશાયરાના લોક આંદોલન દ્વારા કર્યું. આસિમ રાંદેરીએ મુશાયરાને જાહેર માર્ગ પરથી રેડિયો અને ટી.વી. પર લઈ જઈ ગૌરવ પ્રદાન કર્યું. આસિમે પાકિસ્તાન, કોલંબો, પૂર્વ અને દક્ષિણ આફ્રિકા, ઝાંઝીબાર, માડાગાસ્કર, મોરિશિયસ, અમેરિકા અને અરબસ્તાન જેવા દેશમાં પણ ગુજરાતી ગઝલ દ્વારા ગુજરાતી ભાષાનો ધ્વજ લહેરાવ્યો ... જે ગઝલો 'શમ્પા' અને 'બાંશી નામની છોકરી'એ પણ સાંભળી. જ્યારે મધુરાયની વાર્તા ન હતી ત્યારે જે કાર્ય કોઈ ગુજરાતી સાહિત્ય સ્વરૂપે સિદ્ધ ન કર્યું તે ગઝલ દ્વારા સિદ્ધ થયું. ગુજરાતી ગઝલ સાથે લીલા અમેરિકામાં મધુરાય કરતાં પહેલાં પહોંચી. ત્યાર બાદ ગુજરાતી ગઝલના સુવર્ણ યુગના ગઝલકારોએ એવી ઈર્ષાપ્રદ કીર્તિ મેળવી કે સૉનેટ કયાંય ખોવાઇ ગયું. વિષ્ણુપ્રસાદ જેવા વિવેચક પણ છળી ઊઠયા અને ગઝલને 'સ્ટીલ બોર્ન બેબી' તરીકે ઓળખાવી. ૧૯૬૦ પછી રાજેન્દ્ર, ચિનુ મોદી, મનહર મોદી, આદિલ, જવાહર બક્ષી, શ્યામ સાધુ, મનોજ ખંડેરિયા આદિ ગઝલકારોએ ગઝલની જે માવજત કરી એનાં પરિણામ આજે પણ જોવા મળે છે. હાયકુ-કાયકુ ? બની ગયાં. ડાબા હાથનો ખેલ સિદ્ધ થયા પણ કેટલાક સર્જકો ગઝલો ન જ લખી શકયા. અને

શિરાનીના કાવ્યોની યાદ અપાવે એવા 'લીલા'ના કાલ્પનિક પાત્રને પ્રિયપાત્રનું સ્થાન બક્ષનાર આસિમ રાંદેરીનું નામ શયદા યુગના અડિખમ અને ખમતીધર ગઝલકાર તરીકે અંકિત છે. 'લીલા', 'શણગાર' અનેક 'તાપી તીરે' સંગ્રહો દ્વારા તેમનું નામ અમર થઈ ગયું છે. આસિમ સાહેબ સંપૂર્ણ તગઝ્ઝુલના શાયર તરીકે પ્રસિદ્ધ છે તેમની ગઝલો અને નઝમોમાં પ્રણયરંગના શબ્દરૂપિ અને પુષ્પો ખીલેલાં મળી આવે છે. એક સમય એવો હતો જ્યારે તે ગુજરાતી મુશાયરાની શોભા ગણાતા હતા. ગુજરાતી ગઝલને લોકપ્રિયતા બક્ષવામાં અને પ્રસિદ્ધિ અપાવવામાં એમનું પ્રદાન નોંધપાત્ર રહ્યું છે. કયાંક ગુજરાતી ગઝલવિવેચકોએ આસિમના 'લીલા' સંગ્રહને અખંડ ખંડ કાવ્ય તરીકે ઓળખાવ્યું છે. પરંતુ વાસ્તવમાં 'લીલા'માં સમાવિષ્ટ કાવ્યો પરંપરીત નઝમના સ્વરૂપનાં છે. ગઝલના સ્વરૂપમાં તેમાં કાવ્યો છે તે મુસલ્લસલ ગઝલો છે. 'આસિમ'ની ગઝલોની એક ખૂબી એ છે કે તેમાં, હૃદય સોંસરવી ઉતરી જતી સરળ બાની પ્રેમ રૂપ લઈને અવતરી છે.

**પસંદ પ્રેમીઓને ન કાં હોય આસિમ**
**મોહબ્બતની ભાષા છે મારી ગઝલમાં**

**સુણાવીને ગઝલ આસિમ તમે સાબિત કરી દીધું**
**ગઝલ પણ એક સાધન છે ખરું ઊર્મિ વહન માટે**

આસમિની ગઝલો અને નઝમો કાવ્યશાસ્ત્રની દષ્ટિએ સાંકેતિક નહીં પણ અત્યંત બોલકી છે. તેમાં સરળતાનો ગુણવિશેષ રહેલો છે. માનવીય પ્રેમ તેમાં વર્ણવાયેલો હોવાથી તાજગીસભર અને વારંવાર માણવી ગમે એ પ્રકારની તે સિદ્ધ થઈ છે. તાપી કિનારાનાં દશ્યચિત્રો તેમનાં કાવ્યોમાં ઊડીને આંખે વળગે છે 'જૂઓ લીલા કોલેજમાં જઈ રહી છે' જેવા ગતિચિત્રો આધારીત નઝમને મનહર ઉદાસે કંઠ આપ્યો છે. જો કંકોતરી જેવી 'નઝમ'માં રહેલી પ્રેમજન્ય કરુણતા હૃદયને હલબલાવી નાંખનારી સિદ્ધ થાય છે.

આવા ગઝલકારનું તા. ૫મી ફેબ્રુઆરીના રોજ રાત્રે અવસાન થયું અને તેમની દફનવિધિ છઠ્ઠી ફેબ્રુઆરીના રોજ સવારે દસ વાગ્યે રાંદેરના કબ્રસ્તાનમાં કરાઈ હતી. તેમના અવસાન બદલ 'શહીદે ગઝલ' આઘાત અને શોકની લાગણી વ્યકત કરી મર્હૂમને ખુદા તઅલા જન્નતે ફિરદૌસમાં ઉચ્ચસ્થાન આપે એવી દુઆ કરે છે. ■

આ અંક સાથે 'શહીદે ગઝલ' બે વર્ષ પૂર્ણ કરી રહ્યું છે. આગામી અંકથી ત્રીજું વર્ષ શરૂ હોવાથી ગ્રાહક બનવા ઇચ્છતા ગઝલકારો લવાજમ મોકલી આપી સહકાર આપે એવી વિનંતી.



# 'લીલા'ના કવિની વિદાય

## ● શકીલ કાદરી

અરબસ્તાનમાં ઇસ્લામનો સિતારો ચમકયો એ પૂર્વેથી આરબો વ્યાપાર અને ધંધાર્થે ભારતના દરિયા કાંઠાના વિસ્તારોમાં આવતા હતા. દક્ષિણ ભારતના વિશાળ દરિયા કાંઠા ઉપરાંત તેમની દષ્ટિ સુરત શહેર અને તેની પાસેના રાંદેર નગર પર સ્થિર થઈ હતી. એ સમયે તાપી નદી ખૂબ જ ઊંડી અને વિશાળ પટ ધરાવતી હોવાથી રાંદેર બંદર તરીકે વિખ્યાત હતું. આ પ્રાચીન કસ્બા સાથે ઇસ્લામી ઐતિહાસિક પ્રસંગો સુસંકલિત છે તેમ ગુજરાતી ગઝલનો ઈતિહાસ પણ સંકળાયેલો છે. 'ગઝલ' શબ્દ અને અરબસ્તાન એક બીજાના પૂરક છે એમ રાંદેર અને ગુજરાતી ગઝલ એકબીજાના પૂરક છે. ઇસ્લામી ઇતિહાસમાં સુરત 'બાબુલ મક્કા' છે તો ગુજરાતી ગઝલના ઇતિહાસમાં રાંદરે અને સુરત 'ગઝલનું મક્કા' છે. એની પાછળનું કારણ સુરત અને રાંદરેમાં રહેનાર ગુજરાતી ગઝલાકરોએ કરેલી ગઝલ પ્રવૃત્તિ છે. આવી ગઝલ પ્રવૃત્તિ કરનારાઓમાં એક મુખ્ય નામ આસિમ રાંદેરીનું પણ છે. ઓગણીસો ચારમાં બીજી ડિસેમ્બરના રોજ રાંદેર ખાતે જન્મેલા આ ગઝલકારનું તા. ૫મી ફેબ્રુઆરીના રોજ રાત્રે લગભગ દસ વાગે નિધન થયું ત્યારે પરંપરાગત ગુજરાતી ગઝલની ઈમારતનો એક વધુ સ્થંભ જાણે ઢળી પડયો હતો. આસિમ સાહેબનું અવસાન થયું ત્યારે એમની વય ૧૦૪ વર્ષની હતી.

આસિમ રાંદેરીને ગુજરાતી ગઝલકારો ભલે ગુજરાતીના ગઝલકાર તરીકે ઓળખતા હોય પરંતુ તેઓ ઉર્દૂના પણ એટલા જ સારા ગઝલકાર હતા. ગઝલ પ્રવૃત્તિ ઉપરાંત અનેક સામાજિક પ્રવૃત્તિઓમાં તે પ્રવૃત્ત હતા. ગઝલકાર ઉપરાંત તે સારા લેખક પણ હતા. આજથી લગભગ સવા આઠસો વર્ષ પહેલાં રાંદેરના વેપાર વૈભવને કારણે નાયત આરબોએ અહીં વસવાટ કરી પોતાની વસાહત ઊભી કરી હતી. તેનો ઈતિહાસ પણ તેમણે આલેખ્યો છે. આ ઉપરાંત તેમણે નાયત વાડાની બડી જુમ્મા મસ્જિદનો ઈતિહાસ પણ પ્રકટ કર્યો છે. રાંદેરની જૂનામાં જૂની શૈક્ષણિક અને સામાજિક સંસ્થા અંજુમને ઇસ્લામનો ઈતિહાસ પણ તેમણે અત્યંત મહેનત અને ખંતપૂર્વક તૈયાર કર્યો હતો. આસિમ સાહેબને આ સાહિત્યિક રુચિ અને પરંપરા તેમના વડવાઓ દ્વારા પ્રાપ્ત થઈ હતી.

આસિમ સાહેબના પિતાનું નામ હાજી શેખ મહંમદ હતું. પરંતુ રાંદેરવાસીઓ તેમને 'મિયાં'ના હુલામણા નામે સંબોધતા હતા. અંજુમને ઇસ્લામની સ્થાપના કરનાર છ સભ્યોમાં તે અગ્રણી સભ્ય હતા. એમના યુગમાં એમની બિરાદરીમાં મેટ્રિકની

પરીક્ષા પાસ કરનાર તે પહેલા મુસ્લિમ હતા. તેમણે અનેક સ્કોલરશીપ મેળવી હતી. એમનો અભ્યાસ ને કાબેલયિત જોઈને રાંદરેવાસી શેઠ હાજી ગુલામ મોહંમદ આઝમ (અલ્લુશેઠ) તેમને પોતાની મુંબઈ ઓફિસમાં મેનેજર તરીકે લઈ ગયા હતા. અલ્લુશેઠના એક આરબ શેઠને અંગ્રેજી ભાષાના જાણકાર વ્યક્તિની જરૂર હોવાથી એ આરબ હાજી ફઝલ શેઠને ત્યાં ૧૯૦૮માં જિદ્દાહ ગયા હતા. ફઝલ શેઠના અવસાન પછી જિદ્દાહના નામાંકિત શાહ સોદાગર અને બ્રિટીશ ઈન્ડિયા નેવીગેશન કંપનીના એજન્ટ હાજી હુસૈન અલી રિઝાને ત્યાં મેનેજર તરીકે જોડાયા હતા. આરબો પોતાના મેનેજરોને મુન્શી તરીકે સંબોધતા હોવાથી તેમના નામની આગળ 'મુન્શી' લાગી ગયું હતું. તેમનો જન્મ ઈ.સ. ૧૮૭૧માં જયારે અવસાન ૧૪ એપ્રિલ ૧૯૨૬માં અરબસ્તાનના જિદ્દાહ ખાતે થયું હતું. જ્યારે આસિમ સાહેબના દાદા હાજી શેખ ઇમામ શેરભાઇ સુબેદાર હતાં. તેમનો જન્મ ૧૮૪૭માં અને અવસાન ૨૪મી ઓકટોબર ૧૯૨૪માં થયો હતો. રાંદરેમાં આજે જે સુબેદાર સ્ટ્રીટ છે એ એમના નામે જ બોલાય છે. આસિમ સાહેબના પરદાદા પુનામાં મરાઠા રેજીમેન્ટમાં ભરતી થયા હતા. તે નિડર ને બહાદૂર હોવાથી એમને સૌ 'શેરભાઈ' કહીને બોલાવતા હતા.

આવા ખાનદાનમાં તા. ૧૫-૧૦-૧૯૦૪માં જન્મેલા (કેટલાક ગઝલ વિવેચકો એ તેમની જન્મ તારીખ ૨-૧૨-૧૯૦૪ બતાવી છે પણ આસિમ સાહેબે પોતે ૧૫-૧૦-૧૯૦૪ લખી છે.) હાજી મહેમૂદમીયાં હાજી શયખ સુબેદાર ઉર્ફે આસિમ રાંદેરીની સાહિત્ય સેવા ગુજરાતી ગઝલ ક્ષેત્રે અજોડ ગણાય છે. રાંદેરની બડી મસ્જિદ પાસે આવેલી ગુજરાતી નિશાળમાં તેમણે પ્રાથમિક અભ્યાસ કર્યો હતો. આસિમ સાહેબનું ફારસી-ઉર્દૂ ભાષાનું જ્ઞાન તેમના ઉસ્તાદ જનાબ મુન્શી ઉમરખાન સાહેબ પાસેથી પ્રાપ્ત કર્યું હતું. તેમની પાસેથી જ તેમણે 'ઈલ્મે અરૂઝ'નું શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. આસિમ સાહેબની ઉર્દૂ ગઝલોની ઈસ્લાહ મુન્શી ઉમરખાન સાહેબ જ કરતા હતા. રાંદરેમાં આસિમ સાહેબના પિતા શ્રી હાજી શયખ મહંમદ ઇમામ સુબેદાર 'શયખ' ઉપરાંત સૈયદ મીર સાહબ મીયાં રિફાઇ 'નસીમ' મુન્શી મહેમૂદમીયાં અબ્દુલ અઝીઝ 'શમ્સ' અને મોઅલિલમ હુસૈનમીયાં અબ્દુર્રહમાન 'મોઅલ્લિમ' પૈકી 'શમ્સ'ને ત્યાં ઉર્દૂ-ફારસી ગઝલોની મહેફિલો જામતી હતી.

આસિમ સાહેબ વિદ્યાર્થી કાળથી જ સાહિત્યિક રસ-રુચિ ધરાવતા હતા. શાળા જીવન દરમિયાન તેમણે 'સાહસ' નામનું એક હસ્તલિખિત સામાયિક શરૂ કર્યું હતું. ત્યાર બાદ ૧૯૨૫માં રાંદરેથી 'સાદિક' નામનું સામયિક શરૂ કર્યું હતું જે લાંબા સમય સુધી ચાલ્યું હતું. આસિમ સાહેબ ત્યાર બાદ મુંબઈ ગયા ત્યારે ત્યાંથી 'લીલા' નામનું માસિક શરૂ કર્યું હતું. તેમણે ગુજરાત ઉપરાંત પાકિસ્તાન, કોલંબો, ઈસ્ટ આફ્રિકા,



ઝાંઝીબાર, માડાગાસ્કર, મોરિશિયસ, દક્ષિણ આફ્રિકા, તથા અમેરિકામાં પણ રેડિયો અને ટીવી મુશાયરાઓમાં ભાગ લઈ નામના મેળવી હતી.

રાંદેરમાં જ્યારે 'બઝમે ઉર્દૂ રાંદેર'ની સ્થાપના થઈ ત્યારે કરાયેલા ઉર્દૂ મુશાયરામાં આસિમ સાહેબ ખુમાર બારાબંકવી અને અસદ ભોપાલીને તેડી લાવ્યા હતા. જેમાં મુખ્ય મહેમાન તરીકે મુનાદી સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત સુરતના ગઝલકારોએ પણ ભાગ લીધો હતો. મુશાયરાના પ્રમુખસ્થાન ફના ટોંકી' સાહેબે શોભાવ્યું હતું. આ ઉપરાંત પણ અન્ય મુશાયરાઓમાં આસિમ સાહેબ જિગર મુરાદાબાદી, શકીલ બદાયુની, હકીમ હૈદર દહેલ્વી, સબા અફઘાનીને મુંબઈથી ખાસ લઈ આવ્યા હતા. ટીકીટ રાખીને મુશાયરા યોજવાનો યશ પણ આસિમ રાંદેરીને ફાળે જાય છે. ૧૯૫૩માં 'બઝમે ઉર્દૂ રાંદેર' તરફથી આવો મુશાયરો યોજવામાં આસિમ સાહેબની મુખ્ય ભૂમિકા રહી હતી. તેઓ ભારતના નામાંકિત ઉર્દૂ શાયરો સાગર નિઝામી, બેહઝાદ લખનવી, શેઅરી ભોપાલી, મહેશર અમરોહી, હસરત જયપુરી, વાકિફ મુરાદાબાદી, નઝર સિંહોરી, સરતાજ રહેમાની, સંજર મદ્રાસી, શૌક સાલિકીને લઈ આવ્યા હતા. ગુજરાતમાં બીજે કયાંય એવો મુશાયરો યોજાયો નથી જેમાં જિગર મુરાદાબાદી, બેહઝાદ લખનવી અને સાગર નિઝામી હાજર હોય. આ ત્રણેયને ગુજરાતમાં લઈ આવવાના માનના અધિકારી આસિમ સાહેબ હતા.

રાંદેરમાં યોજાતા ઉર્દૂ મુશાયરાઓમાંથી પ્રેરણા મેળવી ૧૯૩૧માં પહેલી સપ્ટેમ્બરના રોજ બેકાર રાંદેરીએ પોતાના અન્ય મિત્રો 'વહશી', 'નિશાર', 'ફના', 'ઓલિયા' અને 'ઉલ્ફત'ને સાથે રાખીને 'મુસ્લિમ ગુજરાત સાહિત્ય મંડળ'ની સ્થાપના કરી પાદપૂર્તિ મુશાયરાનું આયોજન કર્યું અને એવા સતત પાંચ મુશાયરા યોજાયા હતા. અને પછી તો ગઝલ મંડળો પણ રચાતા ગયા હતા. પરંતુ રેડિયો ઉપર સૌ પ્રથમ ગુજરાતી મુશાયરો રીલે કરાવવામાં આસિમનો ફાળો મુખ્ય રહ્યો હતો. ૨૦ ડિસેમ્બર ૧૯૩૬ની રાત્રે મુંબઈ રેડિયો સ્ટેશન ઉપરથી આવો સૌ પ્રથમ ગુજરાતી મુશાયરો રીલે કરાવવામાં આસિમ સાહેબનો ફાળો મુખ્ય રહ્યો હતો.

મોટા ભાગે વિદેશોમાં જ વસવાટ કરનાર આસિમ સાહેબ ૧૯૮૩ની ત્રીજી ફેબ્રુઆરીએ અમેરિકાથી રાંદેર પાછા ફર્યા ત્યારે તેમણે પારસી સજ્જન કે.જી. હાંસ બાવાજીને મળીને ગુજરાતી મુશાયરાની સુવર્ણ જયંતિની ઉજવણી કરવાની ચર્ચા કરી હતી. ત્યાર બાદ એક સમિતિની રચના થઈ હતી. પરિણામે ૧૧મી જૂન ૧૯૮૩ના રોજ રવિવારે રાત્રે રાંદેર ઈસ્લામ જીમખાનાના વિશાળ પટાંગણમાં ગુજરાતી મુશાયરાનો સુવર્ણ જયંતિ મહોત્સવ ધામધૂમપૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

ઉર્દૂ ભાષામાં કાલ્પનિક પ્રિયતમાને કેન્દ્રમાં રાખીને કાવ્યો લખનાર અખ્તર

અખ્તબરબાઈને બદલે 'બેગમ અખ્તર'ના નામે ઓળખાવા લાગ્યાં. પણ તેમની ગાયકી માટે આ લગ્ન નુકસાનરૂપ પુરવાર થવાનું હતું. ઈસ્તીયાક એહમદ અબ્બાસી પોતે સંગીત કે ગાયનના વિરોધી તો ન હતા, પણ ખૂબ જ રૂઢિચુસ્ત અને જુનવાણી વિચારના હતા. આથી એમણે બેગમના જાહેર ગાયનના કાર્યક્રમો અંગે નાખુશી વ્યકત કરી. બેગમ માટે ઘર અથવા કારકિર્દી એ બેમાંથી એકની પસંદગી કરવાની હોવાથી ન છૂટકે તેમણે પોતાની ગાયન કારકિર્દીને ઠોકર મારીને ઘરના ખૂણાને પસંદગી આપવી પડી.

પણ અંદરખાને તેઓ જરા પણ ખુશ ન હતાં, સંગીતના સાથ વગર તેઓ જાણે સાવ મૂરઝાઈ ગયેલા છોડ જેવાં થઈ ગયાં. સતત તેર વર્ષ સુધી એ એકદંડિયા વાસમાં સંગીતથી દૂર રહીને ઝૂરતાં રહ્યાં, અને છેવટે ગંભીર માંદગીમાં પટકાયાં. તેમના મિત્રો, સ્નેહીઓ તેમની પરિસ્થિતિ જાણતાં હતાં પણ ઈસ્તીયાક એહમદ પાસે સહુ લાચાર હતાં. આખરે તેમના મિત્રો અને ડૉક્ટરોએ ઈસ્તીયાક એહમદને ખૂબ સમજાવીને પ્રથમ માત્ર રેડિયો પર ગાવાની છૂટ અપાવી. રેકોર્ડીંગ પૂરું થયા બાદ બેગમ રડી પડયાં. રેડિયો પર તેમના દ્વારા ગવાયેલી ત્રણ ગઝલોએ એવી તો લોકપ્રિયતા મેળવી કે ના છૂટકે ઈસ્તીયાક એહમદે તેમને મહેફિલોમાં ગાવાની છૂટ આપવી પડી.

ફરી એક વખત બેગમ અખ્તરનું નામ સંગીતરસિકોના હોઠ પર ઝૂમતું થઈ ગયું. સફળતા તેમના કદમો ચૂમવા લાગી. એક પછી એક, એમ અનેક રેકર્ડ એની ગઝલો, ઠૂમરી, દાદરા સાથે સફળતાની સીડીઓ ચડવા લાગી. ગાયકીમાં બેગમની બરોબરી કરી શકે એવાં બહુ જૂજ નામો હતાં.

તેમની ગાયકીએ તેમને સંગીત નાટ્ય અકાદમીના પારિતોષિક અને પદ્મશ્રીની નામના પણ અપાવી. મરણોત્તર પદ્મભૂષણ પારિતોષિક પણ ખરું. ૧૯૯૪માં ભારત સરકાર દ્વારા તેમની યાદમાં ટપાલટિકિટ બહાર પાડવામાં આવી. તેમના ચાહકોમાં તો તેઓ 'મલેકા-એ-ગઝલ'' તરીકે જ જાણીતાં હતાં. ભારત અને પાકિસ્તાનના, મલ્લિકા પોખરાજ, મેંહદી હસન, રુના લૈલા અને સલમા આગા જેવા કેટલાયે ગાયકોએ તેમની ગાયકીની અસર હેઠળ ગાયું છે. સમયની સાથે સાથે તેમનો અવાજ પુખ્તતાની સાથે એટલો તો ઊંડાણભર્યો અને બેનમૂન બન્યો હતો કે તેમના અવાજના સૌંદર્યને કે તેમણે વિકાસવેલી ગઝલગાયકીને ભાગ્યે જ કોઈ સ્પર્શી શક્યું છે. તેમણે લગભગ ચારસો ગઝલો, ગીતો, વગેરે ગાયાં છે જેમાંનાં મોટા ભાગનાં તેમણે પોતે શાસ્ત્રીયરાગો પર આધારિત સ્વરબદ્ધ કર્યાં છે.

ભાગલા સમયે ફરી એક વખત સંગીત ચાહકોને તેમના ગાયનથી વંચિત રહેવાનો સમય આવ્યો હતો. તે સમયના વિભાજિત ભારત-પાકિસ્તાનના રાજકારણને કારણે



# બેગમ અખ્તર, આજ ભી....

● અશ્વિન અને મીનાક્ષી ચંદારાણા

**આ પડદા, આ શીતળ વાતાનુકૂલન, કેમ ઓગાળો છો તડકીલા તીખા મચમાં !**
**અરે ઓ અખ્તરી બેગમ ! ઘૂંટો છો કાં અલસ બપ્પોરને એક દર્દના લયમાં ?**

-મીનાક્ષી ચંદારાણા



ગઝલ શબ્દ કાને પડે, એની સાથે તરત જ બે નામ ગઝલના પર્યાય સ્વરૂપે માનસપટ પર અનિવાર્ય રીતે ઝબકી જાય. શબ્દો માટે મિર્ઝા ગાલિબ, અને સ્વરો માટે બેગમ અખ્તર. ગઝલના જાણતલ થવું હોય, તો આ બે નામોના જાણતલ થવું અનિવાર્ય ! અને બેગમનું નામ પડે એટલે ભલભલા ગઝલગાયકો ગાવાનું બંધ કરી, ઊભા થઈ, અદબ વાળીને કતારબંધ ઊભા રહી જાય ! બેગમનો સ્વર દૂરથી પણ કાને પડે એટલે ગઝલશોખીનો કાન સરવા કરીને અને આંખો બંધ કરીને, બધાં કામકાજ છોડીને, ડૂબી જાય એ મદહોશ કરી મૂકતા અવાજને સાંભળવામાં !

બેગમ અખતર ! ભાગ્યે જ કોઈ એવો ગઝલશોખીન જોવા મળે, જેણે બેગમ અખ્તરની ગઝલો સાંભળી ન હોય ! જેણે બેગમના અવાજની મધુરતા માણી નથી તેણે ગઝલગાયકીને જરાયે જાણી નથી. એવું કહેવામાં જરાયે અતિશયોક્તિ નથી.

તવાયફ શબ્દ આજે તેનો મૂળ અર્થ તો કયારનોય ખોઈ બેઠો છે. આજે તો તવાયફ શબ્દ બોલતાંની સાથે જ હિંદી ફિલ્મના મુજરા જેવા બીભત્સ નખરાંઓ કરતી સ્ત્રીઓના કોઠા યાદ આવે. પણ, વર્ષો પહેલાં મૂળે શાસ્ત્રીય સંગીત પર આધારિત ઠૂમરી, ગઝલ વગેરે ગાઈને રાજા-મહારાજા-નવાબોનું મનોરંજન કરનાર સ્ત્રીઓ સાથે આ શબ્દ જોડાયેલો હતો. જો કે ત્યારે પણ સ્ત્રીઓ સાથે સીધી રીતે સંકળાયેલો હોવાથી પુરૂષપ્રધાન સમાજમાં એ શબ્દ કંઈ ખાસ આબરૂ તો ધરાવતો ન જ હતો. પણ જેમ કમળ કાદવમાં જ જન્મ લેતું હોય છે, તેમ ઉત્તર પ્રદેશના નાનકડા ગામ ફૈઝાબાદમાં ઓકટોબર ૭, ૧૯૧૪ના દિવસે જન્મેલાં બેગમ અખ્તર, મૂળે તવાયફ કુટુંબનું ફરજંદ. એ કારણે બેગમનું મૂળ નામ અખ્તરીબાઈ ફૈઝાબાદી. તવાયફ કુટુંબ સાથે સંકળાયેલાં

હોવાથી સંગીત સાથે ગર્ભનાળથી જ નાતો. બહુ નાની ઉંમરથી જ તેમને સંગીત પ્રત્યે લગાવ થઇ ગયો હતો. સાતેક વર્ષની ઉંમર હશે ત્યારે, તે સમયની ગામેગામ ફરીને ગીતો ગાઇને લોકોનું મનોરંજન કરતી જાણીતી ગાયિકા ચંદ્રાબાઇની ગાયકીથી અખ્તરીબાઇ ખૂબ જ પ્રભાવિત થયાં હતાં. ગળું તો બહુ નાનપણથી જ કેળવાઈ ગયું હતું. પણ ચંદ્રાબાઇની જેમ પોતાના ગળાની નુમાઇશ કરીને ગઝલ શીખવાનો મનસૂબો પાર પાડે એ પહેલાં જ અખ્તરીબાઇના પિતાએ અચાનક જ કૌટુંબિક અસંતોષને કારણે અખ્તરીબાઇ અને તેમની માતાનો ત્યાગ કરી દીધો. હતાશ માતાએ મજબૂરીવશ, અખ્તરીબાઇને લઇને, પોતાના ભાઇને ઘેર 'ગયા' શહેરમાં આશરો લેવો પડયો. અખ્તરીબાઇનો સંગીતશોખ લાંબા સમય સુધી મામાના ધ્યાન બહાર ન રહ્યો. પણ એમણે અખ્તરીબાઇના ગઝલશોખની સાથોસાથ શાસ્ત્રીય સંગીતની તાલીમ પર ભાર મૂકયો. એમના આગ્રહને વશ થઈને પટણાના મશહૂર સિતારવાદક ઉસ્તાદ ઇમદાદખાન પાસે અખ્તરીબાઇની ગઝલની તાલીમ શરૂ થઇ. પણ થોડા સમયમાં જ તેમની માતાએ ગયાથી કલકત્તા સ્થાયી થવાનો નિર્ણય લીધો. પતિયાલા ઘરાનાના ઉસ્તાદ અતા મોહમ્મદખાન પાસે અખ્તરીબાઇની ગઝલની સાથોસાથ ઠૂમરી, ખયાલ, વગેરે જેવા ઉપશાસ્ત્રીય ગાયનપ્રકારોની સઘન તાલીમ શરૂ થઇ. આજે બેગમની જે ગઝલો સાંભળીને રેશમ-રેશમ થઇ જવાય છે એ તે સમયના, સાત-આઠ વર્ષની માસુમ ઉંમરમાં બેગમે કરેલા રોજના સાત-આઠ કલાકોના રિયાઝનું પરિણામ જ હશેને !

કલકત્તામાં અખ્તરીબાઇએ શાસ્ત્રીય સંગીતના મહારથી ઉસ્તાદ મોહમ્મદખાન, લાહોરના કિરાના ઘરાનાના ઉસ્તાદ વાહિદખાન અને ઉસ્તાદ ઝંડેખાન ઉપરાંત પતિયાલા ઘરાનાના ઉસ્તાદ બરકતઅલી અને લખનૌના ઉસ્તાદ રમજાનખાન પાસે પણ શાસ્ત્રીય, ઉપશાસ્ત્રીય અને ગઝલગાયકીનું શિક્ષણ મેળવ્યું. આગળ જતાં ઉસ્તાદ વિલાયતખાન પાસે ગાયન તેમજ પ્રસિદ્ધ સિતારવાદક અરવિંદ પરીખ પાસે સિતારવાદન પણ શીખેલાં.

અહીં સુધી તેમની ઓળખ ઉપરોકત ઉસ્તાદોના શાગિર્દ તરીકેની જ હતી. પંદર વર્ષની ઉંમરે એમણે પહેલી વખત કલકત્તામાં એક જાહેર કાર્યક્રમમાં ગાયું, અને એ સાથે જ ગાયકીના જગતમાં એ ઉન્માદ ફેલાઇ ગયો. એ પછીનાં થોડાં વર્ષો સુધી જાહેર કાર્યક્રમોની સાથોસાથ તેમનું સંગીતશિક્ષણ પણ સતત ચાલતું જ રહ્યું.

પણ વીસ વર્ષની ઉંમરે એક ઘટના બની. એ સાથે સંગીતજગતમાં એક વાવાઝોડું ફૂંકાયું. કલકત્તાના આલ્ફ્રેડ થિયેટરમાં એ સમયે ભૂકંપપીડિતોની સહાય માટે એક મોટો જલસો યોજાયો હતો. એ જલસામાં સંગીતજગતના મોટા અને જાણીતા ગાયકો ભાગ લેવાના હતા. સંજોગવશાત એ જલાસામાં કોઇ મોટાં માથાં ભાગ લેવા આવ્યાં નહીં ! જલસાના કાર્યકર્તાઓ મૂંઝાયા. જાણીતા સંગીતકારો-ગાયકો ન આવે તો



કલકત્તાની સંગીતપ્રેમી પ્રજા આયોજકોની ધૂળ કાઢી નાખે તેમ હતી. આથી આયોજકોએ આખાયે કાર્યક્રમની જવાબદારી અખ્તરીબાઇ ઉપર નાખીને હાથ ધોઈ નાખ્યા. પણ આયોજકો અને કલકત્તાની પ્રજાને અખ્તરીબાઈએ જરાયે નિરાશ ન કર્યા. દાદરા અને ગઝલોની જમાવટ દ્વારા અખ્તરીબાઇએ માત્ર વીસ વર્ષની ઉંમરે જાણીતા ગાયકોની ગેરહાજરી જરાયે કળાવા ન દીધી. પ્રજાના સતત આગ્રહને વશ, એ રાત્રે એ મંચ પર અખ્તરીબાઈનો બીજો જન્મ થયો જાણે ! પ્રજા એમનો અવાજ સાંભળીને એવી તો મદહોશ થઇ ગઇ, કે એ રાત્રે અખ્તરીબાઇ સિવાય બીજા કોઈ કલાકારને મંચ ઉપર ફરકવા પણ ન મળ્યું. લોકપ્રિય કવયિત્રી સરોજિની નાયડુએ એ રાત્રે તેમને પ્રશંસાનાં પુષ્પોથી નવડાવી દીધાં.

અખ્તરીબાઇએ પોતે પણ કલકત્તાની જનતાના સંગીતપ્રેમે વશ થઈને એ રાત્રે મન મૂકીને ગાયું. લોકો સામે પ્રથમ વખત એક અવાજે જાદુ ફેલાવી દીધો હતો. એ રાતની સફળતાએ તેમના માટે સંગીતના જલસાઓની સાથોસાથ અન્ય કારકિર્દીના દ્વાર પણ ખોલી નાખ્યાં. રેશમી અવાજની સાથોસાથ તેઓ એક સુંદર ચહેરો અને સુકોમળ દેહયષ્ટિ પણ ધરાવતાં હોવાને કારણે ફિલ્મ નિર્માતાઓની નજરમાં એક આદર્શ સ્ત્રી પાત્ર તરીકે તેઓ ઊભરી આવ્યાં. 'મુમતાઝ બેગમ', 'જવાની કા નશા', 'કિંગ ઓફ અ ડે', 'અમીના', 'રૂપ કુમારી', 'નસીબ કા ચક્કર', 'અનારબાલા', 'પન્ના દાઈ', 'દાના-પાની', 'એહસાન', 'નળ-દમયંતી', વગેરે ઉપરાંત મશહૂર નિર્માતા-દિગ્દર્શક મહેબુબખાનની 'રોટી' અને સત્યજીત રાયની 'જલસાઘર'માં તેમણે અભિનયનાં અજવાળાં સાથે તેમની ગાયકીનો લાભ આપ્યો. ફિલ્મો ઉપરાંત રંગમંચ પર પણ 'નઇ દુલ્હન', 'આંખ કા નશા', વગેરે નાટકો દ્વારા તેમણે અભિનય આપ્યો. મહેબૂબખાનની 'રોટી'માં તેમણે ગાયેલી છ ગઝલોમાંથી ત્રણ ગઝલો નિર્માતા અને નિર્દેશક વચ્ચેના ઝગડામાં હોમાઇ ગઇ હતી, જે રેકર્ડ પર આજે પણ સચવાઇ રહી છે. રોટી ફિલ્મમાં સિતારાદેવી સાથે તેમણે કામ કરેલું.

પણ ફિલ્મ અને નાટકોને તેમનો સાથ બહુ લાંબા સમય સુધી ન મળ્યો. આધુનિક ઉપકરણોના અભાવે રિહર્સલ દરમિયાન લાંબા સમય સુધી મોટા અવાજે બોલવાના શ્રમને કારણે એમના રેશમી અવાજને માઠી અસર પહોંચતી હોવાના કારણે તેમણે એ પછી માત્ર સંગીત માટે જ પોતાના ગળાને શ્રમ આપવાનો નિર્ણય કરી લીધો, અને ફરીથી સંગીતસાધનામાં લીન થઇ ગયાં.

પણ આ તબક્કે કંઇક એવું બની ગયું, જેણે બેગમના ગળાને થોડા સમય સુધી સંગીતથી દૂર કરી દીધાં. બન્યું એવું, કે ઉંમરલાયક અખ્તરીબાઇના લગ્ન લખનૌના એક બેરિસ્ટર ઇસ્તીયાક એહમદ અબ્બાસી સાથે થયા. આ લગ્ન સાથે, હવે તેઓ

સ્મશાનયાત્રા અને તેમની પ્રાર્થનાસભામાં ચુપચાપ બેસી રહેવા કે ભજન-ધુન ગાવા-વગાડવાને બદલે એ સમયે બેગમ અખ્તરની ગઝલોની કેસેટ વગાડીને પ્રકાશભાઇની અંતિમ સફરને બેગમમય બનાવી દીધી હતી !

મૃત્યુ વખતે હર્ષાબહેને પ્રકાશભાઇ પાછળ કોઈ ધાર્મિક-સાંપ્રદાયિક વિધિ ન કરી ! અને એક નેમ રાખી છે, કે જ્યારે શક્ય થાય ત્યારે, પણ એક વખત લખનૌ સ્થિત બેગમની મઝાર પર ચાદર ચડાવવા જવું છે. કોણ હિન્દુ ? કોણ મુસ્લિમ ? કલાપ્રેમ માણસોને કેવી કેવી રીતે માનવ બનવા પ્રેરે છે !

આજે પણ બેગમ અખ્તરનું નામ પડે, કે એમનો અવાજ કાને પડે, અને હર્ષાબહેનની આંખના ખૂણા પતિની યાદમાં ભીના થઈ જાય છે !!! અને આજેય એમના દીવાનખંડમાં બેગમની એ જ તસવીર ટાંગેલી છે ! પ્રકાશભાઇની પણ તસવીર ત્યાં જ છે ! હર્ષાબહેન કહે છે, 'આજે પણ એમની હાજરી અનુભવું છું...'. હર્ષાબહેન કોની વાત કરી રહ્યાં છે !? પ્રકાશભાઇની, કે બેગમની !?

**છાતીમાં ઘૂમરાતો ખાંસી જેવો ક્યારેક,**
**ક્યારેક બેગમ અખ્તર જેવો માણસ છે આ !**

- લલિત ત્રિવેદી

(પૂરક માહિતી : શ્રી હર્ષાબહેન દવે, શ્રી અરવિંદ શાહ, શ્રી બટુક દિવાનજી, શ્રી આર. સી. મહેતા)

■

આ અંક સાથે 'શહીદે ગઝલ' બે વર્ષ પૂર્ણ કરી રહ્યું છે. આગામી અંકથી ત્રીજું વર્ષ શરૂ હોવાથી ગ્રાહક બનવા ઈચ્છતા ગઝલકારો લવાજમ મોકલી આપી સહકાર આપે એવી વિનંતી.



અન્ય ઉત્તમ કલાકારોની સાથોસાથ બેગમના સંગીત પર પણ ગૃહમંત્રાલય દ્વારા રેડિયો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. પરંતુ રેડિયો સ્ટેશનના અધિકારીઓ અને સંગીતચાહક પ્રજાના સંયુક્ત પ્રાયસો દ્વારા સરકાર પર દબાણ લાવીને આ પ્રતિબંધ હઠાવવામાં આવ્યો હતો.

૧૯૭૪ના ઓક્ટોબર મહિનામાં અમદાવાદમાં એક સંગીત કાર્યક્રમ આપવા આવેલાં બેગમની તબિયત નાજુક જ હતી. પણ સંગીત પ્રેમી પ્રજાના આગ્રહને વશ થઈને તેમણે બમણા ઉત્સાહથી મંચ પર ગાયું. છેલ્લે ચૈતી ગાઇ 'સોવત નિંદીયા જગાયે, હો રામા...'. એ રાતના મીઠા ઉજાગરાનો શ્રમ તેમની સાથોસાથ સંગીત માટે પણ બહુ મોંઘો સાબિત થયો. જેમના આગ્રહને માન આપીને બેગમ અમદાવાદ કાર્યક્રમ આપવા આવ્યાં હતાં, બેગમના એ અંગત મિત્ર એવા નીલમ ગામડિયાના સાંનિધ્યમાં જ એમણે દેહ છોડ્યો. એમના દેહાવસાન સાથે ગઝલ ગાયકીના ક્ષેત્રે એક એવો શૂન્યાવકાશ સર્જાયો છે, જે આજે પાંત્રીસ-પાંત્રીસ વર્ષ વીત્યાં છતાં ભરી શકાયો નથી, પણ ખુદ બેગમ અખ્તર પોતે, પોતાની ગાયકી દ્વારા આપણી સાથે સદેહે હાજરાહજૂર છે એવું સૌ ગઝલ પ્રેમીઓ કબૂલશે.

બેગમના અવાજના આશિકોના, બેગમ સાથે સંકળાયેલા બેગમની ગઝલો જેવા જ બેનમૂન કિસ્સાઓ, દંતકથા લાગે તેવા અનેક આશ્ચર્યજનક કિસ્સાઓ પણ મોજૂદ છે.

ઉસ્તાદ મહમ્મદખાન એક વખત પોતાના નિવાસસ્થાને જામેલી મહેફિલમાં સિતાર પર મારુ-બિહાગ રાગ છેડી રહ્યા હતા. ગાયન દરમિયાન બારણા તરફ થઈ રહેલી હલચલ તરફ તેમનું ધ્યાન ગયું અને અચાનક સિતારવાદન થંભી ગયું. બારણામાં ઊભેલા એક યુવાન સન્નારીને આવકારીને એમણે ફરીથી સિતારવાદનને આગળ તો ચલાવ્યું, પણ સત્વરે એમણે સિતાર નીચે મૂકીને આવનાર સન્નારી, જે બેગમ અખ્તર હતાં, તેમને ગાવાની ફરમાયશ કરી. એમના આગ્રહને વશ થઈને દાઢના દુખાવાને અવગણીને પણ બેગમે ભૈરવી રાગમાં એક ઠૂમરી સંભળાવી.

આવો જ એક અન્ય કિસ્સો સહેજ જુદી રીતે તેમના ચાહકોને યાદ છે. રાજકોટ શહેરમાં બેગમ અખ્તર એક જાહેર કાર્યક્રમમાં ગઝલો સંભળાવી રહ્યાં હતાં ત્યારે તેમની નજર બારણાં તરફ ગઇ, અને એમનું ગાયન થંભી ગયું. શ્રોતાઓ પણ અચાનક આવી પડેલા વિશ્રામને આશ્ચર્ય સાથે જોવા લાગ્યા. અચાનક બેગમનો અવાજ સંભળાયો, 'આઇયે કાન્તિભાઇ...' અને પછી તરત જ અટકી પડેલ સંગીતને આગળ વધાર્યું. એ હતા કાન્તિભાઇ સોનછત્રા, જેની ઓળખ સંગીતજગતને આપવાની જરૂર રહેતી નથી.

રાજકોટના આ પ્રસંગે બેગમે પોતે વગાડવા માટે શ્રી વિમલ ધામીનું હાર્મોનિયમ પસંદ કરેલું એ વાતને વિમલભાઇ બહુ પ્રેમથી આજે પણ યાદ કરે છે.

બેગમ મુંબઈમાં હોય ત્યારે અચૂક 'હૉટેલ સી-ગ્રીન'માં જ ઉતારો હોય. કેપ્સ્ટન સિગારેટ ઉપરાંત જીન એમના શોખની બીજી ચીજ !

ઉસ્તાદ આમીરખાં સાથે એટલા તો નિકટના સંબંધો, કે ઉસ્તાદને એમનાં પત્ની સાથે અણબનાવ થયો, તો બેગમે બંને સાથે હૉટેલ સી-ગ્રીનમાં સમાધાન માટે બેઠક રાખી હતી. ઉસ્તાદ આમીરખાં અવારનવાર બેગમ પાસે આગ્રહપૂર્વક ઠૂમરી ગવડાવતા.

પ્રસિદ્ધ ગાયિકા એમ. એસ. શુભલક્ષ્મી માટે બેગમને ખૂબ જ માન. નર્તકોમાં સિતારાદેવી, અચ્છન મહારાજ, લચ્છુ મહારાજ અને શંભુ મહારાજ માટે પણ એમને એટલો જ આદર, અભિનેત્રી નરગિસની માતા જદ્દનબાઇ, બેગમ અખ્તરનાં માતા મુશ્તરીબેગમનાં બહેનપણી. એ નાતે નરગિસ સાથે એમનો નિકટનો પરિચય. લતા મંગેશકર, મહેબૂબ, સરદાર અખ્તર, સોહરાબ મોદી, ચંદ્રમોહન વગેરે એમના નજીકના મિત્રો. તે ઉપરાંત કૈફી અને શૌકત આઝમી સાથે એમનો નિકટનો પરિચય. ખૈયામ, શોભા ગુર્તુ, પંડિત જસરાજ, બડે ગુલામ અલીખાં જેવા મહારથીઓ એમના બહુ સારા મિત્રો. જિગર મુરાદાબાદી તો લખનૌ જાય ત્યારે બેગમને ત્યાં જ ઊતરતા. સુદર્શન ફાકિર, મિર્ઝા ગાલિબ, દાગ, સૌદા, મીર, સૈયદ અસગર હુસેન સાહેબ, વગેરે તેમના પ્રિય શાયર. પરંતુ એમની કૂણી લાગણીનો એક ખૂણો તો સંગીતકાર મદનમોહન માટે અલાયદો, અનામત ! કલાકો સુધી ફોન પર એમની સાથે લાંબી-લાંબી વાતો કરતાં રહેતાં !

બેગમ બહુ ઉદાર દિલનાં. એક વખત એમને પૈસાની જરૂર પડતાં બચુભાઇ રાજા, જે એમના નિકટના સંપર્કમાં હતા, તેમને પોતાની હીરાની વીંટી કાઢીને વેચવા આપી. બચુભાઈએ વીંટી લઈને એમને રકમ આપી. થોડા સમય પછી ફરીથી બચુભાઈને મળવાનું થયું ત્યારે જોયું કે પેલી હીરાની વીંટી તો બચુભાઈના આંગળીમાં જ હતી બેગમે પૃચ્છા કરતાં બચુભાઇએ સામો સવાલ કરતાં પૂછ્યું કે 'તમને પૈસાની જરૂર શા માટે હતી ?' બેગમે ખુલાસો કરતાં કહ્યું કે એમના નોકરની બીમાર દીકરીની સારવાર માટે તેમને પૈસાની જરૂર હતી. બચુભાઈએ હસતાં-હસતાં કહ્યું કે એમને આવી જ કંઈક ધારણા હતી, તેથી જ તેમણે વીંટી વેચવાને બદલે પોતાની પાસે જ રાખીને પોતે જ પૈસા આપેલા હતા. લ્યો તમારી વીંટી સંભાળો !

બેગમનના આ ચાહક બચુભાઈ અમદાવાદના છેલ્લા કાર્યક્રમમાં હાજર હતા. કાર્યક્રમ પૂરો થયા બાદ બચુભાઈ આવતીકાલે મળવાનો વાયદો કરીને ગયા. બીજા



દિવસે બેગમનો ભેટો થાય એ પહેલાં તો બેગમે વિદાય લીધી. બચુભાઇ છેલ્લી વિદાય માટે આવે તે પહેલાં તો બેગમનો મૃતદેહ લખનૌ જતા વિમાનમાં મુકાઇ ચૂકયો હતો. બચુભાઇની ખૂબ જ વિનંતી બાદ તેમને બેગમના આખરીદર્શન અને પુષ્પાર્પણ માટે વિમાનમાં જવા દીધા, ત્યારે બચુભાઇએ મનોમન કહ્યું, 'છેવટે આ રીતે પણ બીજા દિવસે મળવા આવી ગયો છું. બેગમ!' આ બચુભાઇ ઉર્ફે ચિતરંજનભાઇ રાજા પાસે બેગમ અખ્તરની રેકર્ડોનું એવડું મોટું કલેકશન, કે બીબીસીએ બેગમ અખ્તર પરની ડૉક્યુમેન્ટરી બનાવતી વખતે તેમને ઘેર જઈને રેકોર્ડિંગ કરેલું.

બેગમના અવસાનના સમાચાર રાજકોટના એક વર્તમાનપત્રના સહતંત્રીએ પહેલા પાના પર લીધા. વર્તમાનપત્રના તંત્રી હરસુખ સંઘાણી આ જાણીને અકળાયા, 'આવા ઓછા મહત્ત્વના સમાચાર પહેલા પાના પર કેમ લીધા ?'. સહતંત્રીએ અકળાઇને રાજીનામું આપવાની ધમકી સાથે કહ્યું, 'બેગમ અખ્તરના મૃત્યુના સમાચાર જેને મન મહત્ત્વના ન હોય એવા તંત્રી સાથે મારે કામ નથી કરવું !' એ સહતંત્રીનુ નામ શિવકુમાર આચાર્ય.

રાજકોટમાં એક દંપતી વસે. નામ હર્ષાબહેન અને પ્રકાશભાઇ દવે. બંને બેગમ અખ્તરના જબરા આશિક ! રાજકોટની સંગીતસભામાં બેગમનો કાર્યક્રમ. મધ્યાંતરમાં બંને બેગમને મળવા બૅકસ્ટેજમાં ગયાં. બેગમે આદત મુજબ સિગારેટ કાઢી. પ્રકાશભાઇએ લાઇટર કાઢીને બેગમની સિગારેટ સળગાવી આપી. હવે આ સમયે ઉપસ્થિત રમેશભાઇ ઠાકરે આ ક્ષણનો ફોટો ખેંચી લીધો. બીજા કોઇ નામી કલાકાર હોય તો ફોટોગ્રાફરને ખખડાવી કાઢે. પણ આ તો બેગમ. લખવનવી તહજીબ જાળવીને હસતાં-હસતાં બેગમે કહી દીધું, 'અખબાર મેં મત દેના, લોગ મુઝે ન સમઝ પાયેંગે...।

આ પ્રકાશભાઇ રસ્તે ચાલતા પણ જો બેગમનો અવાજ સાંભળવા મળે તો બસ, એમના કદમ અટકી જાય ! અને એમના આ બેગમપ્રેમનો પુરાવો એટલે હર્ષાબહેન-પ્રકાશભાઇનું ઘર જે માર્ગ પર છે, તે માર્ગનું, આ યુગલના પ્રયાસોને આભારી નામકરણઃ બેગમ અખ્તર માર્ગ.

ઘરના દીવાનખાનામાં જ બેગમની મોટી તસવીર લટકે. કોઈ પૂછે, કે કોની તસવીર છે આ ? તો તરત જ જવાબ આપે, 'મારી મા, મિત્ર, માશૂકા, બહેન... જે કહો તે આ જ છે' !

પ્રકાશભાઇની ઈચ્છા એવી, કે એમના મૃત્યુને આનંદ અને ઉલ્લાસથી ઉજવજો. 'શોક રાખશો નહીં. મૃત્યુ તો એક નવી સફર છે, તેનો શોક ન હોય ! હા, એ છેલ્લી સફરમાં બેગમ અખ્તરની ગઝલો સાંભળવા મળે તો સારું !' અને સાચે જ હર્ષાબહેને

ઉત્પન્ન આર્થિક અને સામાજિક વિષમતા દેશને રોજ બ રોજ પતનના માર્ગે દોરી રહ્યા છે આવી પરિસ્થિતિને દુષ્યંતકુમાર વ્યકત કરતાં લખે છે.

**''कल नुमायश में मिला वो चीथड़ें पहने हुए,**
**मैंने पूछा नाम, तो बोला कि हिन्दुस्तान है''**

દુષ્યંતકુમારની ગઝલો કોરી કલ્પના નથી એમણે જોયું હતું તે જ વ્યક્ત કર્યું છે. બીજા શબ્દોમાં કહીએ તો એ મુક્તમાર્ગી હતા. કટોકટી કાળ પૂર્વે દેશમાં શી પરિસ્થિતિ હતી ? એનું સાચું વર્ણન એમની ગઝલોમાં જોવા મળે છે. એ વખતે દેશમાં જીવન જરૂરી વસ્તુઓનો અભાવ હતો, સામાન્ય માણસ માટે જીવવાનું પણ મુશ્કેલ હતું એને વ્યક્ત કરતાં કવિ લખે છે કે :

**''यहां तक आते-आते, सूख जाती है कई नदियाँ**
**मुझे मालूम है पानी कहाँ ठहरा हुआ होगा''**

આપણા દેશમાં ૨૫-૩૦ વર્ષ પહેલાં શું પરિસ્થિતિ હતી અને અત્યારે કેવી પરિસ્થિતિ છે. ત્યારે નેતાઓ કેવા હતા અને અત્યારે કેવા છે એમની તુલના કરવી જોઇએ તો પરિસ્થિતિમાં કોઇ ફેર પડયો નથી. દુષ્યંતકુમારના શબ્દોમાં કહીએ તો :

**''तेरी जुबान है झुठी जम्हूरियत की तरह**
**तू एक जलील-सी गाली से बेहतरन नही ।''**

નેતાઓ કેવળ વાયદા કરે છે. અને સમયની સાથે પોતાના જ શબ્દો ભૂલી જાય છે. એ કડવું સત્ય છે.

એ સત્ય ને દુષ્યંત કુમારે પોતાના ગઝલ સંગ્રહમાં બહુ પ્રભાવશાળી રીતે રજુ કર્યું છે. સામાન્ય માણસની પીડા એની પોતાની પીડા છે. આ પીડાને વ્યક્ત કરવા માટે એમની ગઝલને પોતાનું માધ્યમ બનાવ્યું અને એમાં એ સફળ રહ્યા, ગઝલના ક્ષેત્રમાં એમનું યોગદાન અવિસ્મરણીય છે.

**''मुझमें रहते है करोडों लोग चुप कैसे रहूँ,**
**हर गज़ल अब सल्तनत के नाम एक बयान है ।''**

એમની ગઝલોની વાસ્તવિકતાની સાથે સાથે કટુ-વ્યંગ્ય પણ જોવા મળે છે. એમના વ્યંગ્ય પણ ધારદાર છે. એમની ગઝલોની પ્રશંસાનો કોઇ અંત નથી એમના શેર સાથે મારી વાત પૂરી કરુ છું કે :

**''मेरे सीने में नहीं तो तेरे सीने में सही हो**
**कहीं भी आग-लेकिन आग जलनी चाहिए''**

એમાં કોઇ સંદેહ નથી કે દુષ્યંત કુમાર હિન્દી ગઝલ ક્ષેત્રમાં 'મીલ કા પત્થર'' (Mile Stone) સાબિત થયા છે.



# *मील का पत्थर : दुष्यंतकुमार*

**● મધુ શર્મા**

ઉર્દૂ સાહિત્યની સૌથી ખૂબસુરત અને પ્રભાવશાળી વિદ્યા અગર કોઇ છે તો એ 'ગઝલ' છે ભારતીય સાહિત્યમાં પણ લોકપ્રિય થઇ. જેથી હિન્દી ભાષા સાહિત્ય પર એનો સ્પષ્ટ પ્રભાવ જોઇ શકાય છે. પણ ગઝલ પ્રારંભમાં પ્રેમ અને ઇશ્ક એવા વિષયો પર લખાતી હતી. પણ એ સત્ય છે જ્યારે દુષ્યંતકુમારે ગઝલ ક્ષેત્રમાં પદાર્પણ કર્યું ત્યારે સામાન્ય માણસની વાત એમાં જોવા મળી. એમની ગઝલોમાં સરળતા અને સહજતા છે જેના કારણે એ માણસ પર પોતાની છાપ છોડી જાય છે. દુષ્યંત કુમારની ગઝલોમાં વૈયક્તિકચેતના, સામાજિકચેતનાની સાથે સાથે રાજનીતિક ચેતના સ્પષ્ટ જોઇ શકાય છે. સામાન્ય માણસની પીડા જાણે દુષ્યંતકુમારની પોતાની પીડા છે એવી એણે ગઝલો લખી છે એટલે ગઝલ અને દુષ્યંતકુમાર એકબીજાના પર્યાય બની ગયા એમ લાગે છે. ગઝલ હોય અને દુષ્યંતકુમારનું નામ ન હોય એ કેવી રીતે બને ? હિન્દી ગઝલના પ્રમુખ હસ્તાક્ષર એટલે દુષ્યંતકુમાર.

આમ તો દુષ્યંત કુમારે નાટક, એકાંકી, ઉપન્યાસ અને કાવ્ય નાટક પણ લખ્યાં. જેમાં 'છોટે છોટે સવાલ', 'આંગન મેં એક વૃક્ષ', 'દોહરી જિંદગી' એમના પ્રમુખ ઉપન્યાસ હતા. એ સિવાય 'સૂર્ય કા સ્વાગત', 'આવાજોં કે ઘેરેમેં', 'જલતે હુએ વન કા વસંત'. એમાં ૪૫ કવિતાઓ સંગ્રહાયેલ છે, જેમાં દેશ પ્રેમ, ચિંતા, જનતા, દેશ, યુદ્ધ ઔર યુદ્ધ વિરામ કે બિચ, કહાઁ સે શુરુ કરેં, એક ચુનાવ પરિણામ એવી અનેક કવિતાઓ છે. જેમાં દુષ્યંતકુમાર દ્વારા રાજનીતિક અને સામાજીક વ્યંગ પરિલક્ષિત થાય છે.

પણ ૧૯૭૫માં એમનો ગઝલ સંગ્રહ પ્રકાશિત થયો તેનું નામ હતું 'દરખ્તોં કે સાયેમેં ધૂપ'' જ્યારે આ ગઝલ સંગ્રહ પ્રકાશિત થયો ત્યારે દુષ્યંત કુમારનું નામ ગઝલના ક્ષેત્રમાં સાચા અર્થમાં ''મીલ કા પત્થર'' (Mile Stone) બની ગયું એક સમય એવો હતો કે જ્યારે ગઝલમાં શૃંગારિક પરંપરા જોવા મળતી હતી, પણ દુષ્યંત કુમારે એ પરંપરા તોડી, ગઝલમાં સાધારણ માણસની, સામાજિક રાજનીતિક આક્રોશ અને હૃદયની માર્મિક અભિવ્યક્તિની વાત કરી. એમની ગઝલ દેશ અને સમાજની દુઃખદરાજનીતિક અને સામાજિક પરિસ્થિતિઓને વ્યકત કરે છે.

**''इस शहर में वो कोई बारात हो या वारदात,**
**अब किसी भी बात पर खुलती नहीं है खिडकियां''**

જ્યારે ભારત દેશને સ્વતંત્રતા મળી ત્યારે ઘણા બધા સ્વપ્નો જોયાં હતાં પણ હકીકતમાં એ સ્વપ્નો પૂરાં થયાં ? એ વાત એમના આ શેરમાં રજુ થાય છે.

''कहाँ तो तय था चिरागाँ हर एक घर के लिए,
कहाँ चिराग मयस्सर नहीं शहर के लिए ।''

દુષ્યંત કુમારની ગઝલો ખાલી મનોરંજન માટે નથી એમની ગઝલ સંપૂર્ણ રાજનીતિક અને સામાજીક વ્યસ્તાને પ્રસ્તુત કરે છે. આમ તો દુષ્યંત કુમાર નવી કવિતાના સમર્થક હતા. પણ સમય બદલાય છે અને એની સાથે વ્યક્તિની માનસિકતા પણ બદલાય છે. દુષ્યંતકુમારના શબ્દોમાં, 'મૈને અપની તકલીફ કો. ઉસ શદીદ તકલીફ કો જિસસે સીના ફટને લગતા હૈ, જ્યાદા સે જ્યાદા સચ્ચાઇ ઔર સમગ્રતા કે સાથ જ્યાદા સે જ્યાદા લોગોં તક પહુઁચાને કે લિએ ગઝલેં લિખી હૈ.' આ વાત તેમણે કમલેશ્વર સાથે એક ઇન્ટરવ્યુ દરમિયાન કહી હતી.

વાસ્તવમાં દુષ્યંત કુમારની ગઝલો સામાન્ય માણસ માટે જ હતી. એમનું માનવું હતું કે જીવનમાં સફળતા મળે એ જરૂરી નથી. પણ વ્યક્તિના હૃદયમાં આસ્થા હોવી જરૂરી છે. એક આશાવાદી દષ્ટિકોણ એમની ગઝલોમાં જોવા મળે છે.

''दुख नहीं कोई कि अब उपलब्धियों के नाम पर
और दुख हो या नहो आकाश सी छाती तो है ।''

એમની ગઝલોમાં દુઃખદપરિસ્થિતિયોને બદલવાની તાકાત છે. એમનું માનવું છે કે કોઈ પણ કામ અસંભવ નથી એના માટે માણસમાં ઇચ્છા-શક્તિ હોવી જરૂરી છે.

'कैसे आकाश में सुराख नहीं हो सकता
एक पत्थर तो तबीयत से उछालो यारों''

કેવળ સમાજિક, રાજનીતિક પરિસ્થિતિયોની ચર્ચામાં એમને રસ નથી, બલ્કે એમનો ઉદ્દેશ છે કે સંપૂર્ણ પરિસ્થિતિ બદલવી જોઇએ. જેથી સમાજમાં પરિવર્તન આવી શકે.

''सिर्फ हंगामा खड़ा करना मेरा मकसद नहीं,
मेरी कोशिश है कि ये सूरत बदलनी चाहिए''

કવિ પરિવર્તન ઇચ્છે છે. આશાવાદી છે. પણ એક બાજુ આસ્થા છે અને બીજી બાજુ આમ- આદમીની પીડા અને કસક એમના હૃદયમાં છે. આમ આદમીની જિંદગી કેવી થઇ ગઇ છે એનું એક ઉદાહરણ આ પંક્તિમાં મળે છે.

''ये सारा जिस्म झुककर बोझ से दुहरा हुआ होगा,
में सजदे में नहीं था आपको धोखा हुआ होगा ।''



એમની ગઝલ સંપૂર્ણ સમાજ ને પ્રતિબિબિંત કરે છે. સમાજમાં વ્યાપ્ત દુઃખ અને સુખ પોતાની ગઝલોના માધ્યમથી તે અભિવ્યક્ત કરે છે. દુષ્યંતકુમારનું માનવું છે કે દરેક વ્યક્તિના જીવનમાં સુખની અપેક્ષા દુઃખ વધારે છે. એટલે જ એ વ્યકત કરે છેઃ

''दुखों को बहुत संभालकर रखना पड़ा हमें,
सुख तो किसी कपूर की टिकिया सा उड़ गया''

ઘણી વાર એવું બને છે કે વ્યક્તિગત દુઃખ, ઘુટન, જલન, બેબસી દુઃખ એક એવી સામાજિક સ્થિતિ ઉત્પન્ન કરે છે જેથી વ્યક્તિ બીજી વ્યક્તિ પાસે કોઈ સારી આશા-અપેક્ષાની આશા નથી રાખતો. વર્તમાન પરિસ્થિતિમાં વ્યક્તિના હૃદયમાં એક બીજા પ્રત્યે કોઈ સહાનુભૂતિ નથી માત્ર સ્વાર્થના સંબંધો છે. એ વાતની અનુભૂતિ આ પંક્તિમાં થાય છે.

''यहाँ दरखतों के साये में धूप लगती है,
चलो यहाँ से चले और उम्रभर के लिए''

અહીં કવિ આંગણની વાત કરે છે અત્યારના સમયમાં એવી પરિસ્થિતિ છે કે કોઇ પણ વ્યક્તિને પોતાનું અસ્તિત્વ બચાવવા માટે સંઘર્ષ કરવો પડે છે. જે સાવ સામાન્ય વ્યક્તિ છે. એનો ઉપયોગ સ્વાર્થપૂર્તિ માટે કરવામાં આવે છે.

''जिस तरह चाहो बजाओ इस सभामें,
हम नहीं है आदमी हम झुनझने है''

પોતાની ગઝલોમાં સામાજિક અવ્યવસ્થાની અભિવ્યક્તિની સાથે-સાથે એક પરિવર્તન પણ ઝંખે છે. એમના વિચારોથી પરિવર્તન હોવું જોઇએ કારણ પરિવર્તનથી સમાજને એક નવી દિશા મળે છે.

''पक गई है आदतें, बातों से सर नही होगी,
कोई हंगामा करो, ऐसे गुजर नहीं होगी''

આમ આદમીની સાથે-સાથે દુષ્યંતકુમારે રાજનીતિક સમસ્યાઓ પર કટાક્ષ કર્યા છે. સામાન્ય માણસની સમસ્યાઓમાં કોઇને રસ નથી. પણ જ્યારે રાજનીતિક સ્વાર્થની વાત હોય ત્યારે પક્ષ અને વિપક્ષ એકી આવાજમાં બોલે છે. આના પર કટુ વ્યંગ્ય કરીને કવિ લખે છે.

''सामान कुछ नहीं है फटे हाल हैं मगर,
झोले में उसके पास कोई संविधांन है''

મનુષ્ય જીવનનો દરેક્ષ પક્ષ દુષ્યંત કુમારની ગઝલમાં વ્યક્ત થાય છે. એમની ગઝલોમાં, સામાજિક, રાજનીતિક અને વ્યકિતગત ચેતનાની સાથે-સાથે યથાર્થવાદી તત્ત્વો પણ દ્રષ્ટિપાત થાય છે. દેશમાં એક બીજા પ્રત્યે અવિશ્વાસ, આતંકવાદ એનાથી

ધાર કે મેં ગઝલને છોડી છે,
પણ ના, એના લગાવ ઊંડા છે.

ભસ્મ ચોળીને ગઝલ લખતો ગયો,
રસ્મ રોળીને ગઝલ લખતો ગયો.

સાંજ ગાળીને ગઝલ લખતો ગયો,
ઘાવ પાળીને ગઝલ લખતો ગયો.

લાખ ફેરામાં ગઝલ લખતો ગયો,
સર્વ ચેહરામાં ગઝલ લખતો ગયો.

આમ તો છે વારતા મારી ગઝલ,
આમ તો છે વારતાનો સાર પણ.

જિંદગી સાંપડી નઝમ જેવી,
ને ગઝલ શી સવાર દેખું છું.

આ કવિનો આજ પર્યંત એક પણ ગઝલસંગ્રહ પ્રગટ થયો નથી કે એમને ગઝલકાર તરીકે નવાજી શકાય એટલી વિપુલ સંખ્યામાં એમણે ગઝલો લખી પણ નથી. આમ છતાં 'મેં ઇચ્છાઓ સુકાવા મૂકી છે' કાવ્યસંગ્રહની હાથવગી સુદામાના તાંદૂલ જેવી ગઝલો આ કવિને ઊંડા લગાવથી સ્વપ્રતિભાના બળે ધાર્યું નિશાન તાકી આપે છે અને સામા કાંઠે ઊભેલા ભાવકોને પણ અનેકવિધ સંવેદનાઓના સંદર્ભમાં સંડોવે છે. આમ સમગ્રતયા કવિનું નીજી અનુભવ જગત ભાવક માટે પણ સંતર્પક નીવડે છે. પોતાની જ વાત થઇ રહી છે એવી ભાવાભિવ્યક્તિમાં ભાવકને ભીંજવતા કેટલાક શે'ર આસ્વાદીએ :

આપણે તાંદૂલ લઇ સાથે ગયા,
આવકાર કિસ્સા વિશે વાતો કરો.

મેંય એમાં મૌન લીધું સાંકળી,
વાત જ્યારે આજ તારી નીકળી.

હે પ્રિયે, તારી હથેળી હાથમાં,
એમ હું ભીનાશને મળવા મથું.

ભાગ મારે કેટલો થોડો સમય,
ગોષ્ઠિ એમાં ને વળી તકરાર પણ.



# અસ્તિત્વની વ્યથા અને અંતરાત્માની કથા એટલે - 'અડધો સૂર્ય''

● દાન વાઘેલા

કવિ કિસન સોસા 'અડધો સૂર્ય' સંગ્રહમાં એકસો બાર ગઝલ રચનાનો ગુચ્છ ધરે છે. જેમાં 'સૂર્ય' પ્રતીક અને એના સંદર્ભ સાથે જોડાયેલ એમનો મિજાજ અહીં અવનવા રંગમાં રમમાણ થઇને પ્રભાવક જણાય છે. વિશેષ સ્પષ્ટતા નોંધીએ તો અગાઉના 'સૂર્ય' પ્રતીક શીર્ષસ્થ સંગ્રહોના ધધખતા વિષય અને વેદના સાથેની ઊભરતી થોડીક ભારેખમ ભાષા અહીં મોટાભાગે નિર્મળ, નાજૂક અને વિશાળ પટે લાલિત્યના ભાવવિશ્વ સાથે વિહરતી જણાય છે. આક્રોશનું સ્થાન અંતસ્થ ઢબૂરાઇને અંતરાત્માના અવાજ સાથેના સહજ મિલન જેમ અર્થની અભિનવ છટામાં અહીં મળે છે. ભીતરનો વલવલાટ કે અજંપ અહીં ઊભરાતો નથી. પરંતુ જ્યાં નિરૂપાયો છે ત્યાં કાવ્યત્વના રમ્ય પરિણામોથી નિભાવ પામેલ છે. અભિવ્યક્તિમાં વિશેષ નાવીન્ય અને તાજગીની પણ જુગલબંધી પામી શકાય છે, જુઓ....

ચંદ્ર છે તો ચંદ્ર રાખ, દિન-બ-દિન ક્ષયમાં ન રાખ :
કટકે કટકે કત્લમાં, રાહુના ભયમાં ન રાખ. (પૃ. ૮)

પ્રસરી રહી છે શબ્દમાં સમજણ સુવાસ થઇ;
ફૂલોની જેમ ઊઘડી ચૂકેલું ભાન છું. (પૃ. ૧૯)

માથે મૂકીને કાચનો સામાન ચાલવું;
આ જિન્દગી મળી તો મળી છે હમાલની ! (પૃ. ૭૪)

સામાજિક અન્યાય પ્રત્યેની કવિની પ્રતિબદ્ધતાના પ્રમાણ ભાવકને મોટા ભાગના શેઅરમાંથી મળે છે. કવિ કિસન સોસા, લોકમાનસમાં ધરબાઇ ગયેલા જડતાના થરને પ્રભાવક સંકલ્પ અને તીવ્ર વિરોધના સંકેત સાથે પ્રસ્તુત કરવા કટિબદ્ધ છે. એથી આ ગઝલોમાં ફકત કલ્પનાવિહાર; પ્રણયરંગ કે મસ્તીનો મિજાજ નથી. કવિને ગઝલ સ્વરૂપ સાથે ગાઢ અનુરાગ હોવા સાથે અસ્તિત્વની વ્યથા અને આંતરિક સ્વાનુભૂતિનું પ્રબળ પરિમાણ ભાવ-ભાષાની નવ્ય વિભાવનાના સંકુલ તરફ ખેંચી જાય છે. આવા અનુભવોમાંથી જે પસાર થયા હોય કે કાવ્યભાવથી પામી શકે અથવા તાદાત્મ્ય અનુભવી શકે તો સુક્ષ્મતર - સોંસરું સમજાય તેવું છે જ. માણો :-

હરક્ષણે હરપળે ખખડાવ્યો મને;
દૂર રહીને ખૂબ અજમાવ્યો મને !

ટાઢ, વર્ષા, તાપમાં બેબાકળો;
જિન્દગીએ ખૂબ દોડાવ્યો મને! (પૃ. ૧૬)

એક અંગૂલિના વેઢા જેટલા દુશ્મન મળ્યા;
બાકી તો અઢળક મળ્યા છે શબ્દના ભાવક મને. (પૃ. ૧૦૬)

એકંદરે આ 'અડધો સૂર્ય' સંગ્રહમાં વૈચારિકતાનો ચકરાવો અને બૌદ્ધિકતાનો અંચળો નથી. પરંતુ વણખેડાયેલ વિષય અને સ્થિતિને સૂર્ય સંદર્ભથી નિરૂપવાનો સહજ અને સરળ કવિકસબ છે. જેમાં ઉન્મેષ; સંદેશ અને પરિવેશ સાથેના માધુર્ય, ઓજસ અને પ્રસાદના કાવ્યભાવ વણાયેલા છે. એથી લલિતક્ષેત્રના પારંપરિક કાવ્યસ્રોતથી કેળવાયેલા કાનને એમાં ભાવની બરછટતા અને કાવ્યમાં પ્રવેશતી જતી કર્કશતાનો અનુભવ પણ થાય. જે અમુક અંશે સાચું પણ હોય. ગઝલની ગઝલિયત સાથે નિસ્બત રાખેલ અરબી-ફારસી-ઉર્દૂ ભાષાના કેટલાક શબ્દ ભાવનિર્વહણમાં સમરસ થતા જણાય છે. પણ પાંચ શેઅરની સરખી ભાષાક્રીડામાં એકાદ અંગ્રેજી શબ્દ કબૂતરના ચબૂતરે ઘુસેલા કાગડા જેવો લાગે છે. ખેર. 'અડધો સૂર્ય' સંગ્રહમાં પૃષ્ઠ ૩ ઉપર એક પંક્તિ આમ મળે છે. ''કિસન સોસા રૂપે મિત્રો, જનમવાની મજા છે ઔર!'' કહેનાર આ કવિ મેઘધનુ, મોરલા, ટહુકા, શ્રાવણ; સ્વપ્ન ને રુમઝુમ સાથે પ્રણય અને સમયના અનેકવિધ કાવ્યકલ્પન આપે છે. ટૂંકમાં, કવિને ઘણું કહેવું છે અને ઘણું કહેવું નથી. છેલ્લે આ પ્રમાણ માટે માણો પૃષ્ઠ ૯૭ ઉપરનો શેઅર....

**કોણ એ દંશી ગયું હિમદંશથી અસ્તિત્વને;**
**કોણે દીધી ક્રૂર રિબામણ, કશું કહેવું નથી!** ■

આ અંક સાથે 'શહીદે ગઝલ' બે વર્ષ પૂર્ણ કરી રહ્યું છે. આગામી અંકથી ત્રીજું વર્ષ શરૂ હોવાથી ગ્રાહક બનવા ઇચ્છતા ગઝલકારો લવાજમ મોકલી આપી સહકાર આપે એવી વિનંતી.



# ગઝલગત સૌંદર્યને વરેલી ગઝલો

● સૉલિડ મહેતા

વાચતાંવેંત ગમી જાય અને હૃદયમાં વસી જાય એવી સરળતા કે સહજતા ગુજરાતી કાવ્યપ્રકારોમાં ગઝલ/સિવાય ભાગ્યે જ જોવા મળે છે, એવું માનવાના એકાધિક કારણો - તારણો ગુજરાતી ગઝલના શ્રી ગણેશ કરનારી બાલ-કલાપીની પ્રમુખ પેઢીથી માંડી છેક આજની નવોદિત જાતુષ-દર્શક સુધીની પેઢીના ગઝલકારોની ગઝલોમાંથી ઊડીને આંખે વળગે છે.

સાહિત્યિક સામયિકો કે अ, ब, क કવિના કાવ્યસંગ્રહોમાં ગઝલ દર્શન ન થાય તો જ નવાઇ! છેલ્લી વીશીના કવિઓ તો કાવ્યસંગ્રહને બદલે ગઝલસંગ્રહ આપવાનું જ વલણ ધરાવે છે. ગઝલ વિષયક લેખો અને આસ્વાદનું વ્યાપક વલણ ગઝલની લોકપ્રિયતા અને વિકાસનું દ્યોતક છે. ગઝલની પોતીકી ખુમારી અને આગવા મિજાજે ગઝલને આજે ઊંચા આસને બેસવાની અધિકારી બનાવી છે. ગઝલમય માહોલમાં 'ગઝલ' શીર્ષકથી લખાતી અને છપાતી ગઝલોની સંખ્યા પ્રમાણમાં વધી છે, પરંતુ ગુણવત્તા ઘટી છે એય હકીકત છે.

કવિ રમેશ આચાર્યના તાજેતરમાં (૨૦૦૮) પ્રગટ થયેલા 'મેં ઇચ્છાઓ સુકાવા મૂકી છે' કાવ્યસંગ્રહની પૃષ્ઠ ભીંતો (૩૨ થી ૭૬) ઉપર ગાયના છાણની ગાળ કરેલી ઑકળીની જેમ આળખેલી અને હજી દીવો બળે છે ની અનુભૂતિ કરાવતી આશરે ૪૫- પિસ્તાલીસ (એક અલગ સંગ્રહ થઇ જાય) તેટલી ગઝલોમાં એક ભાવક રૂપે રાજી થવાય એવા રસસ્થાનો અને નવોન્મેષો નિરાંતની પળોને રળિયાત કરી દે છે.

અમુક અપવાદોને બાદ કરતાં મોટેભાગે આપણે ત્યાં કવિ જે કાવ્યપ્રકાર વિશેષ રૂપમાં ખેડતો હોય તે કાવ્યપ્રકારના વાહક રૂપે કવિની ઓળખ ઊભી થતી હોય છે. જેમ કે સૉનેટ કવિ, ગીત કવિ, તાન્કા કવિ, હાઇકુ કવિ વિગેરે. આ કવિની ઓળખ એક અછાંદસ કવિ તરીકે થઇ શકે એટલી સંખ્યામાં સબળ અને પ્રબળ અછાંદસ કાવ્યો એમણે સાડા ત્રણ દાયકાની પ્રલંબ કાવ્યયાત્રા દરમિયાન આપ્યા છે. કોઇપણ કાવ્યપ્રકારમાં પાયાનું કવિકર્મ તો કાવ્યત્વને સિદ્ધ કરવાનું જ હોય છે, એ સૂત્રને સાર્થક કરવા આ કવિએ ગઝલને પણ સેવી છે, ઉપાસી છે. આપણી ભાષાના લબ્ધપ્રતિષ્ઠિત સામયિકો, સંકલનો અને સંપાદનોમાં સ્થાન પામેલી એમની ગઝલો તથા ગઝલ આસ્વાદના સંગ્રહ 'ગઝલની આસપાસ'માં એમણે કરાવેલા વિશિષ્ટ ગઝલ આસ્વાદ એમની ગઝલ પ્રત્યેની નિષ્ઠા-નિસબતને છતી કરે છે. કવિએ પોતે કરેલો એકરાર ભાવકને પણ ગઝલના નિબિડ ઊંડાણનો અનુભવ કરાવે છે.

વખાણવા લાયક છે. આવા કેટલાયે શેઅર દ્વારા તે ભરપૂર દાદ પ્રાપ્ત કરવા હકદાર બને છે.

**સમય બદલાય છે ત્યારે સમયની ધારણા બદલો,**
**પરિવર્તનની છે પહેલી શરત કે માન્યતા બદલો.**

**કહું છું કયાં હું કોઈને ધરમ બદલો ખુદા બદલો**
**નજર બદલો, સમજ બદલો, બને તો આસ્થા બદલો**

**બિમારી તો નહીં બદલાય એ જાણે છે ખુદ દર્દી**
**તબીબો ! વટને ત્યાગી દો, દુઆ સાથે દવા બદલો**

'નાશાદ' સ્વયં કેટલીક બાબતોમાં આજ સુધી દર્દી હતા. અઝીઝ કાદરીની સલાહને અનુસરી તેમણે થોડાક સમય સુધી 'ફાઝિલ' અને 'અબ્બાસ'ને ઉપનામે પણ ગઝલો લખી હતી.. પણ વર્ષો પછી 'ધારણા', 'માન્યતા', 'દિશા' અને 'આસ્થા'ને બદલી છે. તેમની ગઝલોમાં એટલે જ ઉત્સાહ પ્રેરક રંગ ભળ્યો છે... વેદનાનો વ્યાપ વિસ્તરવાને બદલે સંકુચિત થઇ ગયો છે.

**સામનો કપરી કસોટીનો હશે**
**હું અરીસા સામે હાજર થાઉં છું.**

**કોઈની પાસે હૃદય ખોલીને શું છે ફાયદો**
**મશ્કરીનો એક વિષય દિલની વ્યથા થઇ જાય છે.**

**ઉઠાવી હાથ જે શાણા છે કરગરતા નથી હોતા**
**દુઆઓથી કદી દુઃખના દિવસ ફરતા નથી હોતા**

બદલાયેલી સંવેદના અને અભિવ્યક્તિ રીતિ સાથે નાશાદની ભાષાનું પોત પણ 'અવિરત'ની ગઝલોમાં 'ઉઘાડ' પામ્યું છે. બાકી નાશાદની ગઝલોમાં આવો શેઅર ભૂતકાળમાં શોધ્યો ય જડે તેમ નથી.

**મોકળું મન રાખતાં પીડાઓ સવલત લાગશે**
**દૃષ્ટિ ટૂંકી હો તો માઇલસ્ટોન પર્વત લાગશે**

**આંખે ચશ્મા આવતાં તે પ્રશ્ન પૂછે છે નજર**
**કેમ માનવના હવે ચહેરાઓ વંચાતા નથી.**

ભક્તિમાં ઇશ્વરની સમક્ષ સંપૂર્ણ સમર્પિત થઇ જવું પડે છે. ભક્તિની એ પરિભાષાને 'નાશાદ' કઇ રીતે પ્રયોજે છે તે જુઓ :

**ઇશ્વરની સામે જાત-સમર્પિત કરી તો જો**
**પોતાને કો'ક રીતે સમજવાનું મન થશે**



**સાવ સાદું છે મારું ઘર આવો,**
**દ્વાર, ડેલી પછી ફળી આવે.**

**કાગળ આવેલો વાંચી જોયો મેં,**
**રદ્દી છે, ખૂબ છેકાછૂકી છે.**

ગઝલના પરંપરિત અને પ્રચલિત અર્થને અંકે કરતી બોલચાલની વાતચીતની ભાષા પ્રયુક્તિ તથા મત્લાના શે'રથી ગઝલની માંડણી કરવાની આવડત આ કવિની ગઝલોનો આગવો વિશેષ પ્રગટાવવામાં કારગત નીવડી છે. જીવન અને જગતને જે રીતે એમણે જોયું, માણ્યું, નાણ્યું અનેપ્રમાણ્યું તેનો સહજ આલેખ અહીં ગઝલસ્થ થયો છે. ભાર વગરની ભાષા અને ભાવની અનિવાર્યતા ગઝલની અસરકારકતાને બેવડાવે છે – તીવ્રાવે છે.

ચીલો ચાતરીને ચાલનારા આ કવિ છે એની પ્રતીતિ 'મેં ઇચ્છાઓ સુકાવા મૂકી છે' સંગ્રહના નામાભિધાનથી જ થઇ જાય છે. સંગ્રહની ગઝલના શીર્ષકો વર્તમાન અનુષંગે જ નહીં. પરંતુ અતીતના સંદર્ભે પણ એટલા જ અભિપ્રેતે અને સાંપ્રત ક્ષય-અક્ષય પ્રવાહોના એકધારાપણા વચ્ચે પણ સેતુ બનીને ગઝલવશ અનુસંધાન જાળવે છે. અત્ર તત્ર સર્વત્ર જોવા મળે છે એમ અહીં પણ ગ્રંથસ્થ ગઝલો મહદંશે ફાઇલાતુન-રમલ છંદ-બહેરના ખંડિત આવર્તનોમાં ઘુંટાયેલી છે. કદાચ કવિની આ મર્યાદા પણ હોઇ શકે.

નખશિખ ઉત્તમ ગઝલોની પ્રતીક્ષામાં વિસ્તરતી ક્ષણોની વચ્ચે ગઝલગત સૌંદર્યને વરેલી આ ગઝલો પાસે ઊભા રહેવાનું કોઇને પણ મન થાય એટલી આસ્વાદ ક્ષમતા આ ગઝલો ધરાવે છે એ ઓછા આનંદની ઘટના નથી. સંગ્રહની 'આસપાસ' ગઝલનો શ્રી રાધેશ્યામ શર્માએ કરાવેલો આસ્વાદ પણ કવિની ગઝલક્રીડાને ઉઘાડવામાં ઉપકારક બને છે. એક ગઝલમાં કવિ કહે છે –

**હું છું ને મારી ભાષા છે,**
**કૈંક થશે એવી આશા છે.**

કવિની આશા ફળો અને આપણને નિરંતર ઉત્તમ ગઝલો મળો એવી અંતરેચ્છાઓ અને શુભેચ્છાઓ સાથે 'મેં ઇચ્છાઓ સુકાવા મૂકી છે' સંગ્રહના અને ઝાલાવાડના પનોતા કવિ રમેશ આચાર્યનું ગઝલના દરવાજે ગઝલપૂર્વક સ્વાગત છે.

(મેં ઇચ્છાઓ સુકાવા મૂકી છે' (કાવ્ય સંગ્રહ) : રમેશ આચાર્ય, પ્ર. કૃતિ પ્રકાશન, બી-૧૨, માધવ એપાર્ટમેન્ટ, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭. પ્ર. આ. ૨૦૦૮, ડિમાઈ સાઈઝ, કાચું પૂંઠું, પૃ. ૮+૮૮=૯૬, કિં. રૂ. ૬૦/-) ■

# સર્જન અને સંવેદન પ્રત્યેની 'અવિરત' નિષ્ઠા

● શકીલ કાદરી

એક વાણિયણે કિશોર વયના પોતાના દીકરાને વાસણ લઈને ચાર આનાનું તેલ લઈ આવવા માટે મોકલ્યો. તેલ ખરીદીને પાછા ફરતા કિશોરે બરોબર દુકાનની સામે જ રૂપિયાનો સિક્કો પડેલો જોયો. જમીન પર પડેલો કલદાર જોઇને વાણિયાના લોહીની સાથે જ રગોમાં વહેતી વાણિયાબુદ્ધિ ઉછાળા મારવા માંડી. એક પળનો ય વિલંબ કર્યા વિના કિશોર કોઇને ખબર પણ ના પડે એ રીતે જાણી જોઇ બરોબર રૂપિયાના સિક્કા પાસે જ લપસી પડયો. સિફતપૂર્વક રૂપિયાના સિક્કાને મુઠ્ઠીમાં કેદ કરી લીધો. ચાર આનાનું તેલ ઢોળાયું. કિશોરને પડી ગયેલો અને તેલ ઢોળાઇ ગયેલું જોઇ દુકાનદાર ગલ્લા પરથી દોડી આવ્યો. રડમસ ચહેરાવાળા છોકરાને ઊભો કર્યો. ઘરે મા લડે નહીં એ માટે છોકરાને મફતમાં બીજું તેલ પણ આપ્યું. દુકાનેથી પાછો ફરતો કિશોર તો ખુશ ખુશ ! યુક્તિ સફળ થઈ ! ઘરે પહોંચી માને તેલ આપ્યું અને સાથે રૂપિયાનો સિક્કો ય આપ્યો. ધૂળથી ખરડાયેલા વસ્ત્રો અને રૂપિયો જોઇ માએ હકીકત પૂછી ત્યારે છોકરાએ કહ્યું ''રૂપિયો દુકાનની સામે જ પડયો હતો. બીજા ગ્રાહકો પણ દુકાન પર હતા. એમાંથી જ કોઇનો પડી ગયો હોય તો ? હું નીચો નમીને ઊંચકું તો કોઇ જોઈ જાય અને મારો છે એમ કહીને માગી લે. એમ ના થાય એટલે હું જાણી જોઇ લપસી ગયો. તેલ પણ પાછું મળ્યું અને રૂપિયો મળ્યો તે લાભમાં !'' આ સાંભળી માએ કહ્યું ''વાણિયાનો દીકરો લપસી પડે તોય લાભમાં !''

આ કથા વાણિયાઓની દૂરંદેશી અને કુનેહબુદ્ધિને પ્રકટ કરનારી છે. ઘટનાને નૈતિકતાની દષ્ટિએ મુલવવી જોઇએ. આ વાત આજે એટલા માટે યાદ આવી કે મુસ્લિમોમાં વેપાર અને ધંધા સાથે કુનેહ અને બુદ્ધિપૂર્વક જે પ્રજાએ વાણિયાઓની જેમ દરેક ક્ષેત્રમાં પ્રગતિ કરી હોય તેમાં દાઉદી વહોરા કોમ મુખ્ય છે. આ કોમ શાંત, સુઘડ અને મહેનતુ છે. આ ત્રણે ય ગુણ આ કોમના સર્જકો અને સાહિત્યકારોમાં પણ મળી આવે છે. ગુજરાતમાં આ કોમના ઘણા ગઝલકારોએ ગુજરાતી ગઝલની અવિસ્મરણીય સેવા કરી છે. પ્રથમ હરોળમાં મૂકી શકાય એવા ગઝલ સાધકો આ કોમે ગુજરાતને આપ્યા છે. મરીઝ, શેખાદમ, સૈફ, કુતુબ આઝાદ, કાબિલ ડેડાણવી, અકબર અલી જસદણવાળા, નઝીર ભાતરી, દિલખુશ, કાયમ હઝારી, તુરાબ, એસ. એસ. રાહી, ઉપરાંત ગુલ્બામ અબ્બાસ 'નાશાદ'નું નામ તેમાં ગૌરવપૂર્વક લઇ શકાય.

'નાશાદે' એક બે નહીં પુરેપુરા ઓગણત્રીસ જેટલાં પુસ્તકોનું આજ સુધી સર્જન કર્યું છે. એક ઉમદા સર્જક ઉપરાંત 'નાશાદ' અજાત શત્રૂ કહી શકાય તેવી પ્રતિભાના



સ્વામી છે. તેની છાપ 'નિરુપદ્રવી' ગઝલકાર તરીકેની છે. વડોદરામાં જોવા મળતી વાડાબંધીઓથી તે પર છે. તે Man of Relation છે. આ અજાતશત્રૂપદ મેળવવા અને જાળવવામાં તેને હિન્દુઓમાં વાણિયા અને મુસ્લિમોમાં દાઊદી વહોરા કોમમાં જોવા મળતી વેપારીબુદ્ધિ, દૂરંદેશી, શાંતિપ્રિયતા અને પરિશ્રમ લેખે લાગ્યા છે. એ એવો તો શાંતિપ્રિય સ્વભાવ ધરાવે છે કે કોઇ ગઝલકાર મિત્ર મિત્રતાની મર્યાદા વટાવી તેને ગાળ આપી જાય તો ય તેને માફ કરી તેનું સન્માન કરવામાં પોતાની ખાનદાની અને ગૌરવનો અનુભવ કરે છે. 'માફ કરવું' એના લોહીમાં વણાઇ ગયું છે. આ માત્ર પ્રશંસા માટે નથી લખી રહ્યો પરંતુ વડોદરાના ઘણા ગઝલકારો એના સાક્ષી છે. વેપારમાં જે કુનેહ અને બુદ્ધિથી આગળ વધી શકાય એવી જ કુનેહ, બુદ્ધિ, સર્જન પ્રત્યેની નિષ્ઠા અને સંવેદનથી તેણે સંબંધો અને સાહિત્ય બંનેનું જતન કર્યું છે. 'ગુંજારવ'થી આરંભાયેલી તેની આ યાત્રાનો ગ્રાફ સતત ઊંચે ને ઊંચે જઇ રહ્યો છે. આ ગ્રાફનો પ્રત્યક્ષ અનુભવ કરવા ગુંજારવ (૧૯૮૩), અણસાર (૧૯૯૧), ઊચાટ (૧૯૯૬), 'ભૂલી જાઉં તો કહેજો' (૧૯૯૭) 'ખંડિત અસ્મિતા', 'અવિરત' (૨૦૦૭) અને 'થાક લાગ્યો છે' (૨૦૦૯) તે ઉપરાંત તેના ગઝલનાં અન્ય પુસ્તકો 'ગઝલ શિરોમણિ મરીઝ', 'અસબાબ', 'અવસર', 'શૃંખલા'ની પ્રસ્તાવનાઓ વાંચવી જોઇએ. જેના દ્વારા Man of Relation ની તેને આપવામાં આવેલી ઉપમા કેવી સાર્થક છે તેનો સુખદ અનુભવ થાય છે.

આજે જ્યારે પ્રકાશકો ધંધાદારી અભિગમને કારણે ગઝલ કે કવિતાના પુસ્તકો પ્રકાશન માટે હાથમાં પણ પકડતા ન હોય અને પકડતા હોય તો કોણીએ ગોળ ચોંટાડે તેમ વર્ષો સુધી પ્રકાશિત કર્યા વગર મૂકી રાખતા હોય ત્યારે 'રન્નાદે પ્રકાશન' જેવી સંસ્થાએ એનો ગઝલ સંગ્રહ 'અવિરત' ૨૦૦૭માં પ્રકાશિત કર્યો છે. 'નાશાદ' માટે આ મહત્ત્વની સિદ્ધિ છે.

'અવિરત'માં ગુલામ અબ્બાસ 'નાશાદ'ની 'ગુંજારવ' પછી ગઝલની સાચી દિશા તરફની સીધી ગતિના દર્શન થયા વિના રહેતા નથી. ગઝલમાં સ્વરૂપની ચુસ્તતા તો હોવી જ જોઇએ, એ એની પ્રથમ શરત છે. આવી ચુસ્ત બંધારણવાળી ગઝલોનો મોટા ભાગે અહીં સમાવેશ કરાયો છે. દુઃસાધ્ય સરળ (સહલે મુમતનેઆ) એવા કેટલાય શેઅર આ સંગ્રહની શોભામાં અભિવૃદ્ધિ કરે છે. તદ્દન સરળ બાનીમાં લખાયેલી 'અવિરત'ની ત્રીજી જ ગઝલ, ગઝલનો સાચો મિઝાજ પ્રકટ કરવાની સાથે નાશાદની ગઝલકાર તરીકેની પુખ્તગીનો પરિચય આપે છે. ભૂતકાળમાં 'રોદણાં અને નિરાશા'ના ગઝલકાર ગણાયેલા 'નાશાદ'ની આ ગઝલ સંગ્રહ રૂપે પહેલી ઉપલબ્ધિ એ છે કે વેદનાનો વિસ્તાર કરવાને બદલે વેદનાઓના વર્તુળને નાનામાં નાનું કરીને માત્ર પૂર્ણવિરામ બનાવી દેવા તરફ તે ગતિમાન છે. આ સંદર્ભે તેના આ શેઅર માણવા, નાણવા અને

**એક આંસુ ઝળહળ્યું છે, કેટલા વર્ષો પછી ?**
**કોઇ મનગમતું મળ્યું છે, કેટલા વર્ષો પછી. (પૃ. ૩૫)**

આ પુસ્તકમાં ઘણાં એવા શે'ર મળે છે જ્યાં રોકાવું પડે છે, એમનો એક શે'ર છે.

**મારે નગરમાં એમ તો મિત્ર ઘણા ય છે,**
**પણ એ મને શું દોસ્ત માને છે ? સવાલ છે ! (પૃ. ૩૬)**

પુસ્તકમાં રજૂ થયેલા બીજા ગઝલકાર એક યુવાન સ્ત્રી છે, એટલે કવયિત્રી છે અને તેઓ કહે છે -

**ફૂલ, કૂંપળ, પાંદડા, તેં સાચવ્યાં, ને -**
**પાનખર વરસો વરસ મેં સાચવી છે. (પૃ. ૪૧)**

લક્ષ્મી ડોબરિયાની કૃતિઓમાં વિષાદ અને ફરિયાદનો સૂર મળે છે તો કયાંક એમની રેશમદોરીની ચાબૂક પણ વિંઝાતી માણવા મળે છે.

**અંતે કર્યો સંવાદ મારી જાતથી,**
**જાહેરમાં સૌ સાંભળે પરવા નથી (પૃષ્ઠ ૪૪)**

**લાગણી થઇ ગઇ હરણને તે પછી,**
**પ્યાસ મૃગજળની મને લાગી હતી. (પૃષ્ઠ ૫૮)**

વિરહની પીડા એ હદે વિસ્તરે છે માનવી પોતાની જાતને દોષી સમજી લે છે અને પછી આ પ્રકારની કૃતિઓમાં દર્દનું નિરુપણ સુનિયોજિત ઢંગથી કર્યું છે.

**દર્દ પીડાને ઉદાસીની હકીકત જાણવા,**
**જાહેરમાં સૌ સાંભળે પરવા નથી. (પૃષ્ઠ ૪૬)**

આખરે અસ્તિત્વ ને સામાન્ય વર્તન પ્રત્યે પણ એમની રજૂઆત સરસ રીતે થઇ છે, આખરે અસ્તિત્વનો સવાલ આવે એવી ગઝલની બે પંક્તિ છે.

**આખરે અસ્તિત્વને બે ભાગમાં વેંચી શકો**
**કયાંક લાગે જીવતું ને કયાંક લાગે લાશ છે. (પૃષ્ઠ ૪૬)**

પુસ્તકમાં ત્રીજા આ તરોતાજા યુવાન ગઝલકારનો શે'ર છે

**રોજ વસ્ત્રો હું ય બદલી આવું પણ,**
**કાયમી સ્વભાવ લઇને કયાં જવું ? (પૃષ્ઠ ૬૩)**



અસંખ્ય ગઝલ સંગ્રહો ફેંદી નાંખો પણ તમને 'બોઝલ' જેવો શબ્દ શેરમાં પ્રયોજાયેલો જોવા નહીં મળે. 'નાશાદ' એવા શબ્દો આપે છે. 'નાઇલાજી', 'શાંતિદૂતો', 'દેવદાસ', 'ઔચિત્ય', 'સુરમો', 'ઉત્થાન', 'મુખવટો', 'ઉત્તર અને દક્ષિણ ધ્રુવ', 'આત્મશ્લાઘા' એવા કંઇ કેટલાયે શબ્દો 'અવિરત'ની ગઝલોમાં એમની આભા સાથે પ્રયોજાયા છે.

**દાન વહેંચાયું જે ગરીબોને**
**આત્મશ્લાઘા હતી દયા ન હતી**

**શાંતિદૂતોને કહો 'નાશાદ' એવું ના કરો**
**કાર્ય જે મજબુરીમાં જલ્લાદ કરતા હોય છે.**

આ શેઅરોમાં 'આત્મશ્લાઘા' અને 'શાંતિદૂતો' શબ્દો આગંતુક નથી લાગતા, શેઅરોને શેરિયત પ્રદાન કરનારા નીવડે છે. 'શયદા' યુગના મહત્ત્વના ગઝલકાર મુનાદી સાહેબ ગુજરાતી ભાષાના ગૌરવ બાબતે ખૂબ જ સભાન હતા. શૂન્ય પાલનપુરીએ એમના વિશે એમ લખ્યું છે કે ''જનાબ મુનાદી સાહેબને પ્રયોગોનો બહુ શોખ હતો. તેમણે સામાન્ય નામને ક્રિયાપદમાં ફેરવવાના પ્રયોગો કર્યા હતા, જે તેમના પુરતા મર્યાદિત રહ્યા હતા. કારણ કે પ્રયોગ કાંઇ વિચિત્ર ભાસતા હતા.'' ભાષા સંદર્ભે આ પ્રયોગો 'નાશાદ'ના શેઅરોમાં ય હવે મળવા લાગ્યા છે. 'નાઇલાજ'નું 'નાઇલાજી', રઝળવું નું 'રઝળાઇ' તેના ઉદાહરણ છે જે વિચિત્ર લાગતા નથી.

**દુઃખ છે અંગત, દવા ય પોતાની**
**નાઇલાજી છે દુર્દશા મારી**

**રહે છે જ્યાં કોઇ ઇશ્વર એ ઘર બાજુ નથી ફરતી**
**ભલે લોકો કહે દુનિયામાં લો રઝળાઇ ગઇ આંખો**

વિચાર નાવીન્ય ધરાવતા બે શેઅર જુઓ. જેમ સચ્ચાઇને પાઘડી સ્વરૂપે રજૂ કરે છે. ગુજરાતીમાં પાઘડી સાથે ઘણા રૂઢી પ્રયોગો સંકળાયેલા છે. એમાંનો એક પાઘડી ફેરવવી રૂઢી પ્રયોગ છે. પરંતુ 'નાશાદ' પાઘડી ફેરવ્યા વિના સચ્ચાઇની તુલના પાઘડીના વળ સાથે કરે છે.

**ગૌરવ છતાંય લાગે તબાહી થયા પછી**
**સચ્ચાઇ પાઘડીના કોઇ વળ સમાન છે**

આંખે રક્તને થીજવી સપનાંઓનું વાવેતર કરનાર, સપનાં ઉગાડનાર આ સર્જક મીર તકી મીરના એક શેર જેટલી બુલંદી સુધી અનાયાસે જ લઇ જાય છે. આવી ઘટનાને આયાસ કહેવાનું મને એટલા માટે યોગ્ય લાગતું નથી કે વડોદરાના પ્રસ્થાપિત

ગઝલકારોમાં ડગલે પગલે મીર તકી મીરનું અનુકરણ આયાસ પૂર્વક થયું હોવાનું સંશોધન કરનારને મળી આવે, પરંતુ 'નાશાદ' એ બાબતે મીર તકી મીરના અનુગામી કહેવાય નહીં. આવો શેઅર એક અકસ્માત ગણાય.

**એ નૂર છે તો એને શું અજવાળું જોઈએ**
**મંદિર અને મસ્જિદમાં દીવા રોજ બળે છે**

તો મીર તકી મીર કહે છે :

**ઉસ કે ફરોગે હુસ્ન સે ચમકે હૈ સબ મેં નૂર**
**શમ્એ હરમ હો યા હો દિયા સોમનાથ કા**

(એના જ સૌંદર્યની આભાનું તેજ સઘળી વસ્તુઓમાં રહેલું છે. એ મક્કાની મસ્જિદ કાબાનો ચિરાગ હોય કે સોમનાથના મંદિરનો દીપ)

'નાશાદ'ના 'અવિરત' સંગ્રહની ઘણી ઉપલબ્ધિઓ છે. ડો. નરેશ વેદ જેવા ઉચ્ચકોટીના વિવેચકના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. કરી ડૉક્ટરેટ પ્રાપ્ત કરનાર સજ્જન, સાલસ અને નિરુપદ્રવી ગઝલવિવેચક - ગઝલકાર ડૉ. એસ.એસ.રાહી જેવાની પ્રસ્તાવનાએ આ સંગ્રહને ચાર ચાંદ લગાવ્યા છે. 'નાશાદ'ને આવેલો આ વિચાર 'સમય બદલાય છે ત્યારે સમયની ધારણા બદલો'ને સાર્થક કરે છે. ભાવકોને ગમી જાય અને પોતાની ઉસ્તાદી કયાંય ડોકાય નહીં એ રીતે ડૉ. રાહીએ 'નાશાદ'ને પ્રસ્તાવનામાં વિભૂષિત કર્યા છે. પોતે ગઝલગુરુ છે એવી ટિપ્પણીઓ કરવાથી તે અલિપ્ત રહ્યા છે. વડોદરામાં પ્રવૃત્ત ગઝલકારોથી એક અલગ 'નાશાદીય'' સ્થાન આ પ્રસ્તાવના અપાવે છે. જે અભિનંદનને પાત્ર છે. ડૉ. રાહી નોંધે છે, ''ગુલામ અબ્બાસના ગઝલ બાગમાંથી મેં તો થોડાંક ખુશ્બૂદાર ફૂલો ચૂંટીને તેનો ગુલદસ્તો બનાવવાનું કર્મ માત્ર કર્યું છે. એ ગઝલબાગમાં કદાચ એવા પણ ફૂલો હશે તે તરફ મારું ધ્યાન ન પણ ગયું હોય ! આ કામ ભાવકો-વાચકો કરી લેશે.''

'નાશાદ'ના 'અવિરત' સંગ્રહમાં પ્રુફ રીડીંગની ભૂલને કારણે કોઈ ભાવક તેને અન્યાય ન કરી બેસે એ માટે પૃ. ૬૧ પરની ગઝલના પાંચમાં શેઅરમાં જોવા મળતાં 'રાજદા' અને પૃ. ૭૩ પરની ગઝલના સાતમાં શેઅરમાં જોવા મળતાં 'આગળ' શબ્દમાં સાચા શબ્દો મૂકી આ બે શેઅર સાથે નાશાદને શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવું છું.

**કહે છે કોણ હળવું થાય છે દિલ પણ રુદનની બાદ**
**ઊઠું સજદાથી તો લાગે કે થઈ ગઈ છે કમર વાંકી**

**કદી સીધા વિધાનોમાં મળે ના શેરીયત કોઈ**
**ગઝલની આગવી ભાષા પ્રણયનું જ્ઞાન માગે છે** ■



# પંચ પાંખિયો હર્ષોલ્લાસ

## ● ગુલામ અબ્બાસ 'નાશાદ'

રાજકોટની સાહિત્ય સંસ્થા 'રચના'ના નવોદિત કક્ષાના પાંચ ગઝલકારોનો એક સંયુક્ત ગઝલસંગ્રહ ''શ્રી ગઝલ'' ત્રણેક વર્ષ પહેલાં પ્રકાશિત થયો છે. આ પાંચ સર્જકો છે : નિનાદ અધ્યારુ, દિનેશ કાનાણી 'પાગલ', રાજેશ મહેતા 'રાજ', લક્ષ્મી ડોબરિયા અને છાયા ત્રિવેદી. આ પાંચે ગઝલકારો યુવાન છે અને પ્રતિભાશાળી પણ. આ પાંચે ગઝલાકારોમાં એક સમાનતા છે કે તેઓ ઉત્સાહી છે, ગઝલ અને છંદને વફાદાર રહેલા જણાય છે અને દરેક સર્જક ગઝલમાં પોતીકો અવાજ રજૂ કરે છે.

નિનાદ અધ્યારુનો પરિચય એમની તસ્વીર નીચે રજૂ થયેલો શે'ર આપે છે.

**ગઝલો મહીં સુકૂન છે - આરામ છે મને,**
**તું મંત્ર-તંત્ર-ધ્યાનની વાતો ન કર હવે.**

અહીં ગઝલ-લગની અને દીવાનગી ઉજાગર થાય છે. નિનાદ અધ્યારુની ગઝલમાં પ્રેમની તરબતર ભાવના મળે છે અને આ દિશામાં એમની અનુભૂતિ અને અવલોકન સમાંતરે રજૂ થયેલા જોવા મળે છે.

**વર્ષાની વાત કરીએ, વાદળની વાત કરીએ,**
**તું આવે જો અહીં તો, કાજળની વાત કરીએ. (પૃષ્ઠ ૨૮)**

**છોકરો હરણું બની દોડયા કરે,**
**છોકરી પણ ઝાંઝવા જેવી હતી.**

**માત્ર કાજળને જ જોયું છે તમે,**
**આંખ એની વાંચવા જેવી નથી. (પૃષ્ઠ ૩૧)**

વળી કયાંક હઝલમાં પણ ગોઠવાઈ શકે એવા હળવાશભર્યા શે'ર પણ મળે છે.

**ધંધો ન કોઈ ગમતો, ના નોકરી ગમે છે,**
**કે જ્યારથી અમોને એક છોકરી ગમે છે. (પૃ. ૩૪)**

પ્રેમ સાથે નિનાદ અધ્યારુ વિષાદ વ્યકત કરવાની તક મળે છે તો એની પણ સબળ રજૂઆત કરી શકયા છે.

ના કેટલાંક સંસ્કરણોમાં ‘ઇસ શકલ સે’ ને બદલે ‘ઇસ રંગ સે’નો પ્રયોગ થયેલો પણ જોવા મળે છે. બન્ને રૂઢિપ્રયોગો પણ છે. ‘ઇસ શકલ સે’ નો પ્રયોગ રૂઢિપ્રયોગ તરીકે થયો હોઈ તેનો અર્થ દુઃખદ, દયનીય કે કંગાળ સ્થિતિ (wretched condition) થાય છે. કવિતામાં દુઃખનું નિરૂપણ નવી વાત નથી. ગાલિબ ‘શકલ સે’ની આગળ ક્રિયા વિશેષણનો પ્રયોગ કરી શબ્દખંડને ભારદર્શક (Emphatic) બનાવી, કોઇ વિશિષ્ટ રીતે જીવન વ્યતીત થયાની વાત કરે છે. તેઓ માત્ર જીવનના દુઃખ નહીં, પરંતુ દુઃખના અતિરેક કે તેના આધિકયની વાત કરે છે. આ માટે ગાલિબના જીવન પર દૃષ્ટિ કરવી પડે તેમ છે. ગાલિબનું જીવનપૃષ્ઠ ગાલિબ કહે છે તેમ ‘લખતાં લખતાં, કાગળ પર શાહી ઢોળાઇ જાય તેવું શ્યામ રંગી’ અર્થાત અતિ દુઃખ વિષાદપૂર્ણ કે ઘોર નિરાશાજનક છે.

ચાર કે પાંચ વર્ષની વયે પિતા, આઠ વર્ષની વયે જેમના આશ્રય હેઠળ જીવન હતું એવા કાકાની છત્રછાયા ગુમાવી. બંગડી વગરના માના સૂના હાથ એ તરવરતો ઉદાસ ચહેરો, તેર વર્ષની વયે પગમાં પડેલી લગ્નની બેડીઓ અને એ જીવનની જવાબદારીઓ, પાગલભાઇ યુસુફ અને તેના કુટુંબનો બોજ અને યુસુફના મૃત્યુનો આઘાત. પેન્શન બંધ થતાં તેની પુનઃ પ્રાપ્તિ માટેની દોડધામ અને સતત સંઘર્ષ છ સંતાનો થયાં પરંતુ એક પણ ન જીવ્યાની વેદના.

કારાવાસ દરિમયાન હોનહાર દત્તક પૂત્ર આરિફના અવસાનનો આઘાત. અભાવો, અપમાન અને કવિ પ્રતિભાની અવહેલના. દીર્ઘ સંઘર્ષ પછી દરબારી કવિનું સન્માન પ્રાપ્ત થયું પણ દિલ્હી દરબાર જ ઉજડી ગયો. ૧૮૫૭ના બળવાની લોહી ટપકાવતી પીડા, એક પછી એક મિત્રો, સ્નેહીઓ, હમદર્દો અને પ્રશંસકોની ચીરવિદાય અને હૃદય વલોવી નાંખતી એકલતા. આ છે ગાલિબની જીવનકથાના કાળા પૃષ્ઠો આ બધાનો સરવાળો ગાલિબે શીરો પંક્તિના એક શબ્દખંડ ‘ઇસ  શકલસે’માં મૂકી દઇ પોતાની કાવ્યદક્ષતાનો પરચો બતાવ્યો છે. આટલાં બધાં દુઃખોની વાત ગાલિબે રોજિંદી વાતચીતના અંદાજમાં, સંયમ પૂર્ણ રીતે, કડવાશ નહીં પરંતુ હળવાશપૂર્ણ રીતે મૂકી છે. આ તેમના ‘અર્ઝે હુનર’નો કમાલ છે.

બીજી પંક્તિમાં ગાલિબ દુઃખના પરિણામને દર્શાવી ગઝલની બે પંક્તિઓ વચ્ચે રહેલી તાર્કિક સુસંગતતા પુરવાર કરે છે. આવી સુસંગતતા ગઝલના આગવા લક્ષણોમાંથી છે. આ પંક્તિનાં શકય અર્થઘટનો નીચે પ્રમાણે છે, ‘‘અમે ય શું યાદ રાખીશું કે અમારે ય ખુદા હતો.’

આ પંક્તિના લહેજામાં હળવો પણ છુપો વ્યંગ જોવા મળે છે. આ વ્યંગ સાલસ (Frank) છે કટુ નથી, ઊભય પક્ષે છે.



દિનેશ કાનાણીની ગઝલોમાં સરળ અને સહજ પ્રવાહની ગતિ મળે છે.

**કાંઇ મારી હસ્તરેખામાં નથી,**
**આ ફકીરી હાલ લઈને કયાં જવું. (પૃ. ૮૨)**

**સ્હેજ મારા આંસુઓનો ભાર છે,**
**ડાળ ફૂલોની પ્રથમ સીધી હતી. (પૃ. ૮૦)**

દિનેશ કાનાણી ‘પાગલ’ના કેટલાક શે’ર બહુ ખૂબસુરત બન્યા છે.

**પત્ર પરથી એટલું સમજાય છે**
**એ મનોમન કેટલા ઉદાસ છે (પૃ. ૭૭)**

**શું કરું તારા નગરમાં આવીને,**
**કમનસીબી પાથરેલી હોય છે (પૃ. ૭૨)**

**સાંજ મારી એકલાની હોય છે**
**કયાં બધાંની આંખ છલકતી હોય છે**

દિનેશ કાનાણીના શેરોની મઝા માણવા ગઝલોમાંથી પસાર થવું જ રહ્યું.

છાયા ત્રિવેદી આ ગ્રંથનું ચોથું પુષ્પ છે. જેમની કૃતિઓને ‘શ્રી ગઝલ’માં સ્થાન મળ્યું છે તેઓ કહી રહ્યાં છે :

**પરીક્ષા ફૂંકની છે, અજમાવીને જો તું,**
**હું વાંસની પોકળતા લઈને ફરું છું - (પૃ. ૮૫)**

આ એક નવો વિચાર છે જેની રજૂઆત સારી ઇચ્છ છે. એમની ગઝલો પણ ભાવકોને આકર્ષે છે અને દર્દમિશ્રિત સુખના અહેસાસની રજૂઆત સંવેદનશીલ હૃદયને સ્પર્શે છે.

**પથ્થરની વસાહતમાં તું ભીનાશ પાથરી તો જો,**
**બસ એકાદ કૂંપળ સળવળે, તોય જીવી જવાશે. (પૃષ્ઠ ૧૦૪)**

**દર્પણનો ચહેરો કાં તરડાઇ ગયો ?**
**માણસ જેવો માણસ બદલાઇ ગયો ! (પૃ. ૧૦૨)**

છાયા ત્રિવેદી માનવીય સંવેદનની વાત બહુ સહજતાથી ભાવકો સુધી પહોંચાડે છે. શહેરમાં વસતા માનવીની એક પ્રકારની અવદશાનું શબ્દ ચિત્રણ છાયા ત્રિવેદીના સૂક્ષ્મ અવલોકનનો પુરાવો બની રહે છે.

હળવું ન ભળવું ન કરવી વાત, કેવું શહેર છે ?
ભીડમાં ખખડે વધે એકાંત, કેવું શહેર છે ? (પૃ. ૮૯)

જીવનની કટુતા તરફ દષ્ટિ કરવા મજબૂર કરે એવો એક સુંદર શે'ર પણ અહીં માણવા મળે છે.

**દોસ્ત એની લાશને રાખો બરફની પાટ પર,**
**જિંદગીભર જે સતત બસ આગમાં બળતો રહ્યો (પૃષ્ઠ ૯૯)**

**બે કિનારા જેમ જીવવું, ભાગ્યમાં છે આપણા,**
**બસ તડપવું ને તલસવું, આપણું અંજળ હશે. (પૃ. ૧૦૭)**

રાજેશ મહેતા 'રાજ'નો શેર છે જે પ્રિયપાત્રને તલસતા અંતરનો ઝૂરાપો રજૂ કરે છે. વિરહની દશામાં પ્રિયપાત્રનું સાંભરણ અને સુખના પ્રસંગનું સ્મરણ પણ કેવું વિષાદમય હોય છે :

**વરસો પહેલાં ગણગણતી એ ગીત, હવે તો -**
**તારા હોઠેથી સાંભળવું, કયાં સહેલું છે ? (પૃ. ૧૦૯)**

રાજ મહેતા 'રાજ'ની ગઝલોમાં જે પોતીકો અવાજ સંભળાય છે એ દર્દીલો જણાય છે. ભાવુક હૃદયની વ્યાકુળતાને સૌમ્ય અંદાજથી ગઝલમાં લાવવાનો પ્રયાસ અનુભવી શકાય છે, માણી શકાય છે.

**યાદ, ઉદાસી, પીડા, એકાંત ને ઉજાગરો,**
**બોલ કોને, કઇ રીતે તું આવતાં અટકાવશે. (પૃ. ૧૧૨)**

**સ્મિત તારું વારસાગત હોય તો -**
**દર્દ મારું ખાનદાની હોય છે. (પૃષ્ઠ ૧૧૮)**

**હાથમાં મહેંદી રચે એ ત્યાં, અને -**
**હસ્ત રેખાઓ અહીં ભૂંસાય છે ! (પૃષ્ઠ ૧૧૯)**

**જોઇ જેને સ્મૃતિઓ કાયમ રહે,**
**આંગળીમાં એવી અંગૂઠી નથી. (પૃષ્ઠ ૧૨૧)**

'શ્રી ગઝલ' - નવયુવાન ગઝલકારોનું સંયુકત સાહસ ગઝલ ચાહકોએ આવકાર્યુ છે એની પ્રતીતી તો પૂનઃમુદ્રણ થોડા જ મહિનાઓમાં કરવું પડયું ત્યાં થાય છે. આ મિત્રોનું આગામી યોગદાન વધુ ઉજજવળ વધુ પ્રભાવી રહે એ જ શુભેચ્છા. આ પુસ્તક માટે જહેમત ઉઠાવવા બદલ ડો. પ્રદીપ રાવલ 'સુમિરન' પણ અભિનંદનને પાત્ર છે.

■



# ઝિન્દગી અપની જબ ઈસ શક્લ સે ગુઝરી ગાલિબ

● મુતુર્ઝાખાન પઠાણ

**ઝિન્દગી અપની જબ ઈસ શકલ સે ગુઝરી ગાલિબ**
**હમ ભી કયા યાદ રખેંગે કે ખુદા રખતે થે**

'દિવાને ગાલિબ'ના વિવિધ સંસ્કરણોમાં સદર શે'રની ઉપલબ્ધતા અંગે થોડુંક સંશોધનાત્મક દષ્ટિએ વિચારવું જરૂરી છે. હું નિમ્ન છ ભાષ્યસહ અને ભાષ્ય વિનાની આવૃત્તિઓ તપાસી ગયો છું. આ શે'ર ૧ થી ૪ આવૃત્તિઓમાં જોવા મળતો નથી. પાંચમા સંકલનમાં પૃષ્ઠ આંક ૧૦૨ પર ગઝલ નંબર ૧૫૦ હેઠળ આ એકમાત્ર શે'ર આલેખાયેલો છે. જ્યારે સંકલન છમાં પણ આ, એક માત્ર શે'ર પૃષ્ઠ નંબર ૭૯ પર ગઝલ નંબર ૨૦૭ હેઠળ આપવામાં આવ્યો છે. સંસ્કરણોની યાદી : (૧) 'દિવાને ગાલિબ' ગાલિબ ઇન્સ્ટીટયૂટ (ભાષ્યવિના), (૨) 'મરઆતુલ ગાલિબ' સં. સૈયદ વહીદુદ્દીન 'બેખુદ' દહેલવી (ભાષ્ય સહ), (૩) 'દિવાને ગાલબિ' સં. (પ્રો. યુસુફ સલીમ ચિશ્તી (ભાષ્યસહ) (૪) 'દિવાને ગાલિબ' (હિન્દી લિપિમાં) સં. અલી સરદાર જાફરી (ભાષ્યવિના - માત્ર શબ્દાર્થ) (૫) 'દિવાને ગાલિબ' સં. આગા મોહંમદ બાકિર (ભાષ્યસહ) (૬) 'ગઝલિયાતે ગાલિબ'+ Urdu Ghazal of Ghalib સં. ડૉ. યુસુફ હુસૈન ખાન (અંગ્રેજી ભાવાનુવાદ સાથે)

સંકલન ૧ અને ૪ ભાષ્યવિનાના છે જ્યારે બાકીના તફહીમ (આકલન) સાથે છે.

શીર્ષસ્થ શે'રનો આસ્વાદ : શબ્દોને લઇ કોઇપણ પ્રકારની મુશ્કેલી કે સંદિગ્ધતા સર્જાતી ન હોઇ, શબ્દાર્થ આપવાની આવશ્યકતા જણાતી નથી. તેમ છતાં 'ઇસ શકલ સે' અને 'હમ ભી કયા યાદ રખેંગે' જેવા શબ્દખંડો (Phraes) ખુલાસો માગી લે છે. પ્રથમ પંકિતમાં અભિધાસ્તરે રહેલો અર્થ 'આર રીતે' કે 'આ સ્વરૂપે' થશે. 'દિવાને ગાલિબ'

---

+ ડૉ. યુસુફ હુસૈનખાનના સંકલન 'ગઝલિયાતે ગાલિબ'માં ગાલિબના પ્રચલિત સંગ્રહોમાં જોવા મળતી બધી જ ગઝલો અને પ્રકીર્ણ અશઆર અંગ્રેજી (Transcreation) ભાવાનુવાદ સાથે સમાવી લેવામાં આવ્યા છે. આ સંકલનની વિશેષતા એ છે કે તે બે વિભાગમાં વિભાજીત છે. બીજા વિભાગમાં એમણે નાની-મોટી ગઝલો, છૂટક અશઆર નુસ્ખ-એ-હામિદિયાના ભોપાલ એડિશન ને 'બયાઝે-અલાઇ'માંથી પસંદ કરી પોતના સંકલનમાં અંગ્રેજી ભાવાનુવાદ સાથે સમાવી લઇ સમૃદ્ધ બનાવવાનો પ્રયત્ન કર્યો છે. સદર શે'ર પ્રથમ વિભાગમાં છે.

## ❑ કિસન સોસા

શાપ પામી સ્વર્ગથી આવ્યો તમારા ગામમાં
છાંયડા મંદારના લાવ્યો તમારા ગામમાં

એ જ જૂનો ઘન તમસ બાઝ્યો બધે ખૂણે ખૂણે
શબ્દનો ત્યાં દીપ પેટાવ્યો તમારા ગામમાં

કોઈએ ટીપુંય પીવડાવ્યું નહીં વાત્સલ્યનું
પથ્થરી ખંડિત સ્તન ધાવ્યો તમારા ગામમાં

આ લીલાછમ પર્ણે ક્યાંથી રક્તરંગી છાંટણાં ?
ચૉક કોણે આમ રંગાવ્યો તમારા ગામમાં !

કોઇ એ ઠીંગરાયેલાએ હર ચરણ, હર રાહને
એક અજબ ઠહરાવ પહેરાવ્યો તમારા ગામમાં

એજ વિષધર ડગલે પગલે શબ્દ આડે ઊતર્યો
સ્વપ્ને ડંખ્યો, શ્વાસે રૂંધાવ્યો તમારા ગામમાં

આટલું ઊગી શક્યો તે ઋજુ હાથે કોઈએ
ભીની માટીમાં મને વાવ્યો તમારા ગામમાં

આવરણ અળગા કરી ખોલી હૃદયબારી, જૂઓ !
મીઠી ચાણીના ફૂલો લાવ્યો તમારા ગામમાં !

પર્વતીય પંથ આ ચઢાવના, ઉતારના
સાંજના, સવારના ઉજાસ, અંધકારના

આવતા જતા પ્રહર અજંપ ઇન્તજારના
ધુમ્મસે ઊભા ઉત્તુંગ વૃક્ષ દેવદારના

પથ્થરી પડાવ પર ઊભી દ્વિધા વિલોકતી
સડસડાટ જઇ રહ્યાં ક્યાં વાદળો ગુબારના ?

છે અહીં તો ફક્ત યાત્રિકો જ યાત્રિકો બધા
કોઈ પાલખીના, કોઈ પાલખી બહારના

સાંજને મલીર ઊતરી ગયા એ ગૂઢમાં
સૂર્યને ઉજાસ જે શિખર હતા સવારના

ચોતરફ સઘન તમસ ભર્યો અફાટ સૂનકાર
પહાડથી ઊઠે અરવ અવાજ ૐ કારના



(૨) અમે કેવી રીતે યાદ રાખીએ કે અમારે ય ખુદા હતો.

આ ઉક્તિ પરાકાષ્ટા વટાવી ગયેલા દુઃખોની નીપજ છે. દુઃખનું પારાવાર આધિક્ય ગાલિબને જ નહીં પણ મોટા ભાગના માણસોને આવું કહેવા પ્રેરે તેવું છે. ખુદા અમારો પણ હોત તો આવા પારાવાર દુઃખોમાંથી પસાર થવું ન પડત.

(૩) ત્રીજો અર્થ એવો પણ થાય છે કે દુઃખનું આધિક્ય દુઃખહારક ખુદા/ઈશ્વરને પણ ભુલાવી દે છે.

ગાલિબ આ પંક્તિમાં સ્વાનુભૂતિ ને સર્વાનુભૂતિ બનાવી દે છે. શે'ર નો સ્વગતોક્તિનો લહેકો શે'રને નાટયાત્મકતા અર્પી પ્રભાવશાળી બનાવે છે. ભાષાપ્રયોગ પરથી સ્પષ્ટ છે કે ગાલિબ આપણી સમક્ષ સૂફીને બદલે સામાન્ય માણસની જેમ ઉપસ્થિત થઇ. 'રહસ્યમય વાણી' (લિસાનુલ ગૈબ / mystical tongue)ને બદલે સામાન્ય/અદના માણસની વાણીમાં વાત કરે છે અને તે પણ કાવ્યત્વને હાની પહોંચાડયા વગર. અર્થ વ્યાપ, કામિયાબ અભિવ્યક્તિ અને સરળ શબ્દો વડે સર્જેલ. કાવ્યસૌંદર્ય આ શે'રની પ્રાપ્તિ છે. સદર શે'ર ગાલિબના ભાષાકર્મ અને શૈલી સાથે તેમની વૈયક્તિકતા (individuality) ને પણ ઉપસાવે છે. કોઇ, 'ગાલિબ'ને બદલે 'તાલિબ' મૂકી દે તો પણ ગાલિબમય ભાવક બેધડક પોકારી ઉઠશે કે ના, આ 'તાલિબ' નહીં પણ 'ગાલિબ' છે. ■

**આપની મૌલિક રચનાઓ, લેખ, આસ્વાદ, વિવેચન અને યાદગાર તસ્વીરો મોકલી 'શહીદે ગઝલ'ને સહકાર આપવા વિનંતી.**

## અંજુમ ઉઝયાન્વી

અજાણા રંગની દીવાનગી છે, બોલ બિસ્મિલ્લાહ,
ફકીરા, ઈશ્ક તો સંજીવની છે, બોલ બિસ્મિલ્લાહ !

જલાવી જાતને ફેલાવ તું અજવાસ આ જગમાં,
સરાપા એજ તો કાસિદગી છે, બોલ બિસ્મિલ્લાહ !

મદીરા પ્રેમની પીવા સરાસર ઝૂરતા જોયા,
લબાલબ ઈશ્કમાં તિશ્તાલબી છે, બોલ બિસ્મિલ્લાહ !

થયા ત્યાં રૂબરૂ બે આઇના, પરદો હટાવીને
અલામત આપસી આસૂદગી છે, બોલ બિસ્મિલ્લાહ !

વસીલો હોય તારો તો, અનલહક બોલ આજે તું
તને મનસૂરની પરવાનગી છે, બોલ બિસ્મિલ્લાહ !

શરીઅત હોય છે બસ એટલી એનો બની જા તું
તરીકતમાં હકીકત પાથરી છે બોલ બિસ્મિલ્લાહ !

ગઝલને વાંચવાથી પણ ઠરે છે આગ ભીતરની
નદી આજે તને સામેમળી છે, બોલ બિસ્મિલ્લાહ !

હરમના આંગણે પીવા ઘણા અંજુમ બેઠા છે,
બધાના પાત્રમાં પાકીઝગી છે. બોલ બિસ્મિલ્લાહ !

## રાઝ નવસારવી

આમ લાગે મઝાનું સરનામું
એ છે રુસ્વા થવાનું સરનામું

એ તો ચલતા ફકીર જેવી છે,
કોણ આપે હવાનું સરનામું

આપણા લોહીના કણેકણમાં
સાફ વંચાશે માનું સરનામું

આંસુ કોઈ અનાથના લૂછો
એ જ તો છે ખુદાનું સરનામું

'રાઝ'ના દિલની એ જ ઓળખ છે,
છે જગતની વ્યથાનું સરનામું



## નીતિન વડગામા

પ્રેમભીનો પડાવ રોકે છે.
દૂઝતો એક ઘાવ રોકે છે.

આંખમાં કેદ થઇ જવાયું છે,
મ્હેકતી આવજાવ રોકે છે.

ડાળ મહોરે હજીય સગપણની,
એ નદી, એ જ નાવ રોકે છે.

મૌનને માંડવે બનેલો જે,
એ જ નાજુક બનાવ રોકે છે.

આજ બુઠ્ઠી જણાય છે ભાષા,
ભીતરી કોઈ ભાવ રોકે છે.

ચીંધવું કેમ કોઇ કારણને ?
સાવ છાનો પ્રભાવ રોકે છે.

થૈ પવન હું વહી શકું છું પણ
માત્ર મારો સ્વભાવ રોકે છે.

આંખમાં ટોળે વળે છે નાળિયેરી.
એમ અંદર ઓગળે છે નાળિયેરી.

વેંત છેટો એક દરિયો છે છતાં પણ,
કૈં યુગોથી ટળવળે છે નાળિયેરી.

ગીત મીઠાં રોજ મોજાં ગાય છે ને -
કાન માંડી સાંભળે છે નાળિયેરી

હાથ સૂરજનો સવારે સ્હેજ ઝાલી,
ટ્હેલવાને નીકળે છે નાળિયેરી.

થાક અંગેઅંગને ઘેરી રહ્યો છે,
સાંજની સાથે ઢળે છે નાળિયેરી.

રોજ રાતે એક સપનાંને ઉછેરી,
મૂળમાંથી ઊછળે છે નાળિયેરી.

આખરે ભૂલે અને ભૂંસે બધાંયે,
તો ય કાં સામી મળે છે નાળિયેરી ?

## મનીષ પરમાર

ક્યાં ખરેલા ફૂલની ઈચ્છા લખું છું ?
શ્વાસ પર હું મ્હેકના રસ્તા લખું છું.

હુંય પંકિત થૈ અને મનમાં ઉભો છું,
સાંભરેલી સાંજ પર મત્લા લખું છું.

રંગ વેરાયો હતો અંધારમાંથી,
આથમેલી રાતના તડકા લખું છું.

આગના અક્ષર હૃદયની ડાયરીમાં,
રોમરોમે ઊઠતા ભડકા લખું છું.

પાનખર હો કે બહારો હો ફરક શો ?
એ બધા બરબાદના નકશા લખું છું.

આ નદી જેવી નદી પણ છેતરીને જાય છે,
ને તણાતી રેત કણકણ છેતરીને જાય છે.

દરવખત હું કેમ સમજાવું ખુલાસા પ્રેમના ?
કો' લપસતો ઢાળ સમજણ છેતરીને જાય છે.

કેમ ચ્હેરા વાંચવા અંધારની ભીંતો ઉપર
સૂર્યનું દરરોજ દર્પણ છેતરીને જાય છે.

સૂસવાટામાં સુગંધો ના મળી વરસાદની,
વાદળો તો ઠીક રજકણ છેતરીને જાય છે.

હું તમારી રાહ ટાંપીને સતત જોયા કરું,
હાથ તાળી દૈ હવે ક્ષણ છેતરીને જાય છે.

## ❑ આશિત હૈદરાબાદી

મેં કરેલી નોંધ ઉપર હાંસિયા હસતા રહ્યા,
તોરણો ને બારણા પર સાથિયા હસતા રહ્યા !

આભમાં ચમકી રહેલા તારલાઓ જોઈને,
હાથતાળી દઈ દઈને આગિયા હસતા રહ્યા !

કોઈ પણ સરખાપણું ના ક્યાંય દેખાયું, પછી
જોઈ માટીનાં રમકડાં ઓતિયા હસતા રહ્યા !

મેં ઉઠાવ્યા હાથ મારા માગવા માટે દુઆ
શું હતું કારણ ન જાણે, ઓલિયા હસતા રહ્યા !

જોઈ રસ્તેથી જતા ''આશિત'' જનાજા કંઈકના,
માણસોની જિંદગી પર પાળિયા હસતા રહ્યા !

કેટલી શંકાઓ મનમાં સળવળી
સ્વપ્ન જોયું, ના પછી આંખો મળી !

સ્વપ્નના એરૂ ગયા છે આભડી,
વાતવાતે જાય છે કેવા છળી !

સૌ પરોઢી સ્વપ્ન સાચાં થાય છે
કેટલી રાખી'તી શ્રદ્ધા આંધળી !

એ જ પીડાનું ખરૂં કારણ હતું,
સ્વપ્નની પકડીને નીકળ્યા આંગળી !

સ્વપ્નમાં ''આશિત'' ક્શુંભાળી ગયા,
ત્યારથી ઓઢી ફરે છે કામળી !

## ❑ સાગર નવસારવી

કદી આસમાને વસી જાય નળિયાં,
ને વર્ષાને ટાણે ખસી જાય નળિયાં.

ગગન આવી ડોકાય ઘરમાં ઉજાસે,
તો એકેક થઈને ઠસી જાય નળિયાં.

ચડી છાપરે જો રડે મૌન છાનું
અબુધ શૂન્યતાને ડસી જાય નળિયાં.

ને વેરાનમાં જઇ રડે જો દીવાલો,
કે ભેખડ સમાણાં ધસી જાય નળિયાં.

અમાસી વિજોગણ ફરે રાત આખી,
તો ઝુલ્ફોની અંદર ફસી જાય નળિયાં

કરે વાત અંધાર સાથે જો હૈયું,
તો સ્વપ્નું નયનનું ગ્રસી જાય નળિયાં.

એ પાગલ ઉદાસી ને પડઘા સમયના,
ને ત્યાં શ્વાન રૂપે ભસી જાય નળિયાં.

બધી વાત સમજાય છે ક્યાં કહેલી ?
ઊભી છે હજી મોં વકાસી હવેલી !

સમસ્યાઓ અંદરની અંદર રહે છે,
ખુલે બારણે બંધ છે કૈં પહેલી !

અચેતનને ચેતન કરે કેદ ખુદમાં,
હરેક ચીજમાં છે ખુદાઇ વસેલી.

ઘટે છે નવી રોજ ઘટના અચાનક,
અકસ્માતથી છે પળેપળ ભરેલી.

ડૂબે અંધકારે પુરાણી આ દુનિયા,
લઇ રૂપ ઊગે છે દુલ્હન નવેલી.

કલંદરના ઘરમાં કમી ના કૃપાની,
ફળે છે મુરાદો કદી મન ચહેલી

મળેના અહીં શોધને કૈં કિનારા,
ઘણી શકયતા સાગરે છે રહેલી.



## ❑ ઉર્વીશ વસાવડા

છે ભરી લાલસા અત્યંત, હું ય માણસ છું.
માફ કરજે હું નથી સંત, હું ય માણસ છું.

વિશ્વમાં જન્મ મેં લીધો છે માનવી રૂપે
ને થશે એ જ રીતે અંત, હુંય માણસ છું.

કેટલાં વળગણો વીંટીને મને બેઠાં છે
હું ય મૂકી ન શકું તંત, હું ય માણસ છું.

મેં બધા શ્વાસ વેડફ્યા અને ખર્ચી નાખ્યા
ક્યાં સુધી રહી શકું જીવંત, હું ય માણસ છું.

રોજ ઊઠીને એ ઘટમાળ, વેઠ એની એ
રોજ સંભવ નથી એ ખંત, હું ય માણસ છું.

આ બધા શબ્દ લખેલા કદાચ કાલ ટકે
દેહ પામ્યો છું નાશવંત, હું ય માણસ છું.

આંખમાં ગમને સાચવી લેજે
એક માતમને સાચવી લેજે

કાલ છઠ આવશે નથી નક્કી
આજ પાંચમને સાચવી લેજે

છે દલાલો બધે સુરંગોના
તું જ જોખમને સાચવી લેજે

વાત ચર્ચાય જો બધા વચ્ચે
સહેજ નાનમને સાચવી લેજે

પાક છે આંખનું ઝરણ તારૂં
દોસ્ત ઝમઝમને સાચવી લેજે

## ❑ આબિદ ભટ્ટ

ચાલ સતને દ્વાર રબ્બનું નામ લઈ,
છોડ ઘર ને બાર રબ્બનું નામ લઈ.

ને ઝળહળી ઊઠશે આખું નગર,
જોડ બન્ને તાર રબ્બનું નામ લઈ.

દે હલેસાને હવે તો અલવિદા,
નાવને હંકાર રબ્બનું નામ લઈ.

ચિત્ત ચોંટે ચેતનામાં એટલે,
એષણાને માર રબ્બનું નામ લઈ.

પુષ્પ પાથરશો નહીં મુજ પથ મહીં,
આગ થાશે પાર રબ્બનું નામ લઈ.

વાળ ના વાંકો થશે એના થકી,
મોતને પડકાર રબ્બનું નામ લઈ.

જીતવાને જિંદગીના જંગને,
સર્વ ખમવા વાર રબ્બનું નામ લઈ.

આવ લઈ, જે વાતને સમજી શકે,
દર્દ, એની જાતને સમજી શકે.

ચાંચ એમાં સૂર્યની ડૂબે નહીં,
લાવ કે જે રાતને સમજી શકે.

કંટકો સાથે રહ્યા જે ડાળની,
પાનખરની ઘાતને સમજી શકે.

શ્વાસ લેતા પત્થરો છે સૌ અહીં,
એ વળી જઝબાતને સમજી શકે ?

છે મુસાફર બેસનારા નાવમાં,
કોણ ઝંઝાવાતને સમજી શકે ?

તારલાનો તું હશે આશિક ભલે,
બોલ, ઉલ્કાપાતને સમજી શકે ?

હોય શ્રદ્ધાનાં સુમન જેની કને,
એજ મારા તાતને સમજી શકે.

## ❑ 'બેજાન' બહાદરપુરી

ઝબોળી સ્મિતમાં શા વાક્-છળના દાવ અજમાવ્યા
અમારી પીઠમાં એ ઘાવ કરવામાં ખરા ફાવ્યા

ફકીરીની ખુમારીને બિચારા મીર શું જાણે
કદીના એમની સામે અમે આ હાથ ફેલાવ્યા

ગ્રહી છે આંગળી એની જ જેણે કર ધર્યો પ્રેમે
કદમબોસી કરીને કોઈની આગળ નથી આવ્યા

અમારે મન ગઝલ ને શાયરી તો કાલયાપન છે
ચડી જો ધૂન તો થોડા ઘણા આ શે'ર ફરમાવ્યા

ફગાવ્યાં છે અમે જાતે જ જૂઠી શાનનાં વળગણ
નથી 'બેજાન' ભરમાવ્યા કદી કોઈના ય ભરમાવ્યા

વલે શી થાય છે જગના બધા ઉત્પાતની જોજે !
થવાની જીત તારા મૂક્ પ્રત્યાઘાતની જોજે !

ધજા છો ફરફરે ટોચે, તળે બુનિયાદ છે પોકળ
થશે કેવી દશા આ ભવ્ય-શી મહેલાતની જોજે ?

વહાવી જો કદી બેચાર પશ્ચાતાપના આંસુ
પછી તાસીર તું તારા  જ અશ્રુપાતની જોજે !

પહાડો પીગળે છે મીણ થઈને જોત જોતામાં
અસર તું આહમાં ધરબાયેલી તાકાતની જોજે !

બને જો તું ઘડીભર દીવડીની જ્યોત ટમટમતી
ઉતારે આરતી 'બેજાન' ઝંઝાવાતની જોજે !



## ❑ જટિલ વ્યાસ

હાથમાં લઈને ફરૂ છું કોરો કાગળ શું કહું ?
કૈં લખી શકતો નથી આગળ કે પાછળ શું કહું ?

બે ઘડી રોકાય તો બે વાત એને કહી શકું ?
પણ હઠીલી ક્ષણ કરે છે બહુ ઉતાવળ શું કહું ?

સૂર્યને મળવા સતત નભને ઉલેચ્યે જાઉ છું ?
ઉમટે છે ઘન-તિમિર ના દળ પછી દળ શું કહું ?

બાગમાં હું પણ હતો, એ પણ હતાં અવસર હતો,
શબ્દ આવ્યાં ત્યાં વીતી ગઇ પ્રેમની પળ શું કહું ?

મેં નથી મેવાડ છોડયો, કે ન રાણો દુભવ્યો,
હું નથી મીરાં છતાં પામ્યો હળાહળ શું કહું ?

વાયકા છે ભીંત ફાડી ને કૂંપળ ફૂટી 'જટિલ',
લોક કહે છે શબ્દમાં ઊઘડયા કમળદળ શું કહું ?

## ❑ ઉપેન્દ્ર શેઠ - ''શકુંત''

કંઠમાંથી શબ્દના ટહુકા ખરે;
શાંત જળમાં પ્રેમની નૌકા સરે !

જેમ હું તારી તરફ ઢળતો ગયો;
ફૂલડાં મન-મ્હેકનાં ખોબા ભરે !

જેમ ટપકે મધભરી મીઠી ગઝલ;
શબ્દ પ્હેરી લાલ ઘરચોળાં, ફરે !

કોઈ તો ઝીલો, ગગનની વેદના !
વેદનાની ઝૂલ હિંડોળા કરે !

આ ધરા-આકાશ કયાં જઈને મળે ?
દર્દ વચ્ચે આમ હિલ્લોળા ભરે !

રૂપ જો, બેફામ છલકાયા કરે !
પ્યાસનાં પંખી અહીં ભોળાં ફરે !

## ❑ જલાલ મસ્તાન 'જલાલ'

હવે નિરાશ બહારો મને સતાવે છે !
તમે ગયાં ને વિચારો મને સતાવે છે !

જે આવતાં જ તરત સ્વપ્ન તોડી નાખે છે !
હવે તમામ સવારો મને સતાવે છે !

ન કયાંય જળ હો અને મીન હોય તરફડતી -
અભાવ એમ તમારો મને સતાવે છે !

આ દુર્દશાને લીધે બદદુઆ ન દો એને !
કે કયાં જમાનો બિચારો મને સતાવે છે !

ન જાણે કયાં એ જઈને છુપાઈ બેઠો છે ?
નસીબનોય સિતારો મને સતાવે છે !

ઘડી મિલનની કયા ભવનું વેર વાળે છે ?
દિવસ દરેક નઠારો મને સતાવે છે !

સહન ન થાય અને મય કદીક પી જાઉં
તો મારો ખુદનો લવારો મને સતાવે છે !

''જલાલ'' હુંય કવનમાં સ્વતંત્ર છું જ નહીં !
ગઝલમાં છન્દનો ધારો મને સતાવે છે !

ધીમેથી ડોકાયો તડકો !
ઘર ઉપર પથરાયો તડકો !

રસ્તાઓ પર ફંગોળાયો;
કોતરમાં પડઘાયો તડકો !

બન્ધ નહીં બારીને કરશો;
કયાંક હશે સંતાયો તડકો !

પૂર્વ દિશામાં રોજ ઊગીને -
ફાવે ત્યાં ફંટાયો તડકો !

કયાંક અરીસે જોવા લાગે -
પોતાનો પડછાયો તડકો !

સાંજ પડ્યે ગોરીનો ઘૂંઘટ -
જોઈને શરમાયો તડકો !

વર્ષોજૂની એક સમસ્યા -
''કેમ નહીં બદલાયો તડકો ?''

## ❑ હેમાંગ જોશી

પાંપણને દ્વાર અશ્રુનો વૈભવ બની રહે
તારા સ્મરણ અહીં હવે ઉત્સવ બની રહે

ભરજો જરાક પત્રમાં ટહૂકો સવારનો,
જેથી અહીંયાં રાતભર કલરવ બની રહે.

ક્ષણભર ભલે તમે મળો પણ એમ બસ મળો,
એ ક્ષણ પછી જીવનભર અનુભવ બની રહે.

પુષ્પો ઉઘડતાં જોઈને મનમાં થતું હતું,
થોડી વધારે વાર આ શૈશવ બની રહે.

ડૂબ્યો રહું છું એટલે ભીતર ઘણો જ હું,
જેથી સદાય આપનો ઉદ્‌ભવ બની રહે.

કોની સાથે રાખું સગપણ ?
ગીત, ગઝલનું મારે વળગણ

સપનાં ત્યાં તો રજકણ રજકણ
ધસમસતી જ્યાં આવે સમજણ

હું કયાં માગું આ પણ, તે પણ ?
હું તારી માગું એક જ ક્ષણ

ઉપવન છો મંજૂર કરે ના
પણ ફૂલ-હવા બાંધે સગપણ

હાથ ગળાં કાપે વેરી થૈ
તોપોની કયાં અહીં છે ધણધણ ?



## ❑ રમેશ આચાર્ય

ગાંઠ છોડીને ગઝલ લખતો ગયો,
જાત જોડીને ગઝલ લખતો ગયો.

કૈંક તરતી હિમશિલા મુજમાં વસે
તળથી તોડીને ગઝલ લખતો ગયો.

ખીણમાં હું કોઈના પડઘા સુણી,
પાસ દોડીને ગઝલ લખતો ગયો.

યાદ આવે આજ પૂનમ છે ફરી,
આંખ ખોડીને ગઝલ લખતો ગયો.

સ્વર્ગગંગા ખૂબ ખીલી આભમાં,
ચિત્ત ચોડીને ગઝલ લખતો ગયો.

આયનામાં બિંબ પાડે આયનો,
બિંબ ફોડીને ગઝલ લખતો ગયો.

ધ્રૂજતી પણ આંચ લઈ બેઠા છીએ,
દીવડાઓ પાંચ લઈ બેઠા છીએ.

સાવ સીધી રેખ જેવી જિંદગી,
કયાંક થોડો ખાંચ લઈ બેઠા છીએ.

શબ્દ-મોતી આંગણે વેરાય જો,
હંસ જેવી ચાંચ લઈ બેઠા છીએ.

જિંદગીનો સાર તમને આપું, લો,
મોડ પર હર જાંચ લઈ બેઠા છીએ.

શબ્દ તાવ્યા, કસ કરી જોખ્યા અને,
જાત સામે ટાંચ લઈ બેઠા છીએ.

## ❑ આહમદ મકરાણી

દર્દ કે'વામાં ને સ્હેવામાં ફરક છે;
કૈંક દેવું, કૈંક લેવામાં ફરક છે.

દૃશ્ય એકજ અર્થ જુદા નીકળે છે;
કૈંક હોવું - કૈંક જોવામાં ફરક છે.

મેં જગા છોડી દીધી કૈં કારણોસર,
કૈંક ખસવું - કૈંક દેવામાં ફરક છે

એક સરખી લાગણી પણ કયાં મળે છે ?
વ્યકત થાવું - ગુપ્ત રહેવામાં ફરક છે.

હોય સરખી ફૂલની ખુશ્બૂ ભલે ને -
ડાળ છોડી આમ ખરવામાં ફરક છે.

## ❑ મૂળશંકર 'પૂજક'

શહેરમાં વરસાદ વરસ્યો રાતભર,
તોય લત્તો એક તરસ્યો રાતભર

ખળભળી ગઇ પાળ પાંપણની જરી,
ઓરડો આખોય પલળ્યો રાતભર.

ભર બજારે ભીડમાં કચરાઇ ને,
ઘેર ઘાયલ જીવ કણસ્યો રાતભર

જ્યાં હતો સાંજે, સવારે ત્યાં જ છે,
પગ ન જાણે કયાંક લપસ્યો રાતભર.

નામ સરનામું નહીં યજમાનનું
ને મુસાફર વ્યર્થ રખડયો રાતભર

ગાઢ અંધારૂ અને 'પૂજક' હતા,
આગિયો એકાદ ઝબકયો રાતભર.

## ❑ કિરીટ ગોસ્વામી

દેખીતા હાવભાવ ઊંડા છે;
માણસોના સ્વભાવ ઊંડા છે.

એમ કાંઠો ન સંતજી ! આવે :
લાગણીનાં તળાવ ઊંડાં છે.

બેય ચોક્કસ ફરીથી મળવાનાં;
બેઉ હૈયે અભાવ ઊંડા છે.

છીછરી જાત સાવ ઇચ્છાની,
મનને લાગેલ ઘાવ ઊંડા છે.

મારી માફક, ગઝલ મને ચાહે,
બેઉ બાજુ ઝુકાવ ઊંડા છે !

સૌ પ્રથમ તો જાતનો અભ્યાસ કર ઊંડાણપૂર્વક;
તે પછી હર-વાતનો અભ્યાસ કર ઊંડાણપૂર્વક.

જીત માટેની કડીઓ, ખૂટતી, એમાંથી મળશેઃ
તું મળેલી મ્હાતનો અભ્યાસ કર ઊંડાણપૂર્વક.

પૂર્ણ કરવા દોસ્ત ! રંગોળી જીવનની સૌ પ્રકારે-
રંગ સાતે-સાતનો અભ્યાસ કર ઊંડાણપૂર્વક.

કો' અજબ સંદેશ મોકલતો સમય સહુને નિરંતર,
આ પળોની પાતનો અભ્યાસ કર ઊંડાણપૂર્વક.

કોઈ તો સગપણ નીકળશે આખરે, મન ! એની સાથે,
કર હજી, અજ્ઞાતનો અભ્યાસ કર, ઊંડાણપૂર્વક.

## ❑ તથાગત પટેલ

સૌ હતાં પણ રાત ન્હોતી રાતભર,
કાયમી ઠકરાત ન્હોતી રાતભર.

આમ તો મેળાવડો જામ્યો હતો,
રાતની ખેરાત ન્હોતી રાતભર,

ચાંદ, તારા, ચાંદનીને શું કરે ?
રાત જયાં સાક્ષાત ન્હોતી રાતભર

આજ સન્નાટોય પીધેલો હતો,
રાતપણ બાકાત ન્હોતી રાતભર.

ભીડ ખાલી યા ભરી ચોગમ હતી,
જાત જેવી જાત ન્હોતી રાતભર,

સળગેલી એ ઘટનાને બસ ઓળંગી જા
તારાં છે સૌ રસ્તાને બસ ઓળંગી જા.

રણની આભા, એનો રણકો એની સંગત
હાજર મળશે તડકાને બસ ઓળંગી જા.

રસ્તા સર્વે તારા પગ પાસે આવે છે
અંધારાના ઢગલાને બસ ઓળંગી જા.

ચોમાસાની ઝરમર કાયમ સળગાવે છે
જે તે ભીના પડઘાને બસ ઓળંગી જા

તારી ઓળખ માગે છે ને તું ? એ મળશે
આંગણના એ પગલાને બસ ઓળંગી જા.



## ❑ સાહિલ

બિંબને બિંબમાં ઉતારું છું
એમ હોવાપણું સ્વીકારુ છું

લઇ જમા એક એમનો ટહુકો
આખું અસ્તિત્વ હું ઉધારું છું

કેવી બાજી રમું છું વર્ષોથી,
હું જ જીતું છું હું જ હારું છું

અવનવા છે અનુભવો કેવા
આમ વર્તન હું એકધારું છું

મારી સમજણ પ્રમાણે હું 'સાહિલ'
જિન્દગીની ગઝલ મઠારું છું.

મહોબતના અનુભવ શું કહું કેવા અનોખા છે
ચરણ છે લોહી-ભીના હાથમાં કંકુ ને ચોખા છે.

રહ્યાં સાથે ને સાથે તોય કયાં સમજી શકયાં છીયે
તમારે ને અમારે કયા જનમના લેખા-જોખા છે

સરે છે જે અમારી આંખથી અશ્રુ થઇ એ તો
અમે અંગત ગણ્યાં છે એમનાં આપેલ ધોખા છે

મહેરબાની કરીને માણસોની વાત ના પૂછો,
ઉપરથી સાવ સરખા છે - ભીતરથી સાવ નોખા છે.

મળ્યો છે સાવ નાનકડો ફરક વર્ષો પછી 'સાહિલ'
ગલી પણ એજ ઘર પણ એ જ પણ ખાલી ઝરોખા છે.

## ❑ જિતુ પુરોહિત

ઉતાવળ કરે છે એ પાછા જવાની.
હવે જિંદગી કઈ રીતે વીતવાની.

નિરાંતે પીવાનો છે જીવતરનો પ્યાલો,
તને શું ઉતાવળ છે ઝટ પી જવાની ?

તવાયફના જેવી ક્ષણો આ બધી છે,
એ કોની થઈ છે ને કોની થવાની ?

છુપાવો, દબાવો, ભીતર સંઘરી દો,
કરો લાખ યત્નો વ્યથા બોલવાની.

રસ્તે પડયો માત્ર પથ્થર બની જા,
તને હોય ઇચ્છા કશું પામવાની.

બ્રહ્માંડ આખું મળે એક ક્ષણમાં,
જરૂરત છે મનની દિશા ખોલવાની.

હવે જિંદગી માટે બોલો ન કંઈ પણ,
એ એમ જ ગઇ છે ને એમ જ જવાની.

સવાલો કર્યા છે તેં દોથો ભરીને,
રજા કોણે આપી તને પૂછવાની ?

વાતાવરણ સરસ છે ઉસ્તાદ શું કહો છો ?
કેવો ટપકતો રસ છે ઉસ્તાદ શું કહો છો ?

છોતું પડયું છે ફળિયે કીડી વડે ચૂસાતું,
એમાં હજીય કસ છે ઉસ્તાદ શું કહો છો ?

આંખોમાં આશ કેરાં ફૂલો લચી પડયાં છે,
એ સોળમું વરસ છે ઉસ્તાદ શું કહો છો ?

અસ્તિત્વને અહીં મેં ખોડી દીધું છે એવું,
થોડું ન ટસથી મસ છે ઉસ્તાદ શું કહો છો ?

મિલ્કત અમારી અહીંયા બે-ચાર ઝંખનાને,
સપનાંઓ પાંચ-દસ છે ઉસ્તાદ શું કહો છો ?

હું ચૂકવું છું એને એ ચૂકવે છે મુજને,
દેવું અરસપરસ છે ઉસ્તાદ શું કહો છો ?



## ❑ કેતન કાનપરિયા

જિંદગીની આ સફરમાં મેં નિહાળી છે ગઝલ
શ્વાસ ખૂટ્યા તો કબરમાં મેં નિહાળી છે ગઝલ

ફૂલ સૌ ખીલ્યા બગીચે ને કળી મ્હોરી છતાં
પાંદડાની પાનખરમાં મેં નિહાળી છે ગઝલ

પર્વતોની ટોચ પર સામ્રાજ્ય ધુમ્મસનું હતું
એ હિમાલયના શિખરમાં મેં નિહાળી છે ગઝલ

થાય છે ડૂબી મરું એની શરાબી આંખમાં
એમની મીઠી નજરમાં મેં નિહાળી છે ગઝલ

વાયરો સંદેશ આપે છે ધરાને આભનો
કોઈની છાની ખબરમાં મેં નિહાળી છે ગઝલ

સાવ સાચા પ્રેમને જ્યાં કોઈ ઓળખતું નથી
ત્યાં કદી આખા નગરમાં મેં નિહાળી છે ગઝલ

છંદ, શબ્દો, કાફિયા સૌ ઓગળી ગ્યા ગાલ પર
તરબતર એના અધરમાં મેં નિહાળી છે ગઝલ

અશ્રુ જેવાં ફૂલ ખીલે આંખની આ ડાળ પર
થાક ખાવા રોજ બેસે પાંપણોની પાળ પર

બાગમાં બેઠી તું સાંજે તો નમી ગઈ ડાળખી
ને સવારે દોડયું ઝાકળ પાંદડાના ઢાળ પર

કોઈ પૂછે ભૂલથી ગીતો લખો છો પ્રેમના ?
જિંદગી આખી લખી દઉં પ્રેમ જેવા આળ પર

આભમાં પંખીડું ઘાયલ તીર ને ભાલા વિના,
તીર જેવી મેશ આંજીને તું બેઠી માળ પર

યાદ તારી એમ કૂદે બેસું જો લખવા ગઝલ
જેમ કૂદે માછલી જળમાં પડેલી જાળ પર

## ❑ અનિલ વાળા

અસલ જિંદગીની દડી, સાંઇબાબા !
કહો, અમને કયાંથી જડી, સાંઈબાબા ?

અહીં શ્વાસની પાઘડી, સાંઇબાબા,
અને સ્વપ્નની છે ગડી, સાંઇબાબા.

નહીં તો ગયો હોત મારી'ય બા'રો,
મને ચામડી આ નડી, સાંઇબાબા !

ફરી વાર આંખે કર્યું કયાંક કામણ,
ફરી વીજળી કયાં પડી, સાંઇબાબા ?

હજી તો મળ્યાં માંડ ત્યાં તો ફરીથી,
જુદા થઈ જવાની ઘડી, સાંઈબાબા !

હું હવાની જેમ ચારેકોર લ્હેરું, તે છતાં 'હું કોણ છું' એ પ્રશ્ન તો ઊભો જ છે.
થાય મન તો હું વળી દરિયાય પ્હેરું, તે છતાં 'હું કોણ છું' એ પ્રશ્ન તો ઊભો જ છે.

લોક રાખે છે ઇનામો કેટલાં મારા ઉપર, એ વાતની તમને કશી કયાં છે ખબર ?
શોધવું મુશ્કેલ છે મારું પગેરું, તે છતાં 'હું કોણ છું' એ પ્રશ્ન તો ઊભો જ છે.

જીવતામાં જીવ છું હું ને મરેલામાં મરણ એવી જ છે કૈં વાયકા મારા વિશે,
કયાંય પણ મારું નથી એકકેય દે'રું, તે છતાં 'હું કોણ છું' એ પ્રશ્ન તો ઊભો જ છે.

ગૂંચવી ને વાતને છેવટ ઉકેલી નાખવી એવી રમત ગમતી મને, ને એટલે -
આંધળે કૂટાય છે કયારેક બ્હેરું, તે છતાં 'હું કોણ છું' એ પ્રશ્ન તો ઊભો જ છે.

ગીતમાં હું લય બની લ્હેર્યા કરું છું ને ગઝલમાં ગાલગાગા ગાલગાગા ગાલગા,
વેદનાઓ પાઇને વૃક્ષો ઉછેરું, તે છતાં 'હું કોણ છું' એ પ્રશ્ન તો ઊભો જ છે.

હું જ છું કે જે નશામાં ચૂર થઈને છેક ઇશ્વરનાં ચરણ પાસે જતો ને આખરે,
કોઈની શ્રદ્ધા તણું શ્રીફળ વધેરું, તે છતાં 'હું કોણ છું' એ પ્રશ્ન તો ઉભો જ છે.



## ❑ ચાવડા પીયૂષ એમ.

ખુદમાં જ ખુદને ખોળી તારો ખુદા બની જા.
ખુદને બે હાથ જોડી તારો ખુદા બની જા.

પંડે પડેલું સોનું ને હીર પારખી લઈ,
તારા મહીં તું દોડી તારો ખુદા બની જા.

સૂની પડેલી તારી સમજણની આ દિવાલે,
તારી છબી તું ચોડી તારો ખુદા બની જા.

ઝળહળ થઈને આખું ખંડેર દીપી ઊઠશે,
ખુદમાં જલાવ જયોતિ તારો ખુદા બની જા.

સૌમાં વસે છે ઈશ્વર છે એક બ્રહ્મ શાશ્વત
માયાનો ફુગ્ગો ફોડી તારો ખુદા બની જા

આસન લગાવ તટ પર મોતી તનેય મળશે
શ્રદ્ધાની ખાંભી ખોડી તારો ખુદા બની જા.

આંખમાં શમણાં કળે છે માણસોની ભીડમાં
મોરનું પીંછુ છળે છે માણસોની ભીડમાં

કેમ મારી જાતને જીવાડવી વ્હાલા હવે.
ઝેરના પ્યાલા મળે છે માણસોની ભીડમાં

યુગ યુગોથી ભીષ્મ કણસે છે હજી આ બાણ પર
કયાં બધી ઈચ્છા ફળે છે માણસોની ભીડમાં

કૈં સદીથી ગીતને ઝાંઝર હજી રણકયા કરે
સંતનાં પણ મન ચળે છે માણસોની ભીડમાં

વાત એ નરસિંહની પાના વચાળે કેદ છે
હાથ કયાં આખો બળે છે માણસોની ભીડમાં

## ❑ રાહી ઓધારિયા

લોકને એવું શું દેખાય છે મારા ઘરમાં ?
હાલતાં-ચાલતાં ડોકાય છે મારા ઘરમાં ?

તારા પર્યાય સમું લાગે છે સુખ પણ મુજને,
એય કયાં આવીને રોકાય છે મારા ઘરમાં ?

કોણ જાણે કે અહીં એવું શું ગમતીલું છે ?
જિંદગી વ્યર્થ વગોવાય છે મારા ઘરમાં.

મોત પણ માન ચહે છે જરા તારી માફક,
આમ તો 'આવું-આવું' થાય છે મારા ઘરમાં.

ચાલ 'રાહી' ! હવે બીજા જ મુકામે જઈએ ?
આપણી અવધિ પૂરી થાય છે મારા ઘરમાં.

## ❑ રાકેશ હાંસલિયા

હર ઘડી ઉદાત્ત મન તું રાખજે,
ઉરના પટ પર ગગન તું રાખજે.

મ્હેકતી રહે વાણી ને વર્તન સદા,
એવું ચિંતન ને મનન તું રાખજે.

ના રહું વંચિત કદી તુજ મ્હેકથી,
એટલો હરપળ પવન તું રાખજે.

થાય જે કૈં પણ થવા દેજે સહજ,
જાતને તારી મગન તું રાખજે.

હાથ તારા છો ન પ્હોંચે ચાંદ લગ,
પણ નજરમાં તો ગગન તું રાખજે.

શ્વાસ કયો અંતિમ હશે કોને ખભર ?
ઓશિકે કાયમ કફન તું રાખજે.



## ❑ દિલીપ રાવલ

તમારી યાદનો મારો સતત ને એકધારો છે
તમે પણ રાહ જોજો કે હવે વારો અમારો છે.

નથી ચોખ્ખુ ચણક દિલમાં, પીડાઓ છે હતાશા છે
તને બેસાડીએ તો કયાં ? અહિં કેવો પથારો છે.

હવે જો સાદ દેશો સાદ એ ભોંઠો પડી જાશે
ગયો કાયમને માટે જે ફરી કયાં આવનારો છે

તમે પીગળી શક્યા નહિ, એ અમારી કમનસીબી છે
અમારો છેક પાતાળે ગયો ઉષ્માનો પારો છે.

દિશાનું ભાન કયાં અમને અમે તો જાત સોંપી છે
અમે ગાડર સમા અમને તો કોઈ હાંકનારો છે.

હા કબુલું છું હું ભવાયો છું
ગામગામે ઘણો ગવાયો છું.

મોતની રાહ ના જુઓ મિત્રો
એટલે કયાં હજુ ઘવાયો છું ?

પ્રેમ કરવામાં ખૂબ આગળ છું
આપ છો 'એક' હું 'સવાયો' છું

ખૂબ ટોચે જવાની લાલચમાં
છેક તળિયા લગી ઝીંકાયો છું

હું મનાવું તો કઈ રીતે બોલો
હું તો ખુદથી જ બસ રીસાયો છું.

## ❑ સગર રાકેશ એચ. 'સાગર'

ઉગારી લઊં હવે હું જાતને મારી જલનમાંથી,
મળે છે શું હૃદયને પ્રેમની મીઠી અગનમાંથી

નજર લાગી જશે આ ખુબસુરત મોતને મારા,
ચહેરો કાઢતાં ના કોઈ કાળા કફનમાંથી

કરું છું ઇશની આરાધના હું શબ્દ હોમીને,
ગઝલ જન્મી છે આ મારી વિચારોના હવનમાંથી.

અહીં પરદેશની ભૂમિપર મરણ પાવન થઈ જાશે,
કે ચપટી ધૂળ લેતાં આવજો મારા વતનમાંથી

નહિંતર જીંદગી ડૂબાડશે મારી કિનારા પર,
ઉલેચી લઊં હવે હું યાદનો ''સાગર'' નયનમાંથી

કોઈ રસ્તો ના રહે પથ્થર વિના,
શું ઘડું હું જિંદગી ઠોકર વિના.

દ્વાર ખુલ્લાં રાખવાથી શું મળે,
કોણ આવે સ્નેહ કે આદર વિના.

લાશમારી લૈ જજો મારા ઘરે,
થાય છે દિલને શુકન કયાં ઘર વિના.

જીંદગીનો થાક વેઠાતો નથી,
આંખ લાગી જાય છે બિસ્તર વિના.

આંખને દરિયો જુઓ સાબિત કરું,
ખારું પાણી ના વહે ''સાગર'' વિના

## ❑ લક્ષ્મી ડોબરિયા

છે સમયના આવવાની ધારણા !
આશમાં રે' અર્ધખુલ્લાં બારણાં !

બેસવું, કે ચાલવું, કે દોડવું,
એ બધું યે હાથમાં છે આપણા !

ને, જરૂરત હોય છે જ્યાં મિત્રની,
કાં તો ઓછા હોય છે, ને કાં ઘણા !

દ્વેષ, નફરત ને ઈર્ષા, વ્હેલી તકે -
કાઢ, નૈં તો ખૂંચશે થૈને કણા !

થૈ ગયું, ને થાય છે, ને જે થશે,
પ્રશ્ન ખમતીધર જવાબો વામણા !

વાત મારી છે કહું છું એમ જ્યાં,
ત્યાં સમર્થક થાય છે બે-ત્રણ ગણા !

આપ ગરમાવો, ઉદાસી સાંજને,
બર્ફ જેવી પીડના કર તાપણાં !

શ્રાવણી હિલ્લોળ છે
કે, અષાઢી ડોળ છે ?

સાવ કોરા સ્મિતથી
આંખ રાતી ચોળ છે !

શબ્દ પર ઉપસી ગયા,
લાગણીના સોળ છે !

એ ગળે નૈં ઊતરે,
વાત મારી ગોળ છે !

આંખમાં ઈતિહાસ ને,
હાથમાં ભૂગોળ છે !

સ્થિર છે, ગઈકાલ પણ -
આજ ડામાડોળ છે !

સાવ સીધી લાગતી,
જિંદગી ચકડોળ છે !

## ❑ નીલેશ પટેલ

કોઈ શું કામ આવ્યું નહીં ઝાડ વાવવા,
કરવત લઈને આવ્યા બધા મૂળ કાપવા.

મારું મકાન મારી ઊંચાઈથી નીચું છે,
ને તો ય છાપરાને ઉડાડી ગઈ હવા.

ખિસ્સામાં ચાર આના ય મોટી રકમ હતી,
આખા શહેરની ગલીઓ જોઈ નાખવા.

કોઈ બે ચાર ઝાડને રણમાં ઉગાડજો,
પાણી લઈને ક્યારના બેઠા છે ઝાંઝવા.

દરિયાની માછલીઓ સૂરજને ક્ષિતિજ તરફ,
આખો દિવસ વિતાવ્યો છે પ્રતિબિંબ તાણવા.

ઘડિયાળ જેવું જીવ્યો હવે ક્યાંક સ્થિર થા,
આખું જીવન વિતાવી દીધુ આંટા મારવા.

રેતીનું ઘર કિનારે બનાવી નહીં શકે,
દરિયો ય મોજું પાછું હટાવી નહીં શકે.

માણસ તું એટલે બૂરો અપરાધ પણ ન કર,
કે ઈશ્વરે સજાથી બચાવી નહીં શકે.

તારો જ આઈનો છે તો જા જઈને શોધ તું,
ગઈકાલનો જ ચહેરો બતાવી નહીં શકે

અખબારમાં ઘણાયની તસ્વીર હોય છે,
પણ ઓળખાણ તારી કરાવી નહીં શકે.

પાંપણને પણ ચિરાઈ જવાની ફિકર હતી,
આંખોથી બ્હાર સ્વપ્નને લાવી નહીં શકે.

અંધારી રાતે ઝાડ કૂંપળને કહ્યા કરે,
તડકાનું વાળુ કોઈ કરાવી નહીં શકે.



## ❑ શૈલેષ પંડયા ''ભીનાશ''

કદી ઘટના બનીને પણ હૃદયની પાર જાવું છે,
સમય જો સાથ આપે તો સમયની પાર જાવું છે.

હજી હું ક્યાં સુધી ચિત્રો હવાની ભીંત પર દોરું ?
હવે ખળખળ બની મારે પ્રણયની પાર જાવું છે.

કદી ક્યાં ખાસ ફાવ્યા છે ધુરંધર રોજ દોડીને,
પરાજય શ્વાસમાં રાખી, વિજયની પાર જાવું છે.

કથા લાંબી થશે તું બોલ ક્યાંથી બોલવું મારે ?
નફો-નુકશાન છોડીને પ્રલયની પાર જાવું છે.

કહ્યું કોણે કે પડઘા મોતના પણ હાથમાં આવે,
અચળ સાક્ષી બની અંતે ઉદયની પાર જાવું છે.

રાતને આપણે સાચવી ના શક્યા,
સૂર્ય માટે સમય ફાળવી ના શક્યા.

જીવવાનું હવે એકધારું થયું,
શ્વાસની આવ-જા તારવી ના શક્યા.

જ્યારથી મન લઈ બેસવાનું કહ્યું,
મૌન જેવું કદી જાળવી ના શક્યા.

સાચવીને અમારે જવું કેટલે ...?
કોઈ ઇચ્છા અમે ઢાલવી ના શક્યા.

ઢોલ માફક પિટાઈ ગયા આખરે,
જિંદગીને સતત પાલવી ના શક્યા.

## ❑ રતિલાલ બી. સોલંકી

ઝાકળ માફક યાદ પછી તો રોજ સવારે,
આંખોમાં વરસાદ પછી તો રોજ સવારે.

મનને ગોકુળ-વૃંદાવન કર; તું બન રાધા,
વાંસળીઓનો નાદ પછી તો રોજ સવારે.

આંગણમાં એક આંબો ઉર્ફે કોયલ વાવી,
મસ્તમધૂરો સાદ પછી તો રોજ સવારે.

એકબીજાની લાગણીઓને સમજી લઈએ,
મનગમતો સંવાદ પછી તો રોજ સવારે.

સંબંધોને સમજણના પાયા પર ચણીએ,
ના વાંધો-વિખવાદ પછી તો રોજ સવારે.

સીતા થઈને જીવવાની શરુઆત કરી જો,
ધોબીની ફરિયાદ પછી તો રોજ સવારે.

## ❑ ગિરિરાજ બ્રહ્મભટ્ટ 'સરળ'

### હઝલ

મને પણ એક બૈરી જો અપાવો, પા'ડ નૈ ભૂલું,
ટી.વી.માં ઍડ દો, છાપે છપાવો, પા'ડ નૈ ભૂલું !

નથી લાયક એ પામ્યા છે, લૂલા-લંગડા ય લાવ્યા છે !
લૂલી, બહેરી, બટાકી, જે હો લાવો, પા'ડ નૈ ભૂલું.

નથી કોઈ બાધ જ્ઞાતિનો, ગમે તે કુળ હો ને મૂળ,
હરણ યોજો, યા પૈસા દૈ પટાવો, પા'ડ નૈ ભૂલું !

ચલાવ્યું એક પૈડાથી, હવે ના ચાલશે ગાડું,
કે સાયકલ, કાર, ટ્રેકટરનું લગાવો, પા'ડ નૈ ભૂલું !

હશે જાડી, બુઢી, કાળી, લડકણી, ઘેલી, નખરાળી,
ભલે હો ગામનો ઉતાર, લાવો ! પા'ડ નૈ ભૂલું !

જીવનભર એ નચાવે એમ મુજરો આપશું કહી દો,
કે ગરબા, ભાંગડા, ડિસ્કો નચાવો, પા'ડ નૈ ભૂલું !

ન ચાહું સૂટ, ના હું બુટ માગુ, ના સુમન-માળા,
''સરળ'' ભોળો છું, બસ દુલ્હો બનાવો, પા'ડ નૈ ભૂલું !



## ❑ રાજેશ બ્રહ્મભટ્ટ 'રાજ'

મૌનની ભાષા ગલત કયારે હતી ?
શબ્દની એને મમત કયારે હતી ?

માર્ગ ફંટાયા સફરમાં આપણા,
સાથ ચાલે એ શરત કયારે હતી !

એ દિવાનો થૈ શકયો ના તે છતાં,
પ્રેમ એને મન રમત કયારે હતી ?

આંખ સાથે હોડ બક ના વાદળી,
બોલ તું વરસી સતત કયારે હતી ?

કોઈએ માર્યા ટકોરા બારણે,
વાત એ તારે લગત કયારે હતી ?

ત્રાજવાં સુખ દુઃખનાં ઝૂલ્યા કર્યાં ?
ચેનની એમાં બચત કયારે હતી ?

'રાજ' તેં પણ જિંદગીની હાટમાં,
લાગણી વ્હેંચી મફત કયારે હતી ?

ડગલે પગલે ફંટાયો છે,
રસ્તો નાહક લંબાયો છે.

વરસ્યા એવા ભીના અવસર,
ડૂમો એમાં વંચાયો છે.

દિવાનાનો કિસ્સો યારો,
ચૌરે ચૌટે ચર્ચાયો છે.

મંદિર મસ્જિદ કાબા કાશી
ઈશ્વર તું કયાં સંતાયો છે ?

જખ્મો ઓછા કયાં છે દિલપર ?
શ્વાસે શ્વાસે કંતાયો છે.

સજ્જન લોકો બોલે શાને ?
ખોટો માણસ દંડાયો છે.

## ❑ યોસેફ મેકવાન

જીવવા થોડી ખુમારી જોઈએ,
શ્વાસની ના કો' ઉધારી જોઈએ.

શકય છે કે યુગ પછી બદલાય આ
આપણે મ્હોરાં ઉતારી જોઈએ.

લોક આ ઉગર્યા વિના મરતા રહ્યા,
આવ, બીજાને ઉગારી જોઈએ.

આપણે જુદા પડીને જાતથી
રોજ થોડી પળ ગુજારી જોઈએ.

આટલું કરવા જ હો તૈયાર તો
માંહ્યલાને, લો, પુકારી જોઈએ

કોઠે પડયું છે જેટલું એ છોડવું પડશે હવે,
જાગી સમયની સાથ જીવન જોડવું પડશે હવે.

આતંકમાં રાચી રહેલી આંખ જ્યારે ખૂલશે -
માનવ થવાને તે પછી કૈં દોડવું પડશે હવે !

છે પ્રેમની ભાષામહીં ધિક્કારનું જે છળકપટ
આ વ્હેણ ભાષાનું સવેળા મોડવું પડશે હવે.

આ ધર્મસંતોના ઘમંડો શ્વાસમાં લ્હેરી રહ્યાં.
નક્કર અહમ્‌નું ગૂમડું એ ફોડવું પડશે હવે.

ચારે તરફ ચાલી રહ્યું છે, અરણ્યરૂદન દોસ્ત હે ?
ત્યાં સ્વાર્થનું જાળું થયું તે તોડવું પડશે હવે

## ❑ પુનમચંદ્ર પરમાર

શરમના શેરડા મુખ પર લસરતા, લાજ શા કાજે ?
કુસુમ થૈ હર કળી ઘુંઘટ હટયા તો, રાજ શા કાજે ?

થવાનું જે હતું તે થૈ ગયું માતમ મનાવો છો,
વસંતે પાનખરની એ ઉદાસી આજ શા કાજે ?

ઘણી મુમતાજ રાખે બાદશાહત ખુદ જનાનામાં,
અરે ! તો એક આ મુમતાજ પાછળ તાજ શા કાજે ?

કહો છો શું, કહેવું જે નથી આભાસ ખોટો છે !
પછી આ ઈફ અને આ બટ ભર્યા અંદાજ શા કાજે.

ઘડીઓ આખરી ગણતા હતા અપશબ્દ વાણીમાં,
સમય વીતી ગયો પડદો પડયો નારાજ શા કાજે ?

ન વરસ્યો તું અરે ! વીત્યા હવે શ્રાવણ અને ભાદો,
મહા તોફાન લૈ આવ્યો હવે આ ગાજ શા કાજે ?

હજારો સાલ જૂની છે અમારી આ જ સંસ્કૃતિ,
ન સમતા જ્યાં ન માનવતા ભરી તો નાજ શા કાજે ?

ને ગણકાર્યો ન સહલાવ્યો સદા ફટકારતા મુજને,
હવે અંતે જનાજાને સજો આ સાજ શા કાજે ?

તપ કરી તન બાળવાનું આ દમન છે, શું થયું ?
કૂપ સુંદર જલ વગરનું ના ગહન છે શું થયું ?

પીંજરું સોને મઢેલું હોય છે આ જગ મહીં,
લાખ પંખી પાંખમાં ઊડયું ગગન છે, શું થયું ?

દાંત પણ એવાય છે જે શોભતા ગજરાજના,
ના પછી ખપ આવતાં જૂઠાં વચન છે, શું થયું ?

રંગરંગી પુષ્પ જો ખીલી રહ્યાં છે બાગમાં,
તુજ વગર સૂના નગરનું એ ચમન છે, શું થયું ?

જિંદગી સરભર કરી હું ના શકયો તારા વગર,
ભગ્ન દિલના તાર જેટલું કવન છે, શું થયું ?



## ❑ કીર્તિકાન્ત પુરોહિત

સાધુ પૂછે બોલ બચ્ચા રોય કાહે !
કેમ કહું કે મંજિલે લૂંટયો તરાહે
પૂંછડું પકડી તર્યો જેના સહારે
એ ગઝલ ડૂબી હતી ખુદ વાહવાહે
બાંગ, ઘંટારવ, હવાને ભેદકયાં છે
જો ધજાની છાયા પડતી ઇદગાહે
રોજ એની એ ધરી ને એ જ ચક્કર
ના કશું અંતર કપાયું ગોળ રાહે
આ હથેળી, હાથ મારા, શ્વાસ મારા
જીવવાનું તો ય પણ બીજાની ચાહે
આંસું લૂછ્યાં, પાંપણોના ભાર ઉચક્યા
કયાં કશું બદલ્યું છતાં જૂની નિગાહે
સડસડાટે દોટ મૂકે લોકટોળાં
‘કીર્તિ’ ને તરવું પડે અવળા પ્રવાહે

## ❑ ડૉ. હર્ષદેવ માધવ

ઉધારે જીવનારાઓ, ઉધારીને નથી ત્યજતા
કદીએ હાલ બદલે છે, કદીએ ચાલ બદલે છે
તને કોણે કહી દીધું ‘લગન’ની બાદ છે જલસા
રહે છે કેદ, દારોગા અને દીવાલ બદલે છે.
રખડતા રોમિયો શોધ્યા કરે રસ્તા ઉપર ‘જુલિયટ્’
એ ચંપલ ખાય છે તો યે કદી ના ગાલ બદલે છે.
પ્રથમ બાળક હતાં, ‘પામોરિયન’ ‘પપ્પી’ હવે ખોળે
કુમાતા હોય કે ના હોય, કેવું વ્હાલ બદલે છે,
જુઓ જૂહૂના દરિયા જેટલી આ ફિલ્મ લાગણીઓ
રડી ગ્લીસરિનનાં ટીપાંથી પછી રૂમાલ બદલે છે.
ભલે જાહેરખબરોમાં નવી ‘બ્યૂટી’ લઈ આવે
નવા ‘રેપર’ હશે પણ કયાં સડેલો માલ બદલે છે
નબીરાઓ તો મુન્નાભાઈની જેવો ‘સ્ટડી’ કરતા
ભલે નાપાસ હો, કોલેજ તો હરસાલ બદલે છે.
(અમૃત ‘ઘાયલ’ની ગઝલનું પ્રતિકાવ્ય)

## ❑ मिलिन्द गढवी 'रंगरेज़'

फ़ाकामस्ती मेरी है तेरा शुक्रिया, कर दिया है दिवानों में शामिल मुझे
वरना ये शहर के लोग धोखे में थे, क्यूं न जाने समजते थे क़ाबिल मुझे

जब कभी रास्तों में अंधेरे मिले, तेरी रहमत से टूटे नहीं हौंसले
हर सितारे ने की रहनुमाई मेरी, खुद हवा ले गइ राहे-मंज़िल मुझे

अपनी झोली में भी क़ाफी सामान है - थोडे आंसु भी है, थोडे अरमान है
देनेवाला बडा ही मेहरबान है कि बिना मांगे सबकुछ है हासिल मुझे

इक तरफ आशियां, इक तरफ बिजलियां, ये जलाया दिया, वो चली आंधियां
हर क़दम ज़िंदगी, हर क़दम इम्तिहां, ये अदा कर गइ तेरा काइल मुझे

मेरी तन्हाइयां बज़्म से कम नहीं, शाम रोशन नहीं तो कोइ ग़म नहीं
ज़र्रा-ज़र्रा यहां गुनगुनाये ग़ज़ल जब तबीअत कहे मीरे-महफ़िल मुझे

वो ही आग़ाज़ है, वो ही अंजाम है, उसकी जल्वागरी, उसका ही नाम है
वो ज़मीं-आस्मां, वो ही है दरमियां, एसा मालिक मिला है मुकम्मिल मुझे

जो भी करता हूं कहते हो एज़ाज है, जो भी कहता हूं कहते हो इल्हाम है
आदमी हूं, मैं कोइ फरिश्ता नहीं, पांव छूकर न कर डालो ग़ाफिल मुझे

## ❑ मेगी मेरज़ा 'नाचीज'

मकाँ रेत जैसा बनाते गये हम,
खयालों मे घर को सजाते गये हम

तमाफूल का उनके ये अंदाज कब था
सुने ना सुने वो बताते गये हम

है रिश्ता फकत जान पहचान का अब
एक चाह फिर क्युं जताते गये हम

न जाने वो बनके पतंगा ही आये
शमा की तरह दिल जलाते गये हम

करम एक था उस खयालो मे गूम है
सितम अनगिनत थे भुलाते गये हम

है गिर जाना तौहीने इश्को मुहब्बत
युं आंखोंमें आंसू सुखाते गये हम

उसीके जखम खाये चले है
असुवन की धारा बहाये चले है

नशा ये नही है गली उनकी होगी
अगर ये कदम डगमगाये चले है

वो नाराज़गी देखते ही कहाँ है ?
बड़ी बेरुखीसे सताये चले है

अदा उस से सीखी जमाने से शायद
मेरे दर्द ये मुस्कुराये चले है

महोब्बत बनी पैरहन जिस्म का जब
ढ़के सर को हम तो जुकाये चले है

में नाचीज़ बनके तुजे चाहती हुं
कभी जों गुर्मा था गवाये चले है



## ❑ डॉ. मक़सूद अहमद 'मक़सूद'

कोई भी मोल नहीं है यहाँ पसीने का
चलन है आम अब इन्साँ के खून पीने का

सरे हयात पे साया फ़ेग़न है मौत अभी
घुटा घुटा सा है अरमान दिल में जीने का

वो जिसने पार उतारा था एक ज़माने को
किसे ख़्याल है उस डूबते सफ़ीने का

हज़ारहा ग़मो आलाम झेलने पर भी
गराँ ही गुज़रे है दिल पर हेसार सीने का

ग़मों के ज़हर में तुन्दी बला की है 'मक़सूद'
ख़ुदा ही ख़ैर करे दिल के आबगीने का

ख़ुद अपने आप को पा लूँ, तो घर से निकलूँ मैं
ख़ुदा को दिल में बसा लूँ, तो घर से निकलूँ मैं

रवां है माँ के क़दम के तले जो नहरे नजात
कुछ और उसमें नहा लूँ, तो घर से निकलूँ मैं

शफीक़ बाप की यादों के ठन्डे साये में
तपिश ग़मों की मिटा लूँ, तो घर से निकलूँ मैं

न जाने कब से हैं कुछ लोग असीरे तन्हाई
कुछ उनसे रब्त बढ़ा लूँ, तो घर से निकलूँ मैं

जो मस्ते ख़ाब हैं बेदार हो के भी अब तक
नसीब उनके जगा लूँ, तो घर से निकलूँ मै

मेरे पलंग पे बेख़ाबियों का डेरा है
इस इब्तेला को निकालूं, तो घर से निकलूं मैं

पनाह गाहे बयाबाँ रहा है अब इसको
न शक्ले ख़ुल्द बनालूँ, तो घर से निकलूँ मैं

अभी कुछ और अन्धेरो तुम इन्तेजार करो
चेरागे नफ़्स जला लूँ, तो घस से निकलूँ मैं

हैं मेरी घात में 'मक़सूद' साज़िशें हर सू
दुआ को ढ़ाल बना लूँ, तो घर से निकलूँ मैं

## ❑ मुर्तुजा खान पठाण

क्या ख़बर, किसको खबर, कब और कहाँ ले जाएगा,
चल पडेंगे उस तरफ हम वो जहाँ ले जाएगा.

माहो अन्जुम दिनको अपने पास रख्खुं भी तो क्या
रात के आते ही ये सब आसमाँले जाएगा.

जानता हुँ उसकी फहमे बेकलामी की सिफत
बिन कहे भी मुझसे मेरी दास्ता ले जाएगा.

वो सखी इब्ने सखी है जब भी आए देखना
बाँट देगा सूद सबको और ज़ियाँ ले जाएगा.

चाहिए तिनके उसे अपने अलाओं के लिए
कौन जाने कब व किसका आशियां ले जाएगा.

फिर निखर जाओगा मन्ज़र देखते ही देखते
वो हवा बनकर उडेगा और धुवाँ ले जाएगा

फिक्र क्युं करता हे बस्ती की सफाई के लिए
जब हुमा आएगा सारे उस्तखाँ ले जाएगा.

कश्तियां देता हे तू और बादबाँ देता हे तू
पर हवाको हुकम चलने का कहाँ देता हे तू

जानता है उड न पाऐंगे ये मुर्गाने कफस
किस लिए फिर बालो पर को आसमाँ देता हे तू.

गूँज उठते हैं कफ़स और गुनगुनाती है फ़जा
जब असीरों को नविदे आशियाँ देता है तू.

इल्मो फनकी आंखमें आंसू उमळ आते है फिर
जब किसी के हाथमें तिरो कमाँ देता है तू.

बे बदन हो जाता है जब पास आता हूं तेरे
तुझको छूना चाहुं पर छूने कहाँ देता है तू.

कोई आए या न आए, दौड कर आता हुं मैं
जब कभी सेहरा में जाने जाँ अजाँ देता हे तु

अपनी यकताई बना रखने को यकताए हुनर
खल्को कैंदे जमाँ कैंदे मकाँ देता हे तू

## ❑ साहिल

अब हमें बाहर निकलना चाहिये
ना खिलौने से बहलना चाहिये

आसमां की बात बस की ना सही
अपने बस तक़ तो उछलना चाहिये

कितने चेहरे और बदलाओगे तुम
थोड़ी सीरत भी बदलना चाहिये

बासी फूलों को अगर महकाना है
हांसिये में भी मचलना चाहिये

फूसफूसाते हैं अंधेरे कान में.
कोई दीपक अब तो जलना चाहिये

सिर्फ सिजदे से नहीं मिलता खुदा
कुछ गुरु को भी पिघलना चाहिये

खेलते बच्चों ने शिख़लाया हमें
खुद गिरे तो खुद संभलना चाहिये

## ❑ जीगर जोषी प्रेम

उठाये थे कदम तो आप ही की और आने को,
मगर मायूस हो कर लौट आये फिर ज़माने को.

वही जलवे, वही कातिल निगाहे पाक दिल लेकर,
सनम बनठन के निकले हैं हमे फिर आज़माने को.

अभी बे-घर हुआ हूँ मैं, मुझे अफसोस भी हैं पर,
यही ताज़ा ख़बर हैं आज भी तुझको सुनाने को.

हमें यूँ तो नहीं हैं प्यास इस अंधेरे से लेकिन,
हमारे पास तो कुछ भी नहीं या-रब जलाने को.

हमी खोये नशे मे बात ईतनी सी नहीं यारो,
जरा बेचैन थे वो भी गले हमको लगाने को.

શ્રી જનક નાયકે કર્યું હતું.

- તા. ૩૧ જાન્યુઆરી ૨૦૦૯ના રોજ 'નર્મદ સાહિત્ય સભા'ના ઉપક્રમે ડૉ. દિલીપ મોદીના બે ગઝલ સંગ્રહ 'નગર તારા વગર' અને 'એક અલ્લડ છોકરી'નો લોકાર્પણ મુર્ધન્ય સર્જક શ્રી ભગવતીકુમાર શર્મા અને કવિશ્રી નયન હ. દેસાઇના હસ્તે કરવામાં આવ્યો. સમારંભના અધ્યક્ષસ્થાને કવિશ્રી ભગવતીકુમાર શર્મા હતા અને અતિથિ વિશેષપદે કવિ અને વિવેચક શ્રી હરીશ વટાવવાળા હતા. સંચાલન જનક નાયક કર્યું હતું અને આભાર વિધિ બકુલેશ દેસાઈએ કરી હતી.

- પ્રેમાનંદ સાહિત્ય સભા, વડોદરાના ઉપક્રમે જાણીતા સાહિત્યકાર ડૉ. સિતાંશુ યશશ્ચંદ્રના અધ્યપદે કવિ-વિવેચક ડૉ. ધીરુભાઇપરીખને 'પ્રેમાનંદ સુવર્ણચંદ્રક' અર્પણ કરવાનો સમારંભ યોજાયો હતો.

- શાયર સંમેલન - વડોદરાના ઉપક્રમે કવિશ્રી પ્રતાપસિંહ ડાભીના સંચાલન હેઠળ સર્વશ્રી હિરાલાલ 'ચિરાગ મહેશ બ્રહ્મભટ્ટ, અને દીપક નાયકવાડે 'દીયા' સહિત અન્ય કવિઓએ પોતાની ગઝલો રજૂ કરી હતી. આભાર વિધિ મહેશ બ્રહ્મભટ્ટે કરી હતી.

- ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિવસ પર્વ નિમિત્તે ખેડા જિલ્લા પંચાયત ને શ્યામ સંસ્કાર કેન્દ્ર-નડિયાદ દ્વારા રાજ્યકક્ષાના સર્વ પ્રથમ એલાન-એ-જંગ આંતકવાદ હટાવોના અનોખા કાર્યક્રમનું આયોજન નડિયાદ ટાઉનહોલમાં થયું. આ પ્રસંગે જિલ્લાધ્યક્ષ શ્રી મહોમ્મદ શાહીદ, મામલતદાર શ્રી ચાવડા, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી રાકેશ રાવ તથા અતિથિ વિશેષ પદે સાહિત્ય શ્રી નિધિ નરેન્દ્ર દવે અને હરીશ વટાવવાળા હાજર રહ્યા હતા. આ પ્રસંગે ચંદ્રા શ્રીમાળી (ગાંધીનગર), મંજિલ નાણાંવટી (અમદાવાદ), મીનાક્ષી ચંદારાણા (વડોદરા), રઝિયા મિર્ઝા (પેટલાદ) લક્ષ્મી પટેલ (વિસનગર), ગિરા ભટ્ટ (ગાંધીનગર) અને કવિઓમાં હરીશ વટાવવાળા, ડૉ. વિરંચિ ત્રિવેદી, અશ્વિન ચંદારાણા (વડોદરા) કલ્યાણવૈષ્ણવ (ગાંધીનગર) અને સ્થાનિક કવિઓમાં ડૉ. ચંપક મોદી, શ્રી રાકેશરાવ, હરીશ ઠાકર, હરેશ પારેખ વગેરે એ પોતાની રચનાઓ રજૂ કરી. સંચાલન હરીશ ઠાકર અને હરીશ વટાવવાળાએ કર્યું હતુ.

- તા. ૨૨ અને ૨૩ ફેબ્રુઆરીના રોજ કમળાશંકર પંડયા ફાઉન્ડેશન (વડોદરા) અને હિન્દી સાહિત્ય અકાદમી (ગાંધીનગર)ના સંયુક્ત ઉપક્રમે 'સમકાલીન હિન્દી નવલકથા : રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો. અકાદમી વિશે મહામાત્ર શ્રી કિરીટ દુધાત અને ફાઉન્ડેશન વિશે મંત્રીશ્રી સતીશ ડણાકે પરિચય કરાવ્યો. ભૂમિકારૂપ વકતવ્ય ડૉ. શિવકુમાર મિશ્રએ અને ડૉ. ભરત મહેતાએ આપ્યું. અતિથિ વિશેષ પદે 'સુરવાણી' સંસ્થાના પ્રમુખ શ્રી રાઘવજી રૈયાણી હાજર રહ્યા હતા.



## સાહિત્ય વૃત્ત

- હરીશ વટાવવાળા

# 'શહીદે ગઝલ' ના 'શૂન્ય પાલપુરી વિશેષાંક'નું મુંબઈના તેજપાલ ઑડિટોરિયમમાં ડૉ. એસ.એસ. રાહીના હસ્તે થયેલું વિમોચન



શહીદે ગઝલના 'શૂન્ય પાલનપુરી વિશેષાંક'નું વિમોચન કરી રહેલા ડૉ. એસ. એસ. રાહી તેમની સાથે ડાબેથી સર્વશ્રી શૂન્ય પાલનપુરીના સુપુત્ર તસ્નીમ બલોચ, શૈલ પાલનપુરી મંજરી પરીખ, દિલીપ પરીખ, કાર્યક્રમના અધ્યક્ષ ભગવતી કુમાર શર્મા, ડૉ. એસ. એસ. રાહી, પાલનપુરના નવાબ ઇકબાલ મહંમદ ખાનજી, શહીદે ગઝલના સંપાદક શકીલ કાદરી, હરીશ વટાવવાળા અને શૂન્ય પાલનપુરી એવૉર્ડ મેળવનાર ગુલામ અબ્બાસ 'નાશાદ' તસ્વીરમાં દશ્યમાન થાય છે.

ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય સર્જક કવિશ્રી ભગવતીકુમાર શર્માના અધ્યક્ષપદે તા. ૩૦મી જાન્યુઆરીના રોજ મુંબઈના તેજપાલ ઑડિટોરિયમમાં સાંજે ૭.૩૦ કલાકે 'શહીદે ગઝલ'ના 'શૂન્ય પાલનપુરી વિશેષાંક'નો લોકાર્પણ વિધિ ગઝલવિવેચક શ્રી એસ. એસ. રાહીના હસ્તે યોજવામાં આવ્યો હતો. દિલીપ પરીખ-મંજરી પરીખ અને 'શહીદે ગઝલ' દ્વારા યોજવામાં આવેલા આ કાર્યક્રમમાં મુંબઈની ગઝલ ગાયિકા ધનાશ્રી પંડિત રાયે શૂન્ય સાહેબની ગઝલોને કંઠ આપ્યો હતો. જ્યારે શૂન્ય સાહેબની ગઝલોનું શૈલ પાલનપુરીએ પઠન કર્યું હતું.

શૂન્ય સાહેબે મેટ્રિક કર્યા બાદ જેમને ત્યાં ફરજ બજાવી હતી એવા પાલનપુરના નવાબ શ્રી ઇકબાલ મહંમદ ખાનજીના અતિથિ વિશેષ પદે યોજાયેલા આ કાર્યક્રમમાં 'શહીદે ગઝલ' દ્વારા શૂન્ય સાહેબનું મરણોત્તર સન્માન કરી તેમના દીકરા તસ્નીમ અલીખાન બલોચને રૂ. ૨૫૦૦૦નો સન્માન પુરસ્કાર શ્રી શૈલ પાલનપુરીના હસ્તે એનાયત કરાયો હતો હરીશ વટાવવાળા એ કરેલા સન્માનપત્રના વાંચન પછી એ સન્માનપત્ર શ્રી ભગવતીકુમારના હાથે

તસ્લીમ અલીખાન બલોચને એનાયત કરાયું હતું. 'શહીદે ગઝલ' શૂન્ય પાલનપુરી વિશેષાંકનો લોકાર્પણ વિધિ કરતાં ડૉ. એસ.એસ. રાહીએ આ અંકમાં શૂન્ય સાહેબની સમગ્ર ગઝલમાંથી નિષ્પન્ન થતું ભાવવિશ્વ, ભાષાકર્મ, પ્રતીક-કલ્પન, પુરાકલ્પન, અલંકાર સમૃદ્ધિ, વેદાંત ને તત્વજ્ઞાન, પ્રણયરંગ, કહેવતો અને મુહાવરાઓ, મુક્તકો અને નઝમો અને છંદોવૈવિધ્ય વિશે જે આલેખન થયું છે તેની પ્રશંશા કરી હતી.

'શૂન્ય પાલનપુરી : જન્મ થી મૃત્યુ સુધી' લેખમાં ઊંડી તપાસ કરી શ્રી શકીલ કાદરીએ શૂન્ય પાલનપુરીના જન્મથી મૃત્યુ સુધીના તારવેલાં તથ્યો અને નિષ્કર્ષો સચોટ હોવાનું તેમણે જણાવ્યું હતું. શૂન્ય સાહેબ વિશે પીએચ.ડી. કરવા ઈચ્છનારાઓ માટે આ અંક ઘણો ઉપયોગી થઈ પડશે એમ તેમણે જણાવ્યું હતું.

કાર્યક્રમના અધ્યક્ષ શ્રી ભગવતીકુમાર શર્માએ જણાવ્યું હતું કે શ્રી શકીલ કાદરીએ પોતાના લેખમાં શૂન્ય સાહેબના જીવનના જે પ્રથમ ગુજરાતી મુશાયરાની વાત કરી છે તે મુશાયરામાં હું શ્રોતા તરીકે હાજર હતો. એ મુશાયરો સુરતમાં યોજાયો હતો અને તે વખતે મારી વય ૧૩ વર્ષની હતી. તેમણે શ્રી શકીલ કાદરી જે રીતે 'શહીદે ગઝલ'નું પ્રકાશન કરી રહ્યા છે એ પ્રતિબદ્ધતાની પ્રશંસા કરતાં વધુમાં વધુ લોકો લવાજમ ભરી મદદરૂપ થાય એમ જણાવ્યું હતું.

શહીદે ગઝલના સંપાદક શ્રી શકીલ કાદરીએ શહીદે-ગઝલની યાત્રાનાં સ્થિત્યંતરો વિશે અને ગુજરાતી ગઝલના બદલાતા પ્રવાહ અને પ્રયોગ વિશે વિગતે ચર્ચા કરી, એમ જણાવ્યું કે 'શહીદે ગઝલ' સામયિક ગઝલની સાચી વિભાવનાને વરેલું ત્રૈમાસિક છે એને વાચકો અને ભાવકો તરફથી અપ્રતિમ અને જબરદસ્ત આવકાર મળી રહ્યો છે. તેનું કારણ છે, તેમાં પ્રકટ થતા ગઝલ વિશેના લેખો અને ગઝલના સંનિષ્ઠ ગઝલકારોની પ્રકટ થતી ગઝલો છે. 'શહીદે ગઝલ' દ્વારા વિશેષાંકો આપવાની અને દરેક અંકનો લોકાર્પણ વિધિ એ એની આગવી પરંપરા અને પ્રથા છે. કોઈપણ સર્જક વિશે વિશેષાંક કરવામાં આવે છે ત્યારે સર્જકના સર્જકત્વનાં અને વ્યક્તિત્વના દરેક પાસા વિશે વિદ્વાન વિવેચકો, ગઝલસર્જકો અને ગઝલ મર્મજ્ઞો પાસેથી ખાસ લેખો લખાવવામાં આવે છે અને તે માટે સર્જકોનો પણ અપ્રતિમ સાથ અને સહકાર મળતો રહ્યો છે. શહીદે ગઝલને દરેક સ્થળના સુજ્ઞ વાચકો, ભાવકો, ગઝલકારો, ગઝલ વિવેચકો અને ગઝલ મર્મજ્ઞો તરફથી જે આવકાર મળી રહ્યો છે તે તેની પ્રીતિનો પણ નિર્દેશ કરે છે. તેમણે દિલીપ પરીખ, મંજરી પરીખ અને શૈલ પાલનપુરી (શૈલેષ કોઠારી)નો આભાર વ્યકત કર્યો હતો.

આ પ્રસંગે પાલનપુરના નવાબશ્રી ઇકબાલ મહંમદ ખાનજી અને શ્રી દિલીપ પરીખે 'શૂન્ય' સાહેબ સાથે વિતેલી ક્ષણોનાં સંવેદનોની સ્મૃતિને પ્રકટ કરી આખું વાતાવરણ 'શૂન્ય'મય કરી દીધું હતું અને 'શૈલ' પાલનપુરી એ 'શૂન્ય' સાહેબની ગઝલોને રજૂ કરી વાતાવરણને જીવંત બનાવી દીધું હતું. ધનાશ્રી રાય પંડિતે 'શૂન્ય' સાહેબની ગઝલોને તેમના કોકિલ કંઠે રજૂ કરી વાતાવરણને સંગીતમય અને લયબદ્ધ કરી દીધું હતું. શ્રોતાઓ પણ



તેમની ગઝલગાયકીથી રસતરબોળ થઈ ઝૂમી ઊઠયા હતા.

આ પ્રસંગ વિશેષ ધ્યાનાર્હ એ રીતે બન્યો હતો કે શ્રી શૈલપાલનપુરી (શૈલેશ હિંમતલાલ કોઠારી)ના સ્વ. પૂત્ર અનીશ કોઠારીના સ્મરણાર્થે તેમના મિત્ર મનીષ (જવાહર) વસંતભાઈ મહેતા (મૂળ વડાલીવાળા હાલ મુંબઈ) તરફથી દર વર્ષે ગઝલ સર્જક અને ગઝલ વિવેચન ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરનારને શૂન્ય પાલનપુરી એવૉર્ડ આપવાનું નક્કી થયું હતું અને ૨૦૦૮ના વર્ષનો એ એવોર્ડ શ્રી ગુલામ અબ્બાસ 'નાશાદ'ને આપવાની સંપાદક શકીલ કાદરીએ જાહેરાત કરી હતી. શ્રોતાઓએ આ જાહેરાતને તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી. કાર્યક્રમનું સંચાલન પાલનપુરના જ ગઝલકાર શ્રી મુસાફિર પાલનપુરી એ કર્યું હતું જ્યારે આભારવિધિ શ્રી શૈલ પાલનપુરીએ કરી હતી.

- 'ગુજરાતી સુગમ સંગીત ફાઉન્ડેશન'ના આઠમા વર્ષમાં પ્રવેશ નિમિત્તે યોજાયેલા સુગમ સંગીત સમારોહમાં જાણીતા સંગીતજ્ઞ ડૉ. આર.સી. મહેતાના હસ્તે સંગીતકાર શ્રી જયદેવ ભોજકનું સન્માન કરવામાં આવ્યું હતું. અને શ્રી ભોજક લિખિત ગ્રંથ 'ગુજરાતમાં સુગમ સંગીતની ઉત્ક્રાંતિ' અને 'ગની ની મહેક' ગ્રંથની લોકાર્પણ વિધિ થઈ હતી તે ઉપરાંત જાણીતા ગઝલકાર સ્વ. 'ગની' દહીંવાળાની જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે કવિનાં ગીતો અને ગઝલોની સંગીતમય રજૂઆત થઈ હતી. અંતે શ્રી રમેશ પટેલ 'પ્રેમોર્મિ'એ સર્વનો આભાર માન્યો હતો.

- ગુજરાતી સાહિત્યમાં નવ્ય વિવેચન અને નવ્યવાર્તાની આબોહવાના પ્રચારક તથા 'સુરેશ જોશી સાહિત્ય વિચાર ફોરમ'ના સંયોજક શ્રી સુમન શાહને તેમના ત્રીજા વાર્તાસંગ્રહ 'ફટફટિયું' માટે સાહિત્ય અકાદમી-દિલ્હીનો પુરસ્કાર પ્રાપ્ત થયો છે.

- ભગવતી કુમાર શર્મા અને નાનુભાઇ નાયકનું 'પીપલ્સ નેશનલ ઍવૉર્ડ'થી સન્માન થયું. એસોસિએશનના પ્રમુખ શ્રી સુદર્શનકુમાર ગૌરના હસ્તે આ સન્માન શહેરના પ્રબુદ્ધ નાગરિકોની હાજરીમાં કરાયું હતું. તેમણે જણાવ્યું કે ગુજરાત અને ગુજરાતી ભાષા જેમના કાર્યમાટે ગૌરવ લઈ શકે તેવા કવિ-લેખક-પત્રકાર ભગવતીકુમાર શર્મા અને જાણીતા લેખક પ્રકાશક નાનુભાઇ નાયકનું સન્માન કરવાથી ખરેખર તો તેમનાથી એસોસિએશન સન્માનીત થયું છે.

- તા. ૨૯ જાન્યુઆરી ૨૦૦૯ના રોજ સૂરત ખાતે નર્મદ સાહિત્ય સભાના ઉપક્રમે નાનુભાઇ નાયક હોલમાં કવિ અને વિવેચક શ્રી હરીશ વટાવવાળાએ 'સર્જક અને ભાવક' વિષય પર વકતવ્ય આપતાં જણાવ્યું કે, 'દરેક સર્જકે પોતાનો વાચક વર્ગ તૈયાર કરવો જોઈએ. જો સર્જકની કૃતિ શ્રેષ્ઠ હોય તો એ સ્વયંભૂ ભાવક સુધી પહોંચી જાય છે. એ માટે વિવેચકની જરૂર રહેતી નથી.' પ્રમુખ સ્થાનેથી ડૉ. રમેશ ઓઝાએ જણાવ્યું કે 'પ્રત્યેક સર્જકનું મનોજગત વિવિધ રીતે કૃતિમાં આલેખાતું હોય છે. વકતાનો પરિચય ગઝલસર્જક બકુલેશ દેસાઇએ આપ્યો હતો અને કાર્યક્રમનું સંચાલન



૧૧મી જૂન ૧૯૮૩ના રોજ આસિમ સાહેબના પ્રયાસોથી ઉજવાયેલી ગુજરાતી મુશાયરાની સુવર્ણ જયંતિ પ્રસંગની તસ્વીરમાં શ્રી માધવસિંહ સોલંકીનું હાર પહેરાવી અભિવાદન કરતાં આસિમ સાહેબ.



ગુજરાતી મુશાયરા પ્રવૃત્તિની સુવર્ણ જયંતિ પ્રસંગે ગઝલકારોની ગઝલોનું રસપાન કરી રહેલા શ્રી અમૃત ઘાયલ, માધવસિંહ સોલંકી, આસિમ રાંદેરી અને અમર પાલનપુરી.



# શહીદે ગઝલના સંરક્ષક - સતીશ ડણાક



છેલ્લા થોડાક માસથી શરૂ કરવામાં આવેલી 'શહીદે ગઝલ'ના 'સંરક્ષક'ની યોજનામાં સાહિત્ય સાથે નિસ્બત અને સાહિત્ય રુચિ ધરાવતા સર્જકોનો સાથ સતત સાંપડી રહ્યો છે. 'શહીદે ગઝલ'ને પગભર અને સક્ષમ બનાવવાના ઉદ્દેશથી શરૂ કરવામાં આવેલી આ યોજનામાં રૂપિયા ૫૦૦૦/- અર્પણ કરીને જાણીતા કવિ, વિવેચક, સંપાદક અને નિબંધ સર્જક શ્રી સતીશ ડણાક પણ જોડાયા છે.

ભાઈશ્રી સતીશ ડણાક (જન્મ : ૨૬-૧૧-૧૯૪૧)નું પ્રાથમિક શિક્ષણ નવસારી, પેટલાદ અને સંખેડામાં, માધ્યમિક શિક્ષણ 'ધી ન્યુ ઈંગ્લીશ હાઈસ્કૂલ-ડભોઈમાં અને ઉચ્ચ શિક્ષણ ફેકલ્ટી ઑફ આર્ટસ્ મ.સ. યુનિ. વડોદરામાં તેઓશ્રીએ બી.એ. (ઑનર્સ) મુખ્ય વિષય ગુજરાતી સાહિત્ય સાથે પાસ કરી 'ધી એમ. ડી. પટેલ હાઈસ્કૂલ, (સાંઢાસાલ, જિ. વડોદરા)માં શિક્ષક તરીકે ૧૯૬૩ થી ૧૯૬૪ સુધી. એમ.એ. (૧૯૬૫) ગુજરાતી વિષય સાથે ૧૯૬૫ થી ૧૯૭૪ સુધી 'શ્રી ભારતી વિદ્યાલય' બરાનપુરા, વડોદરામાં મદદનીશ શિક્ષક તરીકે જોડાયા. ૧૯૭૪ થી ૧૯૮૩ સુધી 'નગરપાલિકા મહિલા આર્ટસ્ કૉલેજ - ઉમરેઠ (જિ. આણંદ)માં ગુજરાતીના વ્યાખ્યાતા અને આચાર્ય તરીકે ફરજ બજાવી. ૧૯૮૩ થી ૨૦૦૧ દરમિયાન આર્ટસ્, સાયન્સ એન્ડ આર્ટસ્ કૉલેજ : કામરેજ ચાર રસ્તા સૂરતમાં અધ્યાપન કાર્ય કર્યું. સન ૨૦૦૧માં તેમણે સ્વૈચ્છિક નિવૃત્તિ લઈને ગુજરાતી સાહિત્યને સંપૂર્ણ સમર્પિત થઈ ગયા. વચ્ચે વચ્ચે પોસ્ટ ગ્રેજ્યુએટ વર્ગોમાં ૧૯૮૩ થી ૨૦૦૧ દરમિયાન 'એસ. બી. ગાડા કોલેજ - નવસારી' અને 'આર્ટસ્, સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ' : કામરેજ ચાર રસ્તા - સુરતમાં અધ્યાપન કાર્ય કર્યું.

ગુજરાતી સાહિત્યને સંપૂર્ણ સમર્પિત આ સર્જકે અમેરિકા, ઈંગ્લેન્ડ અને કેનેડાના વારંવાર સાહિત્યિક પ્રયોજન હેઠળ પ્રવાસો કર્યા છે. તેઓ અમેરિકન ગ્રીન કાર્ડ હૉલ્ડર પણ છે.

'અભિવ્યક્તિ' (૧૯૬૭ થી ૧૯૭૮) અને 'જલારામ દીપ' (૧૯૮૩ થી આજ પર્યંત) સામયિકના તેઓ તંત્રી છે. ૧૯૫૭ થી એટલે કે માત્ર ૧૬ વર્ષની વયથી તેમની સાહિત્ય લેખન પ્રવૃત્તિ શરૂ થઈ. પરિણામ સ્વરૂપ ૧૯૬૮માં તેમનો પહેલો (પ્રતીકવાદી દીર્ઘ કાવ્યની માઈક્રોબુક) કાવ્યસંગ્રહ 'લાંબી સડક ટૂંકી સડક' પ્રકટ

થયો. તેમની સર્જનયાત્ર દરમિયાન છ કાવ્યસંગ્રહો, ત્રણ નિબંધ સંગ્રહો, બે વિવેચન ગ્રંથો, અને દસ સંપાદન ગ્રંથો એમ એકવીસ ગ્રંથો પ્રકટ થયેલ છે.

સાહિત્યક સંસ્થાઓ 'અક્ષરા-વડોદરા' અને 'કાવ્યગોષ્ઠિ-અમદાવાદ'ના તેઓ સ્થાપક સભ્ય અને આજીવન ટ્રસ્ટી છે. આ સંસ્થાઓમાં તેઓ ઉપ-પ્રમુખ અને મંત્રી જેવા મહત્ત્વના સ્થાને રહી ચૂકયા છે. હાલમાં તેઓ વડોદરાની 'પ્રેમાનંદ સાહિત્ય સભા'ના ટ્રસ્ટી , સાહિત્ય અને કલા સંસ્તા 'શબ્દસેતુ'ના પરામર્શક, 'કવિ-મિલન' સંસ્થાના પૂર્વ મંત્રી રહી ચૂકયા છે.

તેમની સાહિત્યિક પ્રવૃત્તિની નોંધ વિશ્વના વિવિધ 'હુઝહુ' ગ્રંથોમાં, અને અમેરિકન બાયોગ્રાફિકલ ઈન્સ્ટિટ્યૂટ : યુ. એસ. એ. તરફથી 'મેન ઓફ એચીવમેન્ટ એવૉર્ડ' અને એ સંસ્થાના હાલમાં તેઓ એડવાઈઝરી કમિટીના સભ્ય છે.

મોનો-ઈમેજ કાવ્યસંગ્રહ 'માછલીની આંખમાં આકાશ' ને સન્ ૨૦૦૫ના શ્રેષ્ઠ કાવ્યસંગ્રહનો નડિયાદ સ્થિત 'હ્યુમન સોસાયટી ઓફ ઈન્ડિયા' દ્વારા 'કવિ શ્રી ઉમાશંકર જોશી એવોર્ડ' પ્રાપ્ત થયો છે. ભારતીય ભાષાઓ પૈકી ગુજરાતી ભાષામાં નોંધપાત્ર પ્રદાન કરવા બદલ 'ફ્રેન્ડશીપ ફોરમ ઈન્ડિયા, નવી દિલ્હી તરફથી સન્ ૨૦૦૮નો 'ભારત જ્યોતિ એકસેલન્સી એવોર્ડ' અને 'ગોલ્ડ મેડલ' પ્રાપ્ત થયેલ છે. ભારતીય જ્ઞાનપીઠ પારિતોષિક વિજેતા વાર્તાકારોની વાર્તાઓના સંપાદન ગ્રંથ 'પારિજાતનાં ફૂલ'ની 'વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના એમ.એ. (ગુજરાતી) માટે પાઠય પુસ્તક તરીકે પસંદગી થઈ છે. શ્રી સતીશ ડણાકે સંપાદિત કરેલા ચાર વાર્તાસંગ્રહોના આધારે 'સંપાદક શ્રી સતીશ ડણાક' ના શીર્ષક હેઠળ હળવદના શ્રી દિનેશ પરમારે રજૂ કરેલ લઘુ શોધ પ્રબંધને 'સૌરાષ્ટ્ર યુનિવર્સિટી - રાજકોટ' દ્વારા ૨૦૦૭માં એમ. ફીલ ની પદવી પ્રાપ્ત કરેલ છે.

સાહિત્યિક પ્રવૃત્તિના એક ભાગ તરીકે તેમણે સાહિત્ય પરિસંવાદોમાં અને યુનિવર્સિટીઓમાં વ્યાખ્યાનો પણ આપ્યાં છે. તેમાં તેમની વિદ્વતા અને વિષય પ્રત્યેની પ્રતિબદ્ધતાના દર્શન થાય છે.

તેમના વિવેચન લેખો, નિબંધો, અને કવિતામાં પ્રયોગલક્ષી દષ્ટિ અને સંપાદનમાં દરેક પરિમાણે કાળજી જોવાય છે. એ દષ્ટિને કારણે સાહિત્યક્ષેત્રે તેમણે નોંધનીય કાર્ય કર્યું છે. આવા દીર્ઘદષ્ટા સાહિત્ય સર્જક શ્રી સતીશ ડણાકે 'શહીંદે ગઝલ' સામયકિને પોતાનું ગણીને સંરક્ષક થયા છે. તે માટે 'શહીંદે ગઝલ' પરિવાર આભારની લાગણી વ્યકત કરે છે અને તેમને આવકાર આપે છે.





મુંબઈના તેજપાલ ઑડિટોરિયમ ખાતે 'શહીંદે ગઝલ'ના શૂન્ય પાલનપુરી વિશેષાંકના વિમોચન પ્રસંગની તસ્વીરમાં તસ્નીમખાન બલોચ, શૈલ પાલનપુરી, મંજરી પરીખ, દિલીપ પરીખ, ભગવતીકુમાર શર્મા, ડૉ. એસ.એસ.રાહી,નવાબ સાહેબ પાલનપુર, શકીલ કાદરી, હરીશ વટાવવાળા અને ગુલામ અબ્બાસ 'નાશાદ' જણાય છે.



રાંદેરમાં યોજાયેલા એક ઉર્દૂ મુશાયરામાં આવેલા ભારતના નામાંકિત ઉર્દૂ શાયરો. બેઠેલાઓમાં ડાબેથી નઝર સિંહોરી, શકીલ બદાયુની, સરતાજ રહેમાની, જ્યારે ઉભેલાઓમાં ડાબેથી સબા અફઘાની, આસિમ રાંદેરી, હૈદર દહેલ્વી, હમીદ રાંદેરી અને કાતિબ દહેલ્વી દેખાય છે.